ભારતની મધ્યસ્થી તાલીમ માર્ગદર્શિકા

મધ્યસ્થી અને સમાધાન પરિયોજના સમિતિ
ભારતની સર્વોચ્ચ અદાલત, દિલ્હી

ભારતની
મધ્યસ્થી તાલીમ
માર્ગદર્શિકા

મધ્યસ્થી અને સમાધાન પરિયોજના સમિતિ
ભારતની સર્વોચ્ચ અદાલત, દિલ્હી

અનુવાદકો

ઋત્વિક કિરીટભાઇ ટાંક

ફૈઝ ઈકબાલ છેલ

હાર્દિક દિલીપકુમાર રાવલ

અનુવાદ વિભાગ,

ગુજરાત ઉચ્ચ ન્યાયાલય

અનુક્રમણિકા

પ્રસ્તાવના	**i-iii**
ઋણસ્વીકાર	**iv-v**
પ્રકરણ-૧ પરિચય	**૧-૧૧**
પ્રકરણ-૨ સંઘર્ષની સમજણ	**૧૨-૧૮**
પ્રકરણ-૩ મધ્યસ્થીની વિભાવના	**૧૯-૨૩**
પ્રકરણ-૪ ન્યાયિક પ્રક્રિયા અને વિવિધ એ.ડી.આર. પ્રક્રિયાઓ વચ્ચે તુલના	**૨૪-૨૯**
પ્રકરણ-૫ મધ્યસ્થીની પ્રક્રિયા	**૩૦**
પ્રકરણ-૬ મધ્યસ્થીના તબક્કાઓ	**૩૧-૪૩**
પ્રકરણ-૭ મધ્યસ્થની ભૂમિકા	**૪૪-૫૧**
પ્રકરણ-૮ મધ્યસ્થની તાલીમ	**૫૨-૫૩**

પ્રકરણ-૯ મધ્યસ્થીમાં સંચાર	**૫૪-૬૪**
પ્રકરણ-૧૦ મધ્યસ્થીમાં વાટાઘાટો અને સોદાબાજી	**૬૫-૭૬**
પ્રકરણ-૧૧ મડાગાંઠ	**૭૭-૭૯**
પ્રકરણ-૧૨ રેફરલ ન્યાયાધીશોની ભૂમિકા	**૮૦-૮૪**
પ્રકરણ-૧૩ મધ્યસ્થીમાં વકીલોની ભૂમિકા	**૮૫-૮૭**
પ્રકરણ-૧૪ મધ્યસ્થીમાં પક્ષકારોની ભૂમિકા	**૮૮**

સ્વતંત્ર કુમાર
ન્યાયાધીશ, ભારતની સર્વોચ્ચ અદાલત

પ્રસ્તાવના

વિવાદોનું સૌહાર્દપૂર્ણ રીતે સમાધાન એ સભ્યતાની ઓળખ છે. ભારતમાં પ્રાચીન સમયથી, મધ્યસ્થી વ્યવસ્થા એક અથવા બીજા સ્વરૂપે પ્રચલિત રહી છે. તે આપણા ગામડાઓમાં આજે પણ પ્રવર્તે છે અને આપણા આદિવાસી વિસ્તારોમાં તેના રૂઢિગત સ્વરૂપે સચવાયેલી પણ છે. જ્યાં સુધી ઔપચારિક મુકદ્દમા પ્રણાલીની વાત છે, વૈકલ્પિક તકરાર નિવારણની અન્ય પદ્ધતિઓ સાથે મધ્યસ્થીને દીવાની કાર્યરીતિ સંહિતા (સુધારણા) અધિનિયમ, ૧૯૯૯ દ્વારા વૈધાનિક માન્યતા આપવામાં આવી છે, જે દ્વારા તેમાં કલમ ૮૯ ઉમેરવામાં આવી હતી.

મધ્યસ્થીના ધોરણો હેઠળ આવરી લેવાયેલી અનન્ય વિશેષતાઓની વિશાળ શ્રેણીને અલગથી સમજીને મધ્યસ્થીમાં આત્મસાત થયેલા અપાર મૂલ્યનો વિચાર કરી શકાય છે. આ વિશેષતાઓમાં વિચ્છેદ, અનુકૂળતા, પક્ષકારોની સહભાગિતા, સર્વસંમતિ, સ્વચિંતન, વર્તમાન સંબંધોની જાળવણી અને/અથવા સંબંધોનો શાંતિપૂર્ણ અંત વગેરેનો સમાવેશ થાય છે. તે લાંબા ગાળે પરસ્પર શાંતિપૂર્ણ અને ફળદાયી વાતચીતને પ્રોત્સાહન આપે છે, જેના લીધે સમાજમાં સંઘર્ષના કારણો પર રોક લાગે છે. મધ્યસ્થી જેવી પ્રક્રિયાઓના ફાયદાઓ એ હકીકતથી વધુ સબળ બને છે કે મહાત્મા ગાંધી, અબ્રાહમ લિંકન અને નાની પાલખીવાલા જેવા કાયદા સાથે જોડાયેલા પ્રતિષ્ઠિત વ્યક્તિઓએ સંઘર્ષથી અલગ થયેલા પક્ષકારોને એક કરીને અને દાવાઓની ન્યાયનિર્ણય પ્રક્રિયાઓમાં ન પડીને સતત અદાલતની બહાર કેસોનું નિવારણ લાવીને આનંદ અને ગર્વ અનુભવ્યો છે. ગૌતમ બુદ્ધના શબ્દોમાં, "એક હજાર ભાવહીન શબ્દો કરતાં એ એક શબ્દ ચડિયાતો છે જે શાંતિ પમાડે છે", જે સુપ્રસિદ્ધ સંસ્કૃત પદ *"સંતોષમ પરમં સુખમ"*માં પણ પ્રતિબિંબિત થાય છે. મધ્યસ્થી એ 'શાંતિ' પ્રાપ્ત કરવાની રીતોમાંની એક છે.

કોઈ પણ વસ્તુની કાર્યક્ષમતાનું મૂલ્યાંકન, તે શું છે અને તેની ઉપયોગિતા કેટલી છે તેની સભાન ધારણા છે. જોકે, તકરાર નિવારણ પ્રક્રિયા તરીકે મધ્યસ્થી આપણા રાષ્ટ્ર માટે નવી નથી, બદલાયેલા સામાજિક પરિદૃશ્યમાં નવી પરિસ્થિતિઓ મુજબ પરંપરાગત પદ્ધતિનું અસરકારક અનુકૂલન સાધવા

માટે આ સુધારણા પ્રક્રિયામાં તેની શરૂઆતથી અંત સુધી પ્રામાણિકપણે એક અસરકારક પ્રથામાં મૂકવા માટે અવિરત પ્રયાસો અને નિષ્ઠાની જરૂર છે.

ભારતની સર્વોચ્ચ અદાલતની મધ્યસ્થી અને સમાધાન પરિયોજના સમિતિએ દેશના વિવિધ ભાગોમાં આયોજિત વિવિધ પ્રાદેશિક અધિવેશનો દ્વારા તકરાર નિવારણની એ.ડી.આર. પદ્ધતિઓના ફાયદા અને/અથવા અનુરૂપતાના સંદર્ભમાં સમયાંતરે ચર્ચાનો વિષય રહેલા વિવિધ પાસાઓને એક સાથે જોડવાનો પ્રયાસ કર્યો છે. ગુવાહાટી, લખનૌ, જમ્મુ, બેંગ્લોર અને મુંબઈમાં અધિવેશનો સફળતાપૂર્વક યોજવામાં આવ્યા છે. આ અધિવેશનોમાં પરંપરાગત અદાલત પ્રણાલીમાં મધ્યસ્થીના સમન્વય માટેની વ્યૂહરચનાઓ પર વિચાર-વિમર્શ કરવામાં આવ્યો છે. પ્રાદેશિક અધિવેશનોમાં યોજાયેલી આ સંશોધનરૂપી અને પ્રેરણાદાયી ચર્ચાઓ જ મધ્યસ્થી પરના આ રાષ્ટ્રીય અધિવેશનમાં ફળદાયી બની છે.

સમિતિ સમક્ષ સૌપ્રથમ અને અગત્યનું કાર્ય મધ્યસ્થોને તાલીમ આપવાનું હતું. મધ્યસ્થોને વિવાદોની મધ્યસ્થીનું કાર્ય સોંપવા માટે સમિતિએ ૪૦-કલાકની મધ્યસ્થી તાલીમ અને ૧૦ વાસ્તવિક મધ્યસ્થી પ્રક્રિયાઓને જરૂરી લાયકાત તરીકે નક્કી કરી હતી. વધુમાં, સમિતિને એવું જણાયું હતું કે મધ્યસ્થની તાલીમ માટેના વિષયો, અભ્યાસક્રમ અને પદ્ધતિ અંગે દેશમાં વિવિધ વિચારધારાઓ પ્રચલિત છે. સમિતિને જણાયું કે ભારતમાં મધ્યસ્થીની કામગીરીને સુવ્યવસ્થિત કરવા માટે વિવિધ મધ્યસ્થી કેન્દ્રોના સત્વને ગ્રહણ કરીને સ્થાનિક પરિસ્થિતિઓને અનુરૂપ એકસમાન તાલીમ માર્ગદર્શિકા સમગ્ર દેશમાં એકસમાન રીતે અનુસરવી યોગ્ય રહેશે. તેના આધારે, એકસમાન મધ્યસ્થી તાલીમ માર્ગદર્શિકા તૈયાર કરવા માટે માનનીય ન્યાયમૂર્તિ શ્રી સિરિયાક જોસેફ (ભારતની સર્વોચ્ચ અદાલતના ભૂતપૂર્વ ન્યાયમૂર્તિ અને એમ.સી.પી.સી.ના સભ્ય)ના સક્ષમ માર્ગદર્શન હેઠળ એક પેટા-સમિતિની રચના કરવામાં આવી હતી. તેમાં દેશના વિવિધ મધ્યસ્થી કેન્દ્રોના નિષ્ણાતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. પેટા-સમિતિએ તેના વિવિધ સભ્યો વચ્ચે વિષયોની વહેંચણી કરી હતી, જેમણે અલગ-અલગ પ્રકરણો તૈયાર કર્યા. વિવિધ સંસ્થાઓનું શ્રેષ્ઠતમ અને આ વિષય પરના વિવિધ નિષ્ણાતોના મંતવ્યો લઇને નિષ્ણાતો પાસેથી મળેલી તમામ માહિતીના સંકલનનું કાર્ય મુશ્કેલ હતું. પેટા-સમિતિના અધ્યક્ષ, તેમના સમૃદ્ધ અને મૂલ્યવાન અનુભવ તથા ધ્યેયની સ્પષ્ટતા સાથે, મધ્યસ્થીની વિભાવનાઓને આત્મસાત કરવામાં ટીમનું નેતૃત્વ કરી શક્યા.

સર્વગ્રાહી માર્ગદર્શિકા તૈયાર કરવા માટે વિવિધ વિષયો પર ચર્ચા કરવી એ એક મુશ્કેલ કાર્ય હતું. પેટા-સમિતિની બેઠકો ઘણા દિવસો સુધી ચાલી, સવારથી સાંજ સુધી બેઠકો થઈ, દરેક વિષય પર ચર્ચા થઈ અને ચર્ચા-વિચારણાની લાંબી પ્રક્રિયા બાદ, તેણે માર્ગદર્શિકાની માહિતીસભર, સંપૂર્ણ અને અંતિમ આવૃત્તિ તૈયાર કરી છે.

આ માર્ગદર્શિકા ટીમવર્ક અને નિષ્ણાતોની બૌદ્ધિક કવાયતનું પરિણામ છે. પેટા-સમિતિએ દૂરદર્શી ન્યાયાધીશ એવા માનનીય ન્યાયમૂર્તિ શ્રી એસ. બી. સિન્હા દ્વારા રચાયેલ સમિતિની એક મોટી પરિયોજના પૂર્ણ કરી છે, જેને મધ્યસ્થીની કલ્પના કરનાર અને લોકપ્રિય બનાવનાર માનનીય ન્યાયમૂર્તિ શ્રી આર. વી. રવીન્દ્રન અને મધ્યસ્થીને દેશમાં એક વિશાળ ચળવળ બનાવવા માટે સક્ષમ માર્ગદર્શન પૂરું પાડનાર માનનીય ન્યાયમૂર્તિ શ્રી દલવીર ભંડારી દ્વારા આગળ ધપાવવામાં આવી છે.

મધ્યસ્થી અને સમાધાન સમિતિ આશા રાખે છે કે આ તાલીમ માર્ગદર્શિકા મધ્યસ્થીને વૈકલ્પિક તકરાર નિવારણ વ્યવસ્થા તરીકે નહીં, પરંતુ વિવાદોના સમાધાનના વધુ એક અસરકારક માધ્યમ તરીકે વિકસાવવામાં મદદ કરશે. અમે આ માર્ગદર્શિકાને પ્રશિક્ષકો, મધ્યસ્થો, રેફરલ ન્યાયાધીશો, અરજદારો, અને સામાન્ય માણસ અને મધ્યસ્થી થકી શાંતિ પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરનારા તમામ લોકોના લાભ માટે ખૂબ સંતોષની ભાવના સાથે રજૂ કરીએ છીએ. અમે આશા રાખીએ છીએ કે સમિતિના આ પ્રયાસ દ્વારા, અમે જોસેફ ગ્રિનબૌમના શબ્દો, "મધ્યસ્થીનો એક ઔંસ લવાદીના એક પાઉન્ડ અને દાવાના એક ટન બરાબર છે!"ને જીવંત કરી રહ્યા છીએ.

[સ્વતંત્ર કુમાર]

ઋણસ્વીકાર

મધ્યસ્થી એક ઝડપથી વિકસતી તકરાર નિવારણ પ્રણાલી તરીકે ઉભરી આવી છે. ભારતની સર્વોચ્ચ અદાલતે દેશમાં મધ્યસ્થી અને સમાધાનના અસરકારક અમલીકરણની દેખરેખ માટે મધ્યસ્થી અને સમાધાન પરિયોજના સમિતિ (એમ.સી.પી.સી.)ની રચના કરી છે. રેફરલ ન્યાયાધીશો અને મધ્યસ્થો મધ્યસ્થી પ્રક્રિયામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સમગ્ર ભારતમાં લાગુ પડી શકે તેવી એકસમાન તાલીમ માર્ગદર્શિકા તૈયાર કરવાની જરૂરિયાત ઊભી થઇ હતી, જેનો પ્રશિક્ષકો, મધ્યસ્થો, રેફરલ ન્યાયાધીશો, અરજદારો વગેરે દ્વારા ઉપયોગ થઈ શકે.

ભારતની સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ અને એમ.સી.પી.સી.ના ભૂતપૂર્વ સભ્ય, માનનીય ન્યાયમૂર્તિ શ્રી સિરિયાક જોસેફની અધ્યક્ષતામાં "ભારતની મધ્યસ્થી તાલીમ માર્ગદર્શિકા" તૈયાર કરવા માટે એક પેટા-સમિતિની રચના કરવામાં આવી હતી. સમિતિના અન્ય સભ્યો આ મુજબ હતાઃ

૧. માનનીય ન્યાયમૂર્તિ શ્રીમતી ચિત્રા વેંકટરમણ, ન્યાયમૂર્તિ, મદ્રાસ ઉચ્ચ ન્યાયાલય.

૨. માનનીય ન્યાયમૂર્તિ શ્રી એમ. એલ. મહેતા, ન્યાયમૂર્તિ, દિલ્હી ઉચ્ચ ન્યાયાલય.

૩. શ્રીમતી ઉમા રામનાથન, પ્રશિક્ષક, તમિલનાડુ મધ્યસ્થી અને સમાધાન કેન્દ્ર.

૪. શ્રીમતી લૈલા ઓલ્લાપલ્લી, પ્રશિક્ષક, બેંગ્લોર મધ્યસ્થી કેન્દ્ર.

૫. શ્રી નિરંજન ભટ્ટ, વરિષ્ઠ વકીલ અને પ્રશિક્ષક, અમદાવાદ, ગુજરાત.

૬. શ્રીમતી સાધના રામચંદ્રન, વકીલ અને ઓર્ગેનાઇઝિંગ સેક્રેટરી, દિલ્હી ઉચ્ચ ન્યાયાલય મધ્યસ્થી અને સમાધાન કેન્દ્ર.

૭. શ્રીમતી અનુ મલ્હોત્રા, પ્રશિક્ષક, દિલ્હી મધ્યસ્થી કેન્દ્ર.

૮. ડૉ. સુધીર કુમાર જૈન, પ્રશિક્ષક, દિલ્હી મધ્યસ્થી કેન્દ્ર.

૯. શ્રી સુનીલ થોમસ, રજિસ્ટ્રાર અને મેમ્બર સેક્રેટરી, એમ.સી.પી.સી.

ભારતની મધ્યસ્થી તાલીમ માર્ગદર્શિકા એ પ્રતિબદ્ધ અને સમર્પિત અધ્યક્ષ અને પેટા-સમિતિના સભ્યો દ્વારા કરાયેલી અથાક મહેનતનું પરિણામ છે. એમ.સી.પી.સી. તેના ભૂતપૂર્વ સભ્ય અને પેટા-સમિતિના અધ્યક્ષ માનનીય ન્યાયમૂર્તિ શ્રી સિરિયાક જોસેફની સહૃદય કૃતજ્ઞતા વ્યક્ત કરે છે, જેમના સમર્પણ, પ્રતિબદ્ધતા અને માર્ગદર્શન વિના તાલીમ માર્ગદર્શિકા તૈયાર કરી શકાઇ ન હોત. એમ.સી.પી.સી. પેટા-સમિતિના સભ્યો પ્રત્યે પણ કૃતજ્ઞતા વ્યક્ત કરે છે, જેમણે મુસદ્દાના વિષયો તૈયાર

કર્યા હતા અને જે વિષયોને તાલીમ માર્ગદર્શિકામાં સામેલ કરવા માટે સૂચિત કરાયા હતા તેના પર થયેલી ચર્ચાઓમાં પણ ભાગ લીધો હતો.

એમ.સી.પી.સી. માનનીય ન્યાયમૂર્તિ શ્રી આર. વી. રવીન્દ્રન, માનનીય ન્યાયમૂર્તિ શ્રી દલવીર ભંડારી, ભૂતપૂર્વ અધ્યક્ષ, એમ.સી.પી.સી., માનનીય ન્યાયમૂર્તિ શ્રી સુરિન્દર સિંઘ નિજ્જર, અધ્યક્ષ, એમ.સી.પી.સી., માનનીય ન્યાયમૂર્તિ શ્રી સ્વતંત્ર કુમાર, ન્યાયમૂર્તિ, ભારતની સર્વોચ્ચ અદાલત અને સભ્ય, એમ.સી.પી.સી. અને માનનીય ન્યાયમૂર્તિ શ્રી મદન બી. લોકુર, ન્યાયમૂર્તિ, ભારતની સર્વોચ્ચ અદાલત અને સભ્ય, એમ.સી.પી.સી.નો તાલીમ માર્ગદર્શિકા તૈયાર કરવામાં તેમના મૂલ્યવાન સૂચનો અને માર્ગદર્શન માટે સહૃદય આભાર માને છે.

એમ.સી.પી.સી. દિલ્હી મધ્યસ્થી કેન્દ્ર, બેંગ્લોર મધ્યસ્થી કેન્દ્ર, તમિલનાડુ મધ્યસ્થી અને સમાધાન કેન્દ્રની તાલીમ માર્ગદર્શિકાઓમાંથી તથા આ તાલીમ માર્ગદર્શિકા તૈયાર કરવામાં સહાયભૂત અન્ય સંદર્ભો અને પુસ્તકોમાંથી લેવામાં આવેલ મદદ અને માર્ગદર્શનનો પણ ઋણસ્વીકાર કરે છે.

એમ.સી.પી.સી. શ્રી પી. કે. બજાજ, કોઓર્ડિનેટર, એમ.સી.પી.સી., શ્રી પી. એસ. એન. મૂર્તિ, ડેપ્યુટી કોઓર્ડિનેટર, એમ.સી.પી.સી., સુશ્રી અનિતા મલ્હોત્રા, સુશ્રી રમા ચોપરા, શ્રી મનોજ ભટ્ટ અને ભારતની સર્વોચ્ચ અદાલતના અન્ય અધિકારીઓનો પણ આ તાલીમ માર્ગદર્શિકા તૈયાર કરવામાં તેમની મૂલ્યવાન સહાય બદલ આભાર વ્યક્ત કરે છે.

એમ.સી.પી.સી. ઇન્ડિયન લૉ ઇન્સ્ટિટ્યુટના ઓફિસિએટિંગ ડાયરેક્ટર, ડૉ. શિવ કુમાર અને આઈ.એલ.આઈ.ના અધિકારીઓ પ્રત્યે પણ આ તાલીમ માર્ગદર્શિકા તૈયાર કરવામાં સંસ્થાકીય સ્તરે તેમની મૂલ્યવાન સહાય બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરે છે. એમ.સી.પી.સી. તેની તૈયારીમાં યોગદાન આપનારા તમામ લોકોનો આભાર વ્યક્ત કરે છે.

પ્રકરણ-૧

પરિચય

દસ્તાવેજી માહિતી ઓછી હોવા છતાં, એવું માનવામાં આવે છે કે લગભગ દરેક સમુદાય, દેશ અને સંસ્કૃતિ અનૌપચારિક તકરાર નિવારણની વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરવાનો લાંબો ઇતિહાસ ધરાવે છે. આમાંની ઘણી પ્રાચીન પદ્ધતિઓ આધુનિક મધ્યસ્થીના સ્વરૂપમાં સંકલિત થયેલી પ્રક્રિયાગત વિશેષતાઓ સાથે સમાનતા ધરાવે છે. અન્ય દેશોની જેમ ભારતમાં પણ ચોક્કસ ઐતિહાસિક દસ્તાવેજીકરણના અભાવે મધ્યસ્થીની ઉત્પત્તિ વિશે સ્પષ્ટતા સાથે કહી ન શકાય. વધુમાં, છેલ્લા ૨૫૦ વર્ષોમાં ભારતમાં સંસ્થાનવાદને કારણે તકરાર નિવારણની સ્વદેશી પ્રક્રિયાઓની સત્તાવાર માહિતીનો અભાવ છે. ભારતમાં વૈદિકકાળ પછીના પ્રાચીન સમયમાં ખૂબ જ પ્રાથમિક સ્વરૂપે રહેલી મધ્યસ્થીનો અભ્યાસ કરીને નીચે દર્શાવેલ છૂટીછવાયી માહિતી મેળવી શકાય છે. ભારત સહિત વિશ્વના વિવિધ ભાગોમાં આદિવાસી સમુદાયોએ સદીઓથી વિવિધ પ્રકારની તકરાર નિવારણ પદ્ધતિઓનો ઉપયોગ કર્યો હતો. ચીનમાં સરકાર દ્વારા પ્રાયોજિત શાંતિપૂર્ણ સહ-અસ્તિત્વના સ્થાપિત સામાજિક સિદ્ધાંતો પર આધારિત મધ્યસ્થીનો ઉપયોગ વિવાદોને ઉકેલવા માટે વ્યાપક ધોરણે કરવામાં આવે છે. મૂળ અમેરિકનોએ સમાધાનની અમેરિકન પદ્ધતિ અસ્તિત્વમાં આવી તેના ઘણા સમય પહેલાથી તેમની પોતાની તકરાર નિવારણ પદ્ધતિઓ અપનાવી હોવાનું જાણવા મળે છે.

ઐતિહાસિક દૃષ્ટિકોણ

મુલ્લાના હિંદુ કાયદામાં નોંધવામાં આવ્યું છે તેમ, વૈદિક કાળથી લગભગ ઇ.સ. પૂર્વે ૪૦૦૦ થી ૧૦૦૦ વર્ષ સુધી પ્રાચીન ભારત કાયદાઓ બનાવવાના કાર્યમાં લાગેલું હતું અને શક્ય છે કે કેટલાક વૈદિક છંદો ઇ.સ. પૂર્વે ૪૦૦૦ના સમયગાળામાં રચાયા હતા. પ્રાચીન સમયમાં આર્યો ખૂબ જ પરિશ્રમી અને નિખાલસ લોકો હતા, જે આનંદથી જીવન પસાર કરતા હતા અને તેમાં સભ્ય અસ્તિત્વ અને વિચારોના યુગો કારણભૂત હતા. તેઓ મુખ્યત્વે ઇશ્વર પ્રેરિત જ્ઞાન, તર્ક અને સમજદારીના વણલખાયેલા કાયદાનો ઉપયોગ કરતા હતા, જે તેમના અનુસાર સ્વર્ગ અને પૃથ્વી પર પ્રવર્તમાન હતા. જ્ઞાન, તર્ક અને સમજદારી- મધ્યસ્થીની શરૂઆતની મૂળ ફિલસૂફીઓમાંની એક હતી, જે મૂળ ફિલસૂફી આજે પણ પશ્ચિમી દેશોમાં પ્રચલિત છે.

ભાગ્યે જ ઉપલબ્ધ પ્રાચીન ભારતીય સાહિત્ય ઘણી સદીઓથી લોકોના સાંસ્કૃતિક સહ-અસ્તિત્વને પ્રતિબિંબિત કરે છે. આ વાસ્તવિકતાને કારણે આધુનિક મધ્યસ્થી પ્રક્રિયામાં અપનાવવામાં આવેલી ઘણી સહયોગી તકરાર નિવારણ પદ્ધતિઓની જરૂર પડી. વૈદિક યુગના અંત સુધીમાં, સભાઓ અને પરિષદોમાં સત્યને ઉજાગર કરવાના હેતુથી દાર્શનિક અને કાનૂની ચર્ચાઓ હાથ ધરવામાં આવતી

હતી, જે હવે અધિવેશનો તરીકે ઓળખાય છે. ભારત ૫૦૦૦ વર્ષનો સૌથી જૂનો સાંસ્કૃતિક ઇતિહાસ ધરાવે છે અને આશરે ૧૦૦૦ વર્ષનો અર્વાચીન ઇતિહાસ ધરાવે છે, જે દરમિયાન ઈરાની ઉચ્ચપ્રદેશ, મધ્ય એશિયા, અરબ, અફઘાનિસ્તાન દ્વારા તેના પર આક્રમણ કરવામાં આવ્યું હતું અને પશ્ચિમ ભારતીય સંસ્કૃતિએ આ આક્રમણોના પરિવર્તનો અને પ્રભાવોને આત્મસાત કરીને વિલક્ષણ વંશીય અને સાંસ્કૃતિક એકરૂપતા સ્થાપિત કરી હતી. ભારતના ૨૯ રાજ્યોમાં વિવિધ સામાજિક અને સાંસ્કૃતિક પરંપરાઓ, રિવાજો અને ધર્મો પ્રવર્તમાન છે. વૈદિક યુગ બાદ ધર્મશાસ્ત્ર [આચારસંહિતા]નો યુગ આવ્યો, જે સમયગાળા દરમિયાન વિદ્વાન ન્યાયશાસ્ત્રીઓએ મૂળભૂત કાયદાઓની ફિલસૂફી તૈયાર કરી હતી. તેમના વિદ્વતાપૂર્ણ પ્રવચનોમાં વિવિધ સમુદાયોની પ્રવર્તમાન પરંપરાઓ અને રિવાજોને માન્યતા મળી હતી, જેમાં બિન-પ્રતિકૂળ સ્વદેશી પદ્ધતિઓ દ્વારા વિવાદોના સમાધાનનો સમાવેશ થતો હતો. જેનું ઉદાહરણ છે પ્રતિભાશાળી વિદ્વાન યાજ્ઞવલ્ક્ય દ્વારા પ્રસ્તાવિત અને સ્થાપિત એક પંચ, જેને કુલા (KULA) તરીકે ઓળખવામાં આવે છે, જે પરિવાર, સમુદાય, જનજાતિઓ, જાતિઓ અથવા વંશોના સભ્યો વચ્ચેના વિવાદો માટે હતું. સમાન વ્યવસાયના કારીગરો માટેનું એક મંડળ શ્રેણી (SHRENI) તરીકે ઓળખાતું અન્ય એક પંચ હતું, જે તેમના આંતરિક વિખવાદો માટે હતું. પુગા (PUGA) એ વાણિજ્યની કોઈપણ શાખામાં વેપારીઓનું આવું જ એક સંગઠન હતું. યાજ્ઞવલ્ક્યના સમયમાં વેપાર, ઉદ્યોગ અને વાણિજ્યમાં અભૂતપૂર્વ વૃદ્ધિ અને પ્રગતિ થઈ હતી અને ભારતીય વેપારીઓએ સાત સમુદ્ર પાર પણ આંતરરાષ્ટ્રીય વાણિજ્યના બીજ વાવ્યા હોવાનું કહેવાય છે. અન્ય વિદ્વાન પરાશરે અભિપ્રાય આપ્યો હતો કે અમુક સવાલોનું નિરાકરણ પરિષદ અથવા સંગઠન અથવા વિદ્વાનોની સભાના નિર્ણયો દ્વારા થવું જોઈએ. આ સંગઠનોને ન્યાય, સમાનતા અને શુદ્ધ અંતઃકરણના સિદ્ધાંતોના આધારે કેસનો નિર્ણય કરવાની સત્તા આપવામાં આવી હતી. તકરાર નિવારણની આ વિવિધ પદ્ધતિઓને સ્થાનિક અને ગ્રામ્ય વહીવટીતંત્રની બાબતોમાં તથા માત્ર વેપારીઓના સંઘો, શાહુકારો અને કારીગરોને અસર કરતી બાબતોમાં નોંધપાત્ર સ્વાયત્તતા આપવામાં આવી હતી. વ્યાપારી સંસ્થાઓ અને વેપારી સંગઠનોના સભ્યોના કેસોનો નિર્ણય કરવા માટે સ્થાનિક મંચો દ્વારા કરાતી મધ્યસ્થીના આધુનિક કાયદાકીય સિદ્ધાંતનું મૂળ ભારતના પ્રાચીન પરંપરાગત કાયદામાં જોવા મળે છે. સદ્ગુણી વ્યક્તિઓના અંતઃકરણ દ્વારા માન્ય અને સામાન્ય લોકો દ્વારા અનુસરવામાં આવતી પરંપરાઓ અને રિવાજો અનુસાર કેસોનો નિર્ણય કરવામાં આવતો હતો. પરિષદે સ્વૈચ્છિકતાના મજબૂત તત્વ સાથે તકરાર નિવારણની સહભાગી પદ્ધતિઓના આધુનિક ખ્યાલને માન્યતા આપી, જે આધુનિક મધ્યસ્થી પ્રક્રિયાનો અન્ય એક મૂળભૂત સિદ્ધાંત છે. બૌદ્ધ ધર્મે મધ્યસ્થીને સમસ્યાઓના સમાધાનની સૌથી વધુ સમજણપૂર્વકની પદ્ધતિ તરીકે રજૂ કરી હતી. બુદ્ધે કહ્યું હતું, "ધ્યાનથી જ્ઞાન પ્રાપ્ત થાય છે; મધ્યસ્થીની કમીથી અજ્ઞાનતા. સારી રીતે જાણો કે શું તમને આગળ લઈ જાય છે અને શું તમને પાછળ રાખે છે; એ પસંદ કરો જે જ્ઞાન તરફ દોરી જાય છે''. આ બૌદ્ધ સૂત્ર એ સિદ્ધાંતની સ્વીકૃતિને દર્શાવે છે કે મધ્યસ્થી ભૂતકાળને બદલે ભવિષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરે છે. પ્રાચીન ભારતીય ન્યાયશાસ્ત્રી પતંજલિએ કહ્યું હતું કે, "કોણ સાચું અને કોણ ખોટું હતું તે નક્કી કરવાને બદલે, જેઓ સખત પ્રયત્ન કરે છે તેમની મધ્યસ્થીમાં ઝડપથી પ્રગતિ થાય છે ".

તે એક નોંધાયેલ હકીકત છે કે જટિલ કેસોના નિર્ણયો રાજાના દરબારમાં નહીં પરંતુ રાજાના મધ્યસ્થ દ્વારા થતા હતા. મુઘલ શાસન દરમિયાન પણ સમ્રાટ અકબર પોતાના મધ્યસ્થ મંત્રી બીરબલ પર નિર્ભર હતા. સૌથી પ્રસિદ્ધ કિસ્સો એ હતો કે જ્યારે બે મહિલાઓએ એક બાળકના માતૃત્વનો દાવો કર્યો, ત્યારે મધ્યસ્થે બાળકને બે ભાગમાં કાપી, તેના શરીરને વિભાજિત કરીને બંને સ્ત્રીને અડધો-અડધો ભાગ આપવાનું સૂચવ્યું હતું. વાસ્તવિક માતાએ બાળકનો જીવ બચાવવા માટે પોતાનો દાવો જતો કર્યો, જ્યારે નકલી માતા વિભાજન માટે સંમત થઈ. ત્યારબાદ બાળકને વાસ્તવિક માતાને સોંપવામાં આવ્યું. જોકે, આ આધુનિક મધ્યસ્થીનું સંપૂર્ણ વિકસિત ઉદાહરણ ન હોવા છતાં, તે હિત-આધારિત વાટાઘાટોનું એક ઉદાહરણ છે, જ્યાં તટસ્થ ત્રાહિત પક્ષ, પક્ષકારોની નિહિત જરૂરિયાતો અને સમસ્યાઓને ઓળખવાની કોશિશ કરે છે. તે વ્યાપકપણે સ્વીકૃત છે કે ગ્રામ પંચાયતને, એટલે કે પાંચ જ્ઞાની પુરુષોને, સમાધાનકારી અને/અથવા નિર્ણયકર્તા એકમ તરીકે ઓળખવામાં અને સ્વીકારવામાં આવતા હતા. ઘણી પ્રાચીન તકરાર નિવારણ પદ્ધતિઓની જેમ પંચાયત પણ મધ્યસ્થી અને લવાદીની કેટલીક લાક્ષણિકતાઓ ધરાવતી હતી.

જેમ જેમ સમાજનું કદ અને જટિલતા વધતી ગઈ, તેમ તેમ અનૌપચારિક રીતે નિર્ણય લેવાની પ્રક્રિયાઓ વધુ માળખાગત થતી ગઈ અને તેઓએ ક્રમશઃ ઔપચારિક ન્યાય વિતરણ પ્રણાલીનું સ્વરૂપ ધારણ કર્યું. હકીકતમાં, સમાજમાં શાંતિ અને સૌહાર્દ જાળવી શકે અને વેપાર અને વાણિજ્યને અસરકારક રીતે વેગ આપી શકે તેવી તકરાર નિવારણની વ્યવસ્થા વિકસાવ્યા વિના સમુદાયો કદ અને જટિલતામાં મોટો વિકાસ ન કરી શક્યા હોત.*

યુનાઇટેડ સ્ટેટ્સમાં મધ્યસ્થી અનેક અલગ અલગ દિશાઓમાં વિકસી છે. વંશીય તણાવ અને એકીકરણના મુદ્દાઓના પરિણામે ૧૯૬૦ના દશકમાં સામુદાયિક મધ્યસ્થી ઉભરી આવી હતી. તે મુદ્દાઓને ઉકેલવા માટે પડોશી ન્યાય કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી હતી. ત્યારબાદ, સમુદાય મધ્યસ્થી પ્રક્રિયા, જેમાં મુદ્દાઓ મુખ્યત્વે પરસ્પરના હતા તેવા પડોશી વિવાદો, પારિવારિક તકરારો અને અન્ય વિવાદોમાં લાગુ થઈ. આ દૃષ્ટિકોણ મુજબ મધ્યસ્થી પ્રક્રિયા સમુદાય આધારિત અને કાનૂની પ્રણાલીથી સ્વતંત્ર હોવી જોઈએ, જે મુજબ જો મધ્યસ્થી પ્રક્રિયા કાનૂની અમલદારશાહીથી અલગ હોય તો સમાધાનના સંતોષકારક પરિણામોનો ઊંચો દર પ્રાપ્ત કરી શકાય. ૧૯૮૦ના દશકમાં, વીમા કંપનીઓને વીમા દાવાઓના ખાનગી મધ્યસ્થીથી અનૌપચારિક અને ઝડપી ઉકેલથી થતાં ખર્ચ અંગેના લાભોનો અનુભવ થયો. ખાનગી મધ્યસ્થીએ ખાનગી/સ્વતંત્ર મધ્યસ્થ, બિન-નફાકારક મધ્યસ્થી કાર્યક્રમો અને એજન્સીઓ તથા નફાકારક મધ્યસ્થી પ્રદાતાઓના ઉદ્ભવ સહિત વિવિધ રીતે પ્રભાવ જમાવ્યો હતો. ખાનગી મધ્યસ્થીઓ દાવો દાખલ થયા પહેલાના વિવાદો, દાવા હેઠળના વિવાદો અને તાજેતરમાં વ્યાપારી અને આંતરરાષ્ટ્રીય વિવાદો પર લાગુ કરવામાં આવી હતી. ૧૯૭૦ અને ૧૯૮૦ના

* માઈકલ મેકવલરાથ- સી.પી.આર. આંતરરાષ્ટ્રીય વિવાદ વાટાઘાટ (આઈ.ડી.એન.)ના યજમાન

દશકમાં પ્રાયોગિક ધોરણે ઉપયોગ કરાતી અદાલત-સંલગ્ન મધ્યસ્થીનું ૧૯૯૦ના દશકમાં નોંધપાત્ર રીતે વિસ્તરણ થવાનું શરૂ થયું. આ વિચારધારાથી તારણ નિકળ્યું કે મધ્યસ્થી એ કાનૂની પ્રણાલીનું વિસ્તરણ હોવું જોઈએ, મધ્યસ્થીને અદાલતોમાં દાવા માટેના વિષયોને ઘટાડવાના અસરકારક માધ્યમ તરીકે પણ વિચારવી જોઈએ. હાલમાં, મોટાભાગની અદાલતો દ્વારા સુનાવણી અને અપીલ સ્તરે અદાલત-સંલગ્ન મધ્યસ્થીની સવલત પૂરી પાડવામાં આવે છે. યુનાઇટેડ સ્ટેટ્સમાં મધ્યસ્થીના ત્રણેય પ્રકારો, સામુદાયિક મધ્યસ્થી, ખાનગી મધ્યસ્થી અને અદાલત-સંલગ્ન મધ્યસ્થી સહ-અસ્તિત્વ ધરાવે છે, વિકસી રહી છે અને વિવાદિત પક્ષકારોની જરૂરિયાતોને સંતોષે છે.

યુનાઇટેડ સ્ટેટ્સમાં વૈકલ્પિક તકરાર નિવારણના ઉપયોગમાં એક વળાંક પાઉન્ડ અધિવેશન તરીકે ઓળખાતા, વકીલો, ન્યાયશાસ્ત્રીઓ અને શિક્ષકોના રાષ્ટ્રવ્યાપી અધિવેશનમાં વર્ષ ૧૯૭૬માં આવ્યો હતો. આ અધિવેશન જેલોમાં વધુ પડતી ગીચતા, અદાલતોમાં લાંબો વિલંબ, અને દાવાઓના અતિ ખર્ચને કારણે ન્યાયની પહોંચના અભાવની તાકીદની સમસ્યાઓને ઉકેલવા માટે યોજાયું હતું. "મલ્ટી-ડોર કોર્ટ-હાઉસ"ની નવી વિભાવનામાં દાવાઓના વિકલ્પોની જરૂરિયાત ઊભી થઈ અને "પડોશી ન્યાય કેન્દ્રો"ના મહત્વને મજબૂતી મળી. હાર્વર્ડના પ્રોફેસર ફ્રેન્ક સેન્ડર દ્વારા આપવામાં આવેલ મલ્ટી-ડોર કોર્ટ-હાઉસ વિભાવનાએ એવા દશ્યની કલ્પના કરી હતી કે જેમાં એક પીડિત પક્ષકાર સરળતાથી અદાલતના પ્રવેશદ્વાર પર રહેલા ટેબલે જઈ શકે કે જ્યાં એક સહાયક પરિચર, અરજદારને વૈકલ્પિક અથવા પરંપરાગત તકરાર નિવારણ પ્રક્રિયાઓ પ્રદાન કરતા દરવાજાઓમાંથી એક તરફ દોરી જાય. પ્રોફેસર સેન્ડરે તેને દરેક વિવાદના ઉકેલ માટેના શ્રેષ્ઠ માર્ગ તરીકે વર્ણવ્યું હતું. આ રીતે, કાનૂની વ્યવસ્થા, મધ્યસ્થી સહિતની વૈકલ્પિક પ્રક્રિયાઓ પૂરી પાડવાની જવાબદારી ન્યાયિક વ્યવસ્થાને સોંપીને અરજદારોને સૌથી સંતોષકારક પરિણામ પ્રાપ્ત કરવામાં મદદ કરી શકે છે. અરજદારો પર ઉકેલ લાદવાને બદલે તેમના પોતાના ઉકેલ સુધી પહોંચવામાં મદદ કરવા માટે તટસ્થ રીતે મદદરૂપ થવાનો વિચાર રજૂ કરવામાં આવ્યો. પ્રોફેસરો યુરી, બ્રેટ અને ગોલ્ડબર્ગના અભિપ્રાયમાં હિતોનું સમાધાન કરવું ઓછું ખર્ચાળ હતું અને ઘર કરી ગયેલી ચિંતાઓ પર વિચારણા કરવી, સર્જનાત્મક ઉકેલો શોધવા અને સમાધાન કરવું એ અરજદારો માટે ન્યાયિક પ્રક્રિયા કરતાં વધુ સંતોષકારક હતું.

ભારતમાં મધ્યસ્થી

મધ્યસ્થી, સમાધાન અને લવાદી, તેમના અગાઉના સ્વરૂપોમાં, વર્તમાન એંગ્લો-સેક્સન કાયદાની પ્રતિકૂળ વ્યવસ્થા કરતાં ઐતિહાસિક રીતે વધુ પ્રાચીન છે. ભારતમાં બ્રિટિશ શાસન પહેલાના સમયગાળા દરમિયાન મધ્યસ્થી અને લવાદીના વિવિધ સ્વરૂપોએ વેપારીઓમાં ખૂબ લોકપ્રિયતા મેળવી હતી. મહાજન આદરણીય, નિષ્પક્ષ અને સમજદાર વેપારીઓ હતા, જેઓ મધ્યસ્થી દ્વારા વેપારીઓ વચ્ચેના વિવાદોનું સમાધાન કરતા હતા. તેઓ વ્યાવસાયિક સંગઠનના સભ્યો વચ્ચેના વિવાદોમાં મધ્યસ્થી કરવા માટે વ્યાવસાયિક કેન્દ્રો પર સહેલાઈથી ઉપલબ્ધ રહેતા. સંગઠનના બંધારણના નિયમ

મુજબ જો કોઇ વેપારી મધ્યસ્થી માટે કેસ મોકલ્યા વિના અદાલતનો આશરો લે તો તેનું સભ્યપદ રદ કરવાની જોગવાઈ કરવામાં આવી હતી. આ એક સર્વસ્વીકૃત વ્યાવસાયિક સંમતિ હતી. ભારતના પશ્ચિમી પ્રાંત ગુજરાતમાં પ્રચલિત આ અનૌપચારિક પ્રક્રિયા, મધ્યસ્થી અને લવાદીનું સંયોજન હતું, જે હવે પશ્ચિમી વિશ્વમાં મેડ-આર્બ તરીકે ઓળખાય છે. વ્યાપાર જગતમાં વ્યાપક સામાન્ય સ્વીકૃતિ હોવા છતાં આ પ્રકારની મધ્યસ્થીને કોઈ કાનૂની મંજૂરી ન હતી. ઇંગ્લેન્ડની ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ વિભાજિત ભારતીય શાસકો પર નિયંત્રણ મેળવ્યું અને તેના સ્પષ્ટ વ્યાપારી હેતુઓને રાજકીય આક્રમકતાનું સ્વરૂપ આપ્યું. વર્ષ ૧૭૫૩ સુધીમાં ભારતને બ્રિટિશ વસાહત બનાવી દેવાઇ હતી અને વર્ષ ૧૭૭૫ સુધીમાં ભારતમાં બ્રિટિશ શૈલીની અદાલતોની સ્થાપના કરવામાં આવી હતી. અંગ્રેજોએ સ્થાનિક સ્વદેશી અદાલતી કાર્યવાહીની અવગણના કરી અને અદાલતોમાંની પ્રક્રિયાને તે સમયની બ્રિટિશ કાયદાની અદાલતોની પ્રક્રિયાને અનુરૂપ બનાવી. જોકે, બ્રિટિશ મૂલ્યો, જેના માટે સ્પષ્ટ નિર્ણયની જરૂર હતી અને ભારતીય મૂલ્યો, જે પક્ષકારોને કોઇ પ્રકારના સમાધાન દ્વારા તેમના મતભેદોને ઉકેલવા માટે પ્રોત્સાહિત કરતા હતા, તેમની વચ્ચે મતભેદ હતો.

આશરે ૨૫૦ વર્ષના બ્રિટિશ શાસન દરમિયાન બ્રિટિશ ન્યાય વ્યવસ્થા ધીમે ધીમે ભારતમાં પ્રાથમિક ન્યાય વિતરણ પ્રણાલી બની ગઈ. ઇંગ્લેન્ડમાં પણ તેની રચના સામંતી યુગ દરમિયાન થઈ હતી જ્યારે કૃષિ અર્થતંત્ર પ્રબળ હતું. જ્યારે ભારત એક વસાહત હતું, ત્યારે આ વ્યવસ્થાનો વિકાસ થયો, સમૃદ્ધિ પામી અને તેના મૂળ, પ્રતિષ્ઠિત અને એકમાત્ર ન્યાય પ્રતીક તરીકે વધુ મજબૂત થયા. પશ્ચિમ ભારતમાં વેપારી સંગઠનો દ્વારા સફળતાપૂર્વક અપનાવવામાં આવેલા સ્વદેશી સ્થાનિક રિવાજો અને સમુદાય આધારિત મધ્યસ્થી અને સમાધાનને ભેદભાવપૂર્ણ ઠેરવવામાં આવ્યા કે જે પક્ષકારોને અદાલતમાં જવાના તેમના અધિકારથી વંચિત રાખતા હતા.

બ્રિટિશ અદાલતો ધીમે ધીમે તેની પ્રામાણિકતા માટે જાણીતી બની અને તેણે લોકોનો વિશ્વાસ જીત્યો, ત્યાં સુધી કે વર્ષ ૧૯૪૭માં ભારતની આઝાદી બાદ પણ, ભારતીય ન્યાયતંત્રને સમગ્ર વિશ્વમાં રાષ્ટ્રના ગૌરવરૂપે જાહેર કરવામાં આવ્યું.

૨૧મી સદીમાં વાણિજ્ય, વેપાર અને ઉદ્યોગનું નોંધપાત્ર રીતે વિસ્તરણ થવાનું શરૂ થયું, બ્રિટિશ પ્રણાલી આદર અને ગરિમા જાળવી રાખીને ઝડપથી ન્યાય કરતી હતી. આઝાદીની સાથે સાથે બંધારણ, મૂળભૂત અને વ્યક્તિગત અધિકારો માટે જાગૃતિ, દેશના વેપાર, વાણિજ્ય અને ઉદ્યોગના વિકાસમાં સરકારની ભાગીદારી, સંસદ અને રાજ્ય વિધાનસભાઓ, સરકારી નિગમો, નાણાકીય સંસ્થાઓની સ્થાપના, ઝડપથી વિકસતા આંતરરાષ્ટ્રીય વાણિજ્ય અને વેપારમાં જાહેર ક્ષેત્રની ભાગીદારી પણ મળી હતી. સરકાર એક પ્રમુખ પક્ષકાર બની. રોજગારીની અદભૂત તકો ઊભી થઈ. બહુપક્ષીય જટિલ દીવાની દાવાઓ, સ્થાનિક હદોને પાર વ્યાવસાયિક તકોનો વિસ્તાર, વસ્તીમાં વધારો, નવા અધિકારો અને નવા ઉપચારોનું સર્જન કરતાં અસંખ્ય નવા કાયદાઓ અને અદાલતોના એકમાત્ર ન્યાયિક મંચ પર

લોકોની વધતી નિર્ભરતાને કારણે દાવાઓનો વિસ્ફોટ થયો. પડકારને પહોંચી વળવા માટે અપૂરતી માળખાગત સુવિધાઓના કારણે કેસના ભારણને કાર્યક્ષમ અને અસરકારક રીતે પહોંચી વળવામાં તંત્રની અસમર્થતા છતી થઇ. વર્ષો સુધી કતારોમાં રાહ જોવા અને પેઢી દર પેઢી દાવાઓ ચલાવ્યે રાખવાને બદલે, લોકો ઘણીવાર દાવાઓ ટાળવા લાગ્યા અથવા ન્યાયેતર ઉપાયોનો આશરો લેવા લાગ્યા.

વિશ્વના લગભગ તમામ લોકશાહી દેશોએ અદાલતોમાં કેસોનો ભરાવો અને લોકોની ન્યાયપ્રણાલી સુધીની પહોંચને લઇને સમાન સમસ્યાઓનો સામનો કર્યો છે. યુનાઇટેડ સ્ટેટ્સ લગભગ ૩૦ વર્ષ પહેલાં ધરખમ કાયદાકીય સુધારાઓ લાવનાર પ્રથમ દેશ હતો અને ઓસ્ટ્રેલિયાએ તેનું અનુસરણ કર્યું. યુનાઇટેડ કિંગડમે તેની કાનૂની વ્યવસ્થાના ભાગરૂપે વૈકલ્પિક તકરાર નિવારણને પણ અપનાવી છે. યુરોપિયન યુનિયન પણ સભ્ય દેશો વચ્ચેના વ્યાપારી વિવાદોના સમાધાન માટે મધ્યસ્થીને સ્વીકારે છે.

ભારતમાં મધ્યસ્થીને કાનૂની માન્યતા

મધ્યસ્થીની વિભાવનાને ભારતમાં પ્રથમ વખત ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭માં કાયદાકીય માન્યતા મળી હતી. અધિનિયમની કલમ ૪ હેઠળ નિયુક્ત સમાધાનકારો પર "ઔદ્યોગિક વિવાદોના સમાધાનમાં મધ્યસ્થી કરવાની અને તેને પ્રોત્સાહન આપવાની ફરજ લાદવામાં આવી છે". આ અધિનિયમ હેઠળ સમાધાનની કાર્યવાહી માટેની વિગતવાર પ્રક્રિયાઓ સૂચવવામાં આવી હતી.

તકરાર નિવારણ પ્રક્રિયા તરીકે લવાદીને વર્ષ ૧૮૭૯માં માન્યતા આપવામાં આવી હતી અને તેને દીવાની કાર્યરીતિ સંહિતા, ૧૯૦૮માં પણ સ્થાન મળ્યું હતું. જ્યારે વર્ષ ૧૯૪૦માં લવાદી અધિનિયમ ઘડવામાં આવ્યો ત્યારે મૂળરૂપે દીવાની કાર્યરીતિ સંહિતાની કલમ ૮૯માં સમાવિષ્ટ લવાદી માટેની જોગવાઈને રદ કરાઇ હતી. ભારતીય વિધાનમંડળે કાનૂની સેવાઓ સત્તામંડળ અધિનિયમ, ૧૯૮૭ લાગુ કરીને રાષ્ટ્રીય કાનૂની સેવાઓ સત્તામંડળ સ્વરૂપે, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના સંરક્ષણમાં કેન્દ્રીય સત્તામંડળની રચના કરી. કેન્દ્રીય સત્તામંડળને અન્ય બાબતોની સાથે નીચે મુજબના કાર્યો કરવાની ફરજો સોંપવામાં આવી છેઃ-

- વાટાઘાટો, લવાદી અને સમાધાન દ્વારા વિવાદોની પતાવટને પ્રોત્સાહન આપવું.
- કોઈપણ કેસના સંચાલનમાં અદાલત, કોઈપણ સત્તામંડળ કે પંચ સમક્ષ કાનૂની સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે નીતિઓ અને સિદ્ધાંતો નિર્ધારિત કરવા.
- આ હેતુ માટે અત્યંત પ્રભાવશાળી અને લાભદાયી યોજનાઓ ઘડવી.

- ભંડોળનો યોગ્ય ઉપયોગ કરવો અને અધિનિયમ હેઠળ નિયુક્ત રાજ્ય અને જિલ્લા સત્તામંડળોને તેની ફાળવણી કરવી.
- કાનૂની સેવાઓના ક્ષેત્રમાં સંશોધન હાથ ધરવું.
- કાનૂની સેવા યોજનાઓના અમલીકરણ માટે સ્વૈચ્છિક સંસ્થાઓને ચોક્કસ યોજનાઓ માટે સરકારી સહાય અનુદાનની ભલામણ કરવી.
- બાર કાઉન્સિલ સાથે કાનૂની તાલીમ અને શૈક્ષણિક કાર્યક્રમો કરવા અને યુનિવર્સિટીઓ, લૉ કોલેજો અને અન્ય સંસ્થાઓમાં કાનૂની સેવા કેન્દ્રોની સ્થાપના કરવી.
- કાનૂની સેવાઓને પ્રોત્સાહન આપતી સરકારી અને બિન-સરકારી સંસ્થાઓ સાથે સંકલનમાં કામ કરવું.

ભારતીય સંસદે વર્ષ ૧૯૯૬માં લવાદી અને સમાધાન અધિનિયમ ઘડ્યો હતો, જેમાં કાનૂની સંબંધોને કારણે, પછી ભલે તે કરાર આધારિત હોય કે નહીં, ઉદ્ભવતા વિવાદોના સમાધાન માટે અને તેને સંબંધિત તમામ પ્રક્રિયાઓ માટે વિસ્તૃત જોગવાઈઓ કરવામાં આવી હતી. આ અધિનિયમમાં સમાધાનની પ્રક્રિયા શરૂ કરવા, સમાધાનકારોની નિમણૂક કરવા, યોગ્ય સંસ્થાની સહાય દ્વારા સમાધાનકારોના નામની ભલામણ કરવા કે સમાધાનકારોની નિમણૂક કરવા, સમાધાનકારોને નિવેદનો રજૂ કરવા અને પક્ષકારો વચ્ચેના વિવાદોના સમાધાન માટે વાટાઘાટો કરવા પક્ષકારોને મદદ કરવામાં સમાધાનકારોની ભૂમિકાની જોગવાઈ કરવામાં આવી હતી.

વર્ષ ૧૯૯૯માં, ભારતીય સંસદે સી.પી.સી. સુધારા કાયદો, ૧૯૯૯ પસાર કર્યો હતો, જેમાં દીવાની કાર્યરીતિ સંહિતા, ૧૯૦૮માં કલમ ૮૯ દાખલ કરવામાં આવી હતી, જેમાં અદાલતોમાં પડતર કેસોને વૈકલ્પિક તકરાર નિવારણ, કે જેમાં મધ્યસ્થીનો સમાવેશ થતો હતો, તેને સોંપવાની જોગવાઈ કરવામાં આવી હતી. આ સુધારો ૧લી જુલાઈ, ૨૦૨૨થી અમલી બન્યો હતો.

ભારતમાં આર્થિક ઉદારીકરણની નીતિઓની શરૂઆત અને વિશ્વભરમાં કાયદાકીય સુધારાઓની સ્વીકૃતિથી, કાયદાકીય અભિપ્રાય ધરાવતાં નેતાઓનું તારણ છે કે મધ્યસ્થી એ દીવાની અદાલતોમાં પડતર કેસોની ગંભીર સમસ્યાના ઉકેલનો એક મહત્વપૂર્ણ ભાગ હોવો જોઈએ. વર્ષ ૧૯૯૫-૯૬માં, તત્કાલીન મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી એ. એમ. અહમદીના નેતૃત્વમાં ભારતની સર્વોચ્ચ અદાલતે ભારતીય દીવાની ન્યાયપ્રણાલીમાં વિલંબની સમસ્યાનું સમાધાન શોધવા માટે એક ભારતીય-અમેરિકી સંયુક્ત અભ્યાસ હાથ ધર્યો હતો અને દરેક ઉચ્ચ ન્યાયાલયને એક અભ્યાસ ટીમની નિમણૂક કરવા માટે કહેવામાં આવ્યું હતું, જેણે સાન ફ્રાન્સિસ્કો સ્થિત સંસ્થા, ધ ઇન્સ્ટિટ્યૂટ ફોર સ્ટડી એન્ડ ડેવલપમેન્ટ ઓફ

લીગલ સિસ્ટમ્સ [ISDLS]ના પ્રતિનિધિઓ સાથે કામ કર્યું હતું. દરેક રાજ્યમાંથી માહિતી એકત્રિત કર્યા બાદ, એક કેન્દ્રીય અભ્યાસ ટીમે આ એકત્રિત માહિતીનું વિશ્લેષણ કર્યું અને કેટલાક વધુ નક્કર સૂચનો કર્યા અને ભારતીય પરિસ્થિતિના વિશેષ સંદર્ભ સાથે દીવાની કાર્યરીતિ સંહિતામાં કેસના સંચાલન સંબંધિત સુધારા રજૂ કરવાની દરખાસ્ત કરી હતી.

ભારતમાં મધ્યસ્થીનો ઉદ્ભવ

મધ્યસ્થ માટેની પ્રથમ વિસ્તૃત તાલીમ, વર્ષ ૨૦૦૦માં ઇન્સ્ટિટ્યૂટ ફોર ધ સ્ટડી એન્ડ ડેવલપમેન્ટ ઓફ લીગલ સિસ્ટમ્સ (ISDLS) દ્વારા મોકલવામાં આવેલા અમેરિકન પ્રશિક્ષકો દ્વારા અમદાવાદમાં હાથ ધરવામાં આવી હતી. તે પછી અમદાવાદના બે વરિષ્ઠ વકીલો દ્વારા સ્થાપિત પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, ઇન્સ્ટિટ્યૂટ ફોર આર્બિટ્રેશન મેડિએશન લીગલ એજ્યુકેશન એન્ડ ડેવલ્પમેન્ટ (AMLEAD) દ્વારા ઘણી અદ્યતન તાલીમ કાર્યશાળાઓ યોજવામાં આવી હતી. ૨૭મી જુલાઈ ૨૦૦૨ના રોજ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિએ ઔપચારિક રીતે અમદાવાદ મધ્યસ્થી કેન્દ્રનું ઉદ્ઘાટન કર્યું હતું, જે ભારતમાં વકીલ દ્વારા સંચાલિત પ્રથમ મધ્યસ્થી કેન્દ્ર ગણાય છે. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિએ નવેમ્બર, ૨૦૦૨માં નવી દિલ્હીમાં મધ્યસ્થીનું મહત્વ અને દીવાની કાર્યરીતિ સંહિતાની કલમ ૮૯નો અમલ કરવાની જરૂરિયાત સમજાવવા માટે ભારતના તમામ રાજ્યોની ઉચ્ચ ન્યાયાલયોના મુખ્ય ન્યાયમૂર્તિઓની બેઠક બોલાવી હતી. ઇન્સ્ટિટ્યૂટ ફોર આર્બિટ્રેશન મેડિએશન લીગલ એજ્યુકેશન એન્ડ ડેવલ્પમેન્ટ (AMLEAD) અને ગુજરાત લૉ સોસાયટીએ જાન્યુઆરી ૨૦૦૩માં "મધ્યસ્થીના સિદ્ધાંત અને વ્યવહારમાં સઘન તાલીમ" માટે બત્રીસ કલાકનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ શરૂ કર્યો હતો. યુ.એસ. એજ્યુકેશનલ ફાઉન્ડેશન ઇન ઇન્ડિયા (USEFI) એ જૂન ૨૦૦૩માં જોધપુર, હૈદરાબાદ અને બોમ્બે ખાતે તાલીમ કાર્યશાળાઓનું આયોજન કર્યું હતું. ચેન્નાઈ મધ્યસ્થી કેન્દ્રનું ઉદ્ઘાટન ૯ એપ્રિલ, ૨૦૦૫ના રોજ કરવામાં આવ્યું હતું અને તે મદ્રાસ ઉચ્ચ ન્યાયાલય પરિસરમાં કાર્યરત હતું, જે ભારતનું પ્રથમ અદાલત-સંલગ્ન મધ્યસ્થી કેન્દ્ર બન્યું. દિલ્હી ન્યાયિક અકાદમીએ શ્રેણીબદ્ધ મધ્યસ્થી તાલીમ કાર્યશાળાઓનું આયોજન કર્યું હતું અને અકાદમીના પરિસરમાં મધ્યસ્થી કેન્દ્ર ખોલ્યું હતું, જેમાં તેના ડેપ્યુટી ડિરેક્ટરની મધ્યસ્થ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. દિલ્હી ઉચ્ચ ન્યાયાલય મધ્યસ્થી અને સમાધાન કેન્દ્ર નિયમિતપણે મધ્યસ્થી જાગૃતિ કાર્યશાળાઓ અને અદ્યતન મધ્યસ્થી તાલીમ કાર્યશાળાઓનું આયોજન કરે છે.

ભારતના તત્કાલીન મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી આર. સી. લાહોટીના તારીખ ૯ એપ્રિલ, ૨૦૦૫ના રોજના હુકમ દ્વારા મધ્યસ્થી અને સમાધાન પરિયોજના સમિતિ (MCPC)ની રચના કરવામાં આવી હતી. માનનીય ન્યાયમૂર્તિ શ્રી એન. સંતોષ હેગડે તેના પ્રથમ અધ્યક્ષ હતા. તેમાં સર્વોચ્ચ અદાલત અને ઉચ્ચ ન્યાયાલયના અન્ય ન્યાયમૂર્તિઓ, વરિષ્ઠ વકીલો અને NALSAના મેમ્બર સેક્રેટરીનો સમાવેશ થતો હતો. સમિતિએ તારીખ ૧૧ જુલાઈ, ૨૦૦૫ના રોજ યોજાયેલી તેની બેઠકમાં તીસ હજારી

અદાલતોમાં ન્યાયિક મધ્યસ્થીનો પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરવાનો નિર્ણય કર્યો હતો. તેની સફળતાથી પ્રેરિત થઇને વર્ષ ૨૦૦૬માં કડકડડૂમા ખાતે અને વર્ષ ૨૦૦૯માં રોહિણી ખાતે અન્ય એક મધ્યસ્થી કેન્દ્રની સ્થાપના કરવામાં આવી હતી. વર્ષ ૨૦૦૮માં MCPC દ્વારા બેંગ્લોર, રાંચી, ઇન્દોર અને ચંદીગઢ ખાતે ચાર પ્રાદેશિક અધિવેશનો યોજાયા હતા.

MCPC મધ્યસ્થીને લગતી નીતિગત બાબતોના વિકાસમાં અગ્રેસર છે. સમિતિના નિર્ણય મુજબ મધ્યસ્થ માટે ૪૦ કલાકની તાલીમ અને ૧૦ વાસ્તવિક મધ્યસ્થી જરૂરી હતી. આ સમિતિને કાયદાકીય બાબતોના વિભાગ દ્વારા મધ્યસ્થી તાલીમ કાર્યક્રમ, રેફરલ ન્યાયાધીશો તાલીમ કાર્યક્રમ, જાગૃતિ કાર્યક્રમ અને પ્રશિક્ષક કાર્યક્રમની તાલીમ યોજવા માટે સહાય અનુદાન મંજૂર કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત સહાય અનુદાન સાથે, સમિતિએ માર્ચ, ૨૦૧૦ સુધી દેશના વિવિધ ભાગોમાં ૫૨ જાગૃતિ કાર્યક્રમો/રેફરલ ન્યાયાધીશ તાલીમ કાર્યક્રમો અને ૫૨ મધ્યસ્થી તાલીમ કાર્યક્રમો આયોજિત કર્યા હતા. આશરે ૮૬૯ વ્યક્તિઓએ ૪૦ કલાકની તાલીમ મેળવેલ છે. સમિતિ રાષ્ટ્રીય મધ્યસ્થી કાર્યક્રમને આખરી ઓપ આપવાની પ્રક્રિયામાં છે. તેના કાર્યોને સંસ્થાગત બનાવવા અને તેને દેશના તમામ તાલીમ કાર્યક્રમોની સર્વોચ્ચ સંસ્થા તરીકે પરિવર્તિત કરવાના પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે.

ભારતની સર્વોચ્ચ અદાલતે સેલમ બાર એસોસિએશન દ્વારા દાખલ કરવામાં આવેલા કેસમાં નવા કાયદાકીય સુધારાઓની બંધારણીય માન્યતાને સમર્થન આપ્યું હતું અને નવા કાયદામાં જો કોઈ ખામી હોય તો તેને દૂર કરવા અને દીવાની અદાલતોમાં મધ્યસ્થી પ્રક્રિયાઓના અમલીકરણ માટે નિયમો સૂચવવા અને ઘડવા માટે ભારતના કાયદા પંચના અધ્યક્ષ ન્યાયમૂર્તિ શ્રી જગન્નાથ રાવની અધ્યક્ષતામાં એક સમિતિની નિમણૂક કરી હતી. કાયદા પંચે મધ્યસ્થી અને કેસના સંચાલન પર પરામર્શ પત્રો તૈયાર કર્યા હતા અને આદર્શ નિયમો તૈયાર કરી પરિપત્રિત કર્યા હતા. સર્વોચ્ચ અદાલતે આદર્શ નિયમોને મંજૂરી આપી અને દરેક ઉચ્ચ ન્યાયાલયને આવા નિયમો ઘડવાનો નિર્દેશ આપ્યો. ભારતના કાયદા પંચે ૩જી અને ૪થી મે ૨૦૦૩ના રોજ નવી દિલ્હીમાં કેસ સંચાલન, સમાધાન અને મધ્યસ્થી પર આંતરરાષ્ટ્રીય અધિવેશનનું આયોજન કર્યું હતું, જે એક મોટી સફળતા હતી. દિલ્હી જિલ્લા અદાલતોએ તેમના ન્યાયાધીશોને મધ્યસ્થ તરીકે તાલીમ આપવા અને અદાલત-સંલગ્ન મધ્યસ્થી કેન્દ્રની સ્થાપના કરવામાં સહાય કરવા માટે ISDLSને આમંત્રણ આપ્યું હતું. દિલ્હી ઉચ્ચ ન્યાયાલયે તેના પોતાના વકીલો દ્વારા સંચાલિત મધ્યસ્થી અને સમાધાન કેન્દ્ર શરૂ કર્યું હતું. કર્ણાટક ઉચ્ચ ન્યાયાલયે પણ અદાલત-સંલગ્ન મધ્યસ્થી અને સમાધાન કેન્દ્ર શરૂ કર્યું હતું અને ISDLSની મદદથી તેમના મધ્યસ્થોને તાલીમ આપી હતી. હવે અલ્હાબાદ, લખનૌ, ચંદીગઢ, અમદાવાદ, રાજકોટ, જામનગર, સુરત અને ભારતના અન્ય ઘણા જિલ્લાઓમાં સુનાવણી અદાલતોમાં અદાલત-સંલગ્ન મધ્યસ્થી કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે.

અદાલતના હુકમ દ્વારા મધ્યસ્થીને હવે કાનૂની મંજૂરી મળી ગઈ છે. હવે ભારતની ઘણી અદાલતોમાં અદાલત-સંલગ્ન મધ્યસ્થી અને સમાધાન કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી છે અને અદાલતોએ આવા કેન્દ્રોમાં કેસ મોકલવાનું શરૂ કર્યું છે. અદાલત દ્વારા મધ્યસ્થી માટે મોકલવામાં આવતા દાવાઓ કે જેમાં અદાલત દાવાને માત્ર મધ્યસ્થ પાસે મોકલે છે તેનાથી વિપરીત, અદાલત-સંલગ્ન મધ્યસ્થીમાં તે જ ન્યાયિક પ્રણાલીના અભિન્ન અંગ તરીકે અદાલત દ્વારા મધ્યસ્થી સેવાઓ પ્રદાન કરવામાં આવે છે. અદાલત-સંલગ્ન મધ્યસ્થીની એક વિશેષતા એ છે કે ન્યાયાધીશો, વકીલો અને અરજદારો તેમાં સહભાગી બને છે, જેનાથી તેમને એવી લાગણીનો અનુભવ થાય છે કે ન્યાય વિતરણ પ્રણાલીમાં ત્રણેય પરિબળો દ્વારા વાટાઘાટો થકી પતાવટ કરવામાં આવી છે. જ્યારે કોઈ ન્યાયાધીશ પ્રક્રિયા પર એકંદરે દેખરેખ રાખીને અદાલત-સંલગ્ન મધ્યસ્થી માટે કેસ મોકલે છે, ત્યારે કોઈને એવું લાગતું નથી કે તંત્રએ કેસનો ત્યાગ કર્યો છે. ન્યાયાધીશ આ કેસને તંત્રમાંના જ મધ્યસ્થ પાસે મોકલે છે. એ જ વકીલો કે જે કેસ લડે છે તેઓ તેમની રજૂઆતો જાળવી રાખે છે અને તે જ વ્યવસ્થામાં મધ્યસ્થ વ્યક્તિઓ સમક્ષ તેમના અસીલોનું પ્રતિનિધિત્વ કરવાનું ચાલુ રાખે છે. પક્ષકારોને વિવાદોના નિવારણમાં તેમની પોતાની સહભાગી ભૂમિકા ભજવવાની તક આપવામાં આવે છે. જેથી આ પ્રક્રિયાને અદાલતી વ્યવસ્થાની જેમ જ જાહેર સ્વીકૃતિ મળે છે, જેણે પ્રામાણિકતા અને નિષ્પક્ષતાને કારણે લોકોનો વિશ્વાસ મેળવ્યો છે, જે નિયંત્રણ જાળવી રાખે છે અને વિશેષ સેવા પૂરી પાડે છે. અદાલત-સંલગ્ન મધ્યસ્થીમાં વિવાદોના નિવારણ માટે અદાલત એ કેન્દ્રીય સંસ્થા છે. અદાલતો દ્વારા મોકલવામાં આવતા કેસો સહિત જ્યાં વૈકલ્પિક તકરાર નિવારણ પ્રક્રિયાઓ પર અદાલત દ્વારા દેખરેખ રાખવામાં આવે છે, ત્યાં નિશ્ચિતપણે ન્યાય વિતરણનો પ્રયાસ સારી રીતે સંકલિત થઈ શકે છે.

અદાલતના નિયંત્રણ, માર્ગદર્શન અને દેખરેખ હેઠળની વૈકલ્પિક તકરાર નિવારણ સેવાઓ વધુ પ્રામાણિક અને સરળ રીતે સ્વીકાર્ય હશે. આથી એ વાત સુનિશ્ચિત થશે કે મધ્યસ્થી એ ન્યાયિક વ્યવસ્થાની પૂરક છે, પ્રતિસ્પર્ધી નહીં. આ વ્યવસ્થાને ન્યાયાધીશો તરફથી સકારાત્મક અને સ્વૈચ્છિક સમર્થન મળશે જેઓ મધ્યસ્થને વ્યવસ્થાના અભિન્ન ભાગ તરીકે સ્વીકારશે. જો ન્યાયાધીશ અદાલત-સંલગ્ન મધ્યસ્થી સેવાઓને મધ્યસ્થી માટે મોકલે છે, તો મધ્યસ્થી પ્રક્રિયા વધુ ઝડપી અને સુમેળપૂર્ણ બનશે. તે અદાલત અને મધ્યસ્થ વચ્ચેના કેસને ઝડપી અને હેતુપૂર્ણ રીતે આગળ વધારવામાં પણ મદદ કરશે. આ ઉપરાંત, કેટલીક બાબતોને મધ્યસ્થી માટે મોકલવાનું સરળ બનશે અને બાકી બાબતોની યોગ્ય કેસોમાં સુનાવણી હાથ ધરવામાં આવશે. અદાલત-સંલગ્ન મધ્યસ્થીથી એવું અનુભવાશે કે અદાલત પોતે તેના કેસોનું ભારણ, સંચાલન થઇ શકે તેવા સ્તર સુધી ઘટાડવામાં મધ્યસ્થી દ્વારા પ્રયત્નો કરી રહી છે અને તેથી મધ્યસ્થી માટે કેસ મોકલવા એ સ્વૈચ્છિક પગલું હશે. આ રીતે અદાલત-સંલગ્ન મધ્યસ્થીથી પ્રક્રિયાને સાતત્ય પ્રદાન કરતી સમાન વ્યવસ્થા દ્વારા વધુ એક સાધન મળશે, અને સૌથી મહત્વનું, તંત્ર માટે અદાલત એક કેન્દ્રિય સંસ્થા બની રહેશે. આથી અદાલત અને સમાજ વચ્ચે જાહેર-

ખાનગી ભાગીદારી પણ સ્થાપિત થશે. અદાલત અને મધ્યસ્થી સાથે મળીને કાર્ય કરે છે, તેવી લોકભાવનાથી પતાવટ સંતોષકારક અને ઝડપી થશે.

પ્રકરણ-૨

સંઘર્ષની સમજણ

સંઘર્ષનું સ્વરૂપ

સંઘર્ષનું સ્વરૂપ અને સંઘર્ષ-નિવારણના સિદ્ધાંતો, કે જે મધ્યસ્થી પ્રક્રિયાના આધાર છે, તેની તપાસ સાથે મધ્યસ્થીનો અભ્યાસ શરૂ કરવો યોગ્ય રહેશે. આપણે સૌપ્રથમ સંઘર્ષને સમજવાનો પ્રયાસ કરીશું, પછી વાટાઘાટો દ્વારા સંઘર્ષનું સંચાલન કરવાની જરૂરિયાતને તપાસીશું અને અંતે સંઘર્ષને અસરકારક રીતે ઉકેલવા માટે મદદરૂપ વાટાઘાટો તરીકે મધ્યસ્થીનો અભ્યાસ કરીશું. આ એટલા માટે જરૂરી છે કે આપણે સંઘર્ષને કેવી રીતે સમજીએ છીએ તેના પરથી નક્કી થાય છે કે આપણે કેવી રીતે મધ્યસ્થી કરીશું.

જીવનમાં લોકો, જૂથો અને રાષ્ટ્રો વચ્ચે અનેક મતભેદો જોવા મળે છે. જેમાં સાંસ્કૃતિક મતભેદો, વ્યક્તિત્વના મતભેદો, અભિપ્રાયના મતભેદો, અને પરિસ્થિતિગત મતભેદોનો સમાવેશ થાય છે. વણઉકેલાયેલા મતભેદોમાંથી અસંમતિનો જન્મ થાય છે. અસંમતિથી સમસ્યા ઉભી થાય છે. વણઉકેલાયેલી અસંમતિ વિવાદમાં પરિણમે છે. વણઉકેલાયેલા વિવાદો સંઘર્ષોનું સ્વરૂપ લે છે. વણઉકેલાયેલા સંઘર્ષો હિંસા અને યુદ્ધમાં પણ પરિણમે છે. આને તણાવનો અવિરત પ્રવાહ કહેવાય છે અને જેને નીચે દર્શાવેલ ચાર્ટ દ્વારા સમજી શકાય છેઃ

તણાવનો અવિરત પ્રવાહ



આપણે સંઘર્ષના સ્વરૂપનો ત્રણ વ્યાપક પરિમાણોમાં અભ્યાસ કરીશું. (૧) ભયની લાગણી જેનાથી તે ઉદ્ભવે છે (સંઘર્ષનું મૂળ), (૨) જ્યારે તે મોટું સ્વરૂપ લે ત્યારે શું થાય છે (સંઘર્ષનું ગૂંચળું), (૩) સંઘર્ષના ત્રણ પ્રાથમિક પાસાઓ કે જેના પર મધ્યસ્થીએ કાર્ય કરવાની જરૂર છે (સંઘર્ષ ત્રિકોણ).' આ પરિમાણોને સમજવાથી આપણને સંઘર્ષ પ્રત્યેના આપણા પોતાના તેમજ આપણા પક્ષકારોના અભિગમોને સમજવામાં પણ મદદ મળશે.

સંઘર્ષના પરિમાણો

૧) સંઘર્ષનું મૂળ

સંઘર્ષના મૂળની આકૃતિ દર્શાવે છે કે કેવી રીતે કોઈપણ સંઘર્ષના મૂળમાં, વ્યક્તિઓ, જૂથો, સમુદાયો અથવા રાષ્ટ્રો સંબંધિત ભયની લાગણી રહેલી છે. જ્યારે કોઈ અસંમતિ, સતામણી, સ્પર્ધા અથવા અસમાનતા મનુષ્યના ગૌરવ, વ્યક્તિગત પ્રતિષ્ઠા, શારીરિક સલામતી, મનોવૈજ્ઞાનિક જરૂરિયાતો, વ્યાવસાયિક મૂલ્ય, સામાજિક દરજ્જો, નાણાકીય સુરક્ષા, સામુદાયિક મુદ્દાઓ, ધાર્મિક આસ્થા અથવા રાષ્ટ્રીય ગૌરવના કોઈપણ પાસાને જોખમમાં મૂકે છે ત્યારે આ ભયની લાગણી ઉભરી આવે છે. આ યાદી સંપૂર્ણ નથી અને માત્ર ડરના મોટા ક્ષેત્રોને દર્શાવે છે. જ્યાં સુધીમાં પક્ષકારો વાતચીત અથવા મધ્યસ્થી શરૂ કરે ત્યાં સુધીમાં, તેમને સામા પક્ષકાર અને પોતાની જાત બંને તરફથી ભય અનુભવાય છે! ભય, શંકા, અસહાયતા, હતાશા, શરમ, ગુસ્સો, દુઃખ, અપમાન, અવિશ્વાસ, નિરાશા, બદલો અને ઘણી બધી મિશ્ર લાગણીઓ છે જેને ધ્યાને લેવાની જરૂર છે. આ લાગણીઓ પર ધ્યાન આપવામાં નિષ્ફળતા પક્ષકારોને તેમના સંઘર્ષોનું નિવારણ લાવતા અટકાવશે.

સંઘર્ષનું મૂળ અને સંઘર્ષનું ગૂંચળું



૨) સંઘર્ષનું ગૂંચળું

જ્યારે કોઇ સંઘર્ષ તીવ્ર બને છે, ત્યારે પ્રારંભિક તણાવનો વ્યાપ વધવા લાગે છે, જે વ્યક્તિઓ, સંબંધો, કાર્યો, નિર્ણયો, સંસ્થાઓ અને સમુદાયોને અસર કરે છે. સંઘર્ષની આ બાહ્ય અભિવ્યક્તિને જ સંઘર્ષનું ગૂંચળું કહેવાય છે.

વ્યક્તિગત પ્રતિભાવો. સંઘર્ષનો તણાવ ચિંતા, ગુસ્સો, દુશ્મનાવટ, હતાશા અને સંબંધોમાં બદલો લેવાની તીવ્ર લાગણીઓને પણ ઉત્તેજિત કરે છે. સામેના પક્ષકારની દરેક ક્રિયા અથવા નિષ્ક્રિયતા શંકાસ્પદ બની જાય છે. લોકો સમસ્યાને કેવી રીતે જુએ છે અને તેઓ જે ઉકેલોની માંગ કરે છે તેમાં તેઓ વધુને વધુ કઠોર બનતા જાય છે. તેમના માટે સ્પષ્ટ રીતે વિચારવું મુશ્કેલ બની શકે છે. આથી પક્ષકારોને ખરેખર એક એવા મંચની જરૂર છે જે માત્ર તેમના વિવાદને નહીં પણ તેમની

લાગણીઓને સમજશે અને તેનું સમાધાન કરશે. લાગણીઓને ધ્યાને લીધા વિના વાસ્તવિક નિરાકરણ લાવવું મુશ્કેલ છે.

સામુદાયિક પ્રતિભાવો. એક જ સંસ્કૃતિ અથવા સમુદાયના તમામ સભ્યોની વ્યક્તિગત પ્રતિક્રિયાઓ હંમેશા સમાન ન હોઇ શકે, તેમ છતાં લાગણીઓ એક મહત્વપૂર્ણ સામાજીક અને સાંસ્કૃતિક સંદર્ભ ધરાવે છે. કોઈપણ વિવાદમાં તેના સામાજીક અને સાંસ્કૃતિક સંદર્ભોની અસર હોય છે. જ્યારે વિવાદ તેની આસપાસના લોકોને પ્રભાવિત કરવાનું શરૂ કરે છે, ત્યારે લોકો કોઇ એક પક્ષની તરફેણ કરે છે અથવા તેનાથી દૂર રહે છે. જ્યારે વિવાદમાં પરિવાર અથવા સમાજનો કોઇ સભ્ય હોય ત્યારે સમાજ અને પરિવારોમાં ભાગલા પડે છે. જોકે, દેશના કોઈ એક ભાગમાં લાવવામાં આવતો કૌટુંબિક વિવાદનો ઉકેલ, દેશના અન્ય ભાગમાં પણ ઉકેલ હોવાનું માની ન શકાય. તેવી જ રીતે, મહાનગર શહેરી વિસ્તાર માટેનો ઉકેલ ગ્રામીણ વિસ્તાર માટે સમાન ન પણ હોઈ શકે. શિક્ષણક્ષેત્રે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થા માટેનો ઉકેલ ઇન્ફોર્મેશન ટેકનોલોજી પેઢી માટેનો ઉકેલ ન પણ હોઈ શકે.

કાનૂની સલાહ. સંઘર્ષમાં ઘણીવાર કાનૂની સલાહ મહત્વપૂર્ણ બની જાય છે. તેનાથી, તણાવમાં વધારો થાય છે અને પક્ષકારો પરિસ્થિતિને પોતાની રીતે નિયંત્રિત કરી શકતા નથી. તટસ્થ વ્યક્તિની મદદથી પક્ષકારો વચ્ચે વાતચીતની પ્રક્રિયા દ્વારા સૌને સ્વીકાર્ય હોય તેવું શક્ય નિરાકરણ લાવી શકાય છે.

સંઘર્ષનું સાર્વજનિક થવું

ક્યારેક સંઘર્ષ સાર્વજનિક બની જાય છે. દરેક પક્ષ જડ સ્થિતિ ધારણ કરી લે છે અને તેના હેતુ માટે સાથીઓને એકઠા કરે છે. જે કારણે સંઘર્ષ મૂળ પક્ષકારોના નિયંત્રણની બહાર જઇ શકે છે. તે જનતા અને મીડિયાનું ધ્યાન પણ આકર્ષિત કરી શકે છે. જૂના અને નવા પક્ષકારોના સંબંધો વધુ જટિલ બની જાય છે. તેથી મૂળ સંઘર્ષને ઉકેલવો વધુ મુશ્કેલ બની જાય છે.

૩) સંઘર્ષ ત્રિકોણ*

સંઘર્ષ ત્રિકોણ તેની ત્રણ બાજુઓમાં સંઘર્ષના ત્રણ પ્રાથમિક પાસાઓ, એટલે કે લોકો, પ્રક્રિયા અને સમસ્યાને સમાવે છે. આ સંઘર્ષ ત્રિકોણ, સંઘર્ષને સમજવા અને તેને ઉકેલવા માટેનું મૂળભૂત માળખું છે. આ સંઘર્ષ ત્રિકોણની દરેક બાજુના ઘટકો અલગ-અલગ વ્યક્તિઓ, પરિસ્થિતિઓ અને સમસ્યાઓ માટે અલગ હોવાથી તેમને અલગ-અલગ ઉકેલોની જરૂર પડે છે.

* સંઘર્ષના મૂળ, ગૂંચળા અને ત્રિકોણની વિભાવનાઓ અને વિચારોની સ્વીકૃતિઃ ફ્રેન્ડ્સ કોન્ફ્લિક્ટ રિઝોલ્યુશન પ્રોગ્રામ્સ દ્વારા તૈયાર કરાયેલી, જેનિફર ઇ. બીયર અને ઇલીન સ્ટીફ દ્વારા લખાયેલી 'ધ મીડિએટર્સ હેન્ડબુક', સુધારેલી અને વિસ્તૃત ત્રીજી આવૃત્તિ, ન્યૂ સોસાયટી પબ્લિશર્સ

૧. **લોકો.** કોઈપણ સંઘર્ષનો સામનો કરવા માટે લોકો સાથે કામ કરવું પડે છે. લોકો વિવિધ વ્યક્તિગત, સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક પૃષ્ઠભૂમિમાંથી આવતા હોય છે. વિવિધ પરિસ્થિતિઓનો સામનો કરવા માટે તેમની પાસે પોતાનું અલગ વ્યક્તિત્વ, સંબંધો, ધારણાઓ, અભિગમો અને ભાવનાત્મક સાધનો હોય છે.

૨. **પ્રક્રિયા.** દરેક સંઘર્ષની તમામ પક્ષકારો વચ્ચે સંવાદ અને સંપર્કની પોતાની આગવી રીત હોય છે. દરેક સંઘર્ષ પોતાનામાં એ હદ સુધી અલગ હોય છે કે સંઘર્ષ તીવ્ર બની શકે છે, ફેલાઇ શકે છે, નિષ્ક્રિય થઇ શકે છે અથવા તેનો ઉકેલ મળી શકે છે.

૩. **સમસ્યા.** દરેક સંઘર્ષને પોતાના તત્ત્વો હોય છે. જેમાં વિવિધ પક્ષકારોના તમામ મુદ્દાઓ અને હિતો, તેમની સ્થિતિ અને સંઘર્ષ વિશેની તેમની ધારણાઓનો સમાવેશ થાય છે.

<u>**સંઘર્ષ ત્રિકોણ – ૧**</u>



<u>સંઘર્ષ ત્રિકોણ – ૨</u>

માત્ર સમસ્યા-નિવારણથી આગળ વધવું

જો પક્ષકારો તેમની ભાવનાત્મક સ્થિતિને હળવી કરીને, વાતચીત કરવાની અને તેમના મુખ્ય હિતોને જોખમમાં મૂકતી સમસ્યાઓને સંભાળવાની રીતો બદલીને સંઘર્ષ ત્રિકોણની દરેક બાજુને ન્યાય આપી શકે, તો સંઘર્ષ માત્ર ઉકેલાતો નથી, પરંતુ માનસિકતા અને ભાવના પણ બદલાય છે. તેનો અર્થ એ છે કે મધ્યસ્થી તેના શ્રેષ્ઠ રૂપે, સમસ્યાના નિરાકરણ કે સંઘર્ષના સંચાલન માત્રથી આગળનું સ્વરૂપ છે.

સંઘર્ષના કારણો અને તેના પર વિચારણા

સંઘર્ષને ઉકેલવાનું પ્રથમ પગલું તેના કારણને ઓળખવાનું છે. એકવાર કારણની ઓળખ થઈ જાય, ત્યાર પછીનું પગલું તેને પહોંચી વળવા માટેની વ્યૂહરચના ઘડવાનું છે. સંઘર્ષના કારણો અને તેમને પહોંચી વળવા માટેની વ્યૂહરચનાઓના કેટલાક ઉદાહરણો નીચે મુજબ છે.

કારણો — વ્યૂહરચના

માહિતી

કારણો

- માહિતીનો અભાવ
- ખોટી માહિતી
- માહિતીના વિવિધ અર્થઘટનો

વ્યૂહરચના

- કઈ માહિતી મહત્વપૂર્ણ છે તેના પર સંમતિ
- માહિતી એકત્રિત કરવાની પ્રક્રિયા પર સંમતિ
- માહિતીના તમામ અર્થઘટનોને ધ્યાને લેવા સંમતિ

હિત અને અપેક્ષાઓ

કારણો

- ધ્યેય, જરૂરિયાતો
- ધારણાઓ

વ્યૂહરચના

- સ્થિતિ પરથી હિત તરફ ધ્યાન કેન્દ્રિત કરવું
- વિકલ્પોનો વિસ્તાર કરવો
- સર્જનાત્મક ઉકેલો શોધવા
- ધારણાઓને સ્પષ્ટ કરવી

સંબંધો

કારણો

- બિનઅસરકારક સંચાર
- વારંવાર નકારાત્મક વર્તન
- ખોટી ધારણાઓ, રૂઢિગત માન્યતાઓ
- અવિશ્વાસ
- સંઘર્ષનો ભૂતકાળ

વ્યૂહરચના

- પાયાના નિયમો સ્થાપિત કરવા
- ગેરસમજોની સ્પષ્ટતા કરવી
- સંચારમાં સુધાર કરવો
- પ્રક્રિયાઓ અને કાર્યવાહીઓ પર સંમતિ સાધવી
- વચનનું પાલન કરવું
- ભૂતકાળની વાતો પર સમય ન વેડફીને, ભવિષ્યને સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવું

માળખાકીય સંઘર્ષો

કારણો

- સંસાધનો
- સત્તા
- સમય-મર્યાદા

વ્યૂહરચના

- માલિકી અને નિયંત્રણની પુનઃફાળવણી કરવી
- નિષ્પક્ષ અને સર્વસ્વીકૃત નિર્ણય લેવાની પ્રક્રિયા સ્થાપિત કરવી
- ભૂમિકાને સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત કરી, બદલાવ લાવવો

મૂલ્યો

કારણો

- વિચારોના મૂલ્યાંકન માટે વિવિધ માપદંડ
- જીવન જીવવાની વિવિધ રીતો, વિચારધારા અને ધર્મની વિભિન્નતા

વ્યૂહરચના

- સર્વશ્રેષ્ઠ લક્ષ્યની શોધ
- પક્ષકારોને સંમત અને અસંમત થવાની અનુમતિ આપવી
- સહિયારી વફાદારી કેળવવી

પ્રકરણ-૩

મધ્યસ્થીનો ખ્યાલ

૧. મધ્યસ્થી એ સ્વૈચ્છિક, પક્ષકાર-કેન્દ્રિત અને માળખાગત વાટાઘાટોની પ્રક્રિયા છે, જ્યાં તટસ્થ ત્રાહિત વ્યક્તિ પક્ષકારોને વાતચીત અને વાટાઘાટોની વિશિષ્ટ તકનીકોનો ઉપયોગ કરીને તેમના વિવાદનું સૌહાર્દપૂર્ણ રીતે નિરાકરણ લાવવામાં મદદ કરે છે. મધ્યસ્થીમાં, પક્ષકારોને કઇ શરતો સાથે વિવાદની પતાવટ કરવી અને પતાવટ કરવી કે નહીં તેનો નિર્ણય કરવાનો અધિકાર હોય છે. જોકે મધ્યસ્થ તેમને સંચાર અને વાટાઘાટોનું વાતાવરણ પૂરું પાડે છે, તેમ છતાં પક્ષકારોનું વિવાદના પરિણામ પર નિયંત્રણ હંમેશા બની રહે છે.

૧.૧ મધ્યસ્થી સ્વૈચ્છિક છે. પક્ષકારોને વિવાદની પતાવટ કરવી કે નહીં અને વિવાદની પતાવટની શરતો નક્કી કરવાનો અધિકાર છે. જો અદાલતે મધ્યસ્થી માટે કેસ મોકલ્યો હોય અથવા કરાર અથવા કાયદા હેઠળ મધ્યસ્થીની જરૂર હોય, તો પતાવટનો નિર્ણય અને પતાવટની શરતો હંમેશા પક્ષકારોને અધીન રહે છે. આત્મનિર્ણયનો આ અધિકાર મધ્યસ્થી પ્રક્રિયાનું એક જરૂરી તત્વ છે. તેના પરિણામે પક્ષકારો દ્વારા જાતે જ પતાવટ કરવામાં આવે છે અને તેથી તે તેમને સ્વીકાર્ય રહે છે. મધ્યસ્થીના પરિણામ પર સર્વોચ્ચ નિયંત્રણ પક્ષકારોનું હોય છે. કોઈપણ પક્ષકાર મધ્યસ્થી કાર્યવાહીની સમાપ્તિ પહેલાં અને કોઈ કારણ આપ્યા વિના કોઈપણ તબક્કે અલગ થઇ શકે છે.

૧.૨ મધ્યસ્થી એ પક્ષકાર-કેન્દ્રિત વાટાઘાટ પ્રક્રિયા છે. મધ્યસ્થી પ્રક્રિયાનું કેન્દ્રબિંદુ પક્ષકારો હોય છે, નહીં કે તટસ્થ મધ્યસ્થ. મધ્યસ્થી પક્ષકારોના વિવાદના સમાધાનમાં તેમની સક્રિય અને પ્રત્યક્ષ ભાગીદારીને પ્રોત્સાહિત કરે છે. મધ્યસ્થ, વકીલો અને અન્ય સહભાગીઓ પણ મધ્યસ્થીમાં સક્રિય ભૂમિકા ભજવે છે, તેમ છતાં મુખ્ય ભૂમિકા પક્ષકારોની જ રહે છે. તેમને વિવાદની વાસ્તવિક પૃષ્ઠભૂમિ સમજાવવા, મુદ્દાઓ અને નિહિત હિતોને ઓળખવા, સમજૂતી માટેના વિકલ્પો શોધવા અને સમાધાન અંગે અંતિમ નિર્ણય લેવા માટે સક્રિયપણે પ્રોત્સાહન આપવામાં આવે છે.

૧.૩ જોકે, મધ્યસ્થી પ્રક્રિયા અનૌપચારિક છે, એટલે કે તે પુરાવાના નિયમો અને પ્રક્રિયાના ઔપચારિક નિયમો દ્વારા સંચાલિત નથી અને તે એક કામચલાઉ અથવા અવિચારી પ્રક્રિયા નથી. મધ્યસ્થી પોતે સ્પષ્ટ રીતે ઓળખી શકાય તેવા તબક્કાઓ સાથેની માળખાગત અને ઔપચારિક પ્રક્રિયા છે. જોકે, આ તબક્કાઓને અનુસરવામાં થોડી છૂટછાટ પણ છે.

૧.૪ ટૂંકમાં, મધ્યસ્થી એ મદદરૂપ વાટાઘાટની પ્રક્રિયા છે. મધ્યસ્થી વાસ્તવિક/કાનૂની મુદ્દાઓ અને વિવાદના નિહિત કારણો બંનેને ધ્યાને લે છે. આમ, મધ્યસ્થી મોટે ભાગે હકીકતો, કાયદા અને પક્ષકારોના નિહિત હિતો, જેમ કે વ્યક્તિગત, વ્યાવસાયિક/વ્યાપારી, પારિવારિક, સામાજિક અને સામુદાયિક હિતો પર કેન્દ્રિત છે. મધ્યસ્થીનો ધ્યેય પરસ્પર સ્વીકાર્ય ઉકેલ શોધવાનો છે જે પક્ષકારોની જરૂરિયાતો, ઇચ્છાઓ અને હિતોને પર્યાપ્ત અને કાયદેસર રીતે સંતોષી શકે.

૧.૫ મધ્યસ્થી એક કાર્યક્ષમ, અસરકારક, ઝડપી, અનુકૂળ અને ઓછી ખર્ચાળ પ્રક્રિયા છે, જેમાં વિવાદનું નિરાકરણ સન્માન, પરસ્પર આદર અને સભ્યતા સાથે લાવવામાં આવે છે.

૧.૬ મધ્યસ્થીનું સંચાલન એક તટસ્થ મધ્યસ્થ દ્વારા કરવામાં આવે છે, જેમાં મધ્યસ્થ એક ત્રાહિત પક્ષ હોય છે. મધ્યસ્થ સમગ્ર મધ્યસ્થી પ્રક્રિયા દરમિયાન નિષ્પક્ષ, સ્વતંત્ર અને ઉદ્દેશ્યપૂર્ણ રહે છે અને પક્ષકારોને તેમના વિવાદને ઉકેલવામાં મદદ કરે છે. મધ્યસ્થ એક માર્ગદર્શક છે જે પક્ષકારોને વિવાદનો ઉકેલ શોધવામાં મદદ કરે છે. મધ્યસ્થની વ્યક્તિગત પસંદગીઓ અથવા ધારણાઓની, વિવાદ નિવારણ પ્રક્રિયા પર કોઈ અસર થતી નથી.

૧.૭ મધ્યસ્થીમાં મધ્યસ્થ, તકરાર નિવારણ પ્રક્રિયાને સરળ બનાવીને પક્ષકારો સાથે મળીને કામ કરે છે અને પક્ષકારો પર નિર્ણય લાદીને વિવાદનો ચુકાદો આપતો નથી. મધ્યસ્થની ભૂમિકા સહાયક અને મૂલ્યાંકનકાર બંનેની હોય છે. એક મધ્યસ્થ જ્યારે પક્ષકારો વચ્ચેની વાતચીતનું સંચાલન કરે છે અને તેમની વચ્ચેની વાતચીતને પ્રોત્સાહન આપે છે અને આગળ વધારે છે અને તેમના દ્વારા ઊભા કરાતા વિક્ષેપો અને ભાવાવેશને નિયંત્રણમાં રાખે છે અને તેમને સૌહાર્દપૂર્ણ સમાધાન સુધી પહોંચવા માટે પ્રેરિત કરે છે ત્યારે તે *સહાયકની* ભૂમિકા ભજવે છે. જ્યારે એક મધ્યસ્થ દરેક પક્ષકારને દાવા/બચાવના ગુણદોષનું વિશ્લેષણ કરવામાં અને સુનાવણીમાં સંભવિત પરિણામનું આકલન કરવામાં મદદ કરે છે ત્યારે તે *મૂલ્યાંકનકારની* ભૂમિકા ભજવે છે તેમ કહેવાય.

૧.૮ મધ્યસ્થ દ્વારા સંચારની કુશળતા અને વાટાઘાટોની તકનીકોની વિશેષતાઓનો ઉપયોગ કરીને પક્ષકારો વચ્ચે પરિણામલક્ષી વાતચીતને સરળ બનાવાય છે, જેથી વાટાઘાટના અવરોધો દૂર કરી શકાય અને પરસ્પર સ્વીકાર્ય ઉકેલો મેળવી શકાય.

૧.૯ મધ્યસ્થી એ જાહેર નહીં, પરંતુ એક ખાનગી પ્રક્રિયા છે. મધ્યસ્થી **ગોપનીય** પ્રક્રિયા છે, એટલે કે મધ્યસ્થી દરમિયાન કરવામાં આવેલા નિવેદનો તમામ પક્ષકારોની લેખિત સંમતિ વિના દીવાની કાર્યવાહીમાં અથવા અન્યત્ર જાહેર કરી શકાતા નથી. કોઈપણ પક્ષકાર દ્વારા આપવામાં આવેલ કોઈપણ નિવેદન અથવા માહિતી અને મધ્યસ્થી માટે/દરમિયાન રજૂ કરાયેલ અથવા તૈયાર કરાયેલ કોઈપણ દસ્તાવેજ કોઈપણ કાર્યવાહીમાં સ્વીકાર્ય રહેતા નથી અને રજૂ કરી શકાતા

નથી. મધ્યસ્થી દરમિયાન અપાયેલી કોઈપણ છૂટછાટ અથવા કરાયેલી સ્વીકૃતીનો કોઈપણ કાર્યવાહીમાં ઉપયોગ કરી શકાતો નથી. વધુમાં, મધ્યસ્થી પ્રક્રિયા દરમિયાન પક્ષકાર દ્વારા મધ્યસ્થને આપવામાં આવેલી કોઈપણ માહિતી અન્ય પક્ષકારને જાહેર કરવામાં આવતી નથી, સિવાય કે પ્રથમ પક્ષકાર દ્વારા વિશેષ મંજૂરી આપવામાં આવે. મધ્યસ્થી દરમિયાન શું થયું તેની કોઈ નોંધ તૈયાર કરાતી નથી.

૧.૧૦ દાવા દરમિયાન મધ્યસ્થી માટે મોકલવામાં આવેલા કેસમાં થયેલ પતાવટની લેખિતમાં નોંધ થવી, સંબંધિત પક્ષો દ્વારા તેના પર સહીઓ થવી અને યોગ્ય આદેશ થવા માટે અદાલતમાં રજૂ થવું જરૂરી છે. દાવા પહેલાના તબક્કે થયેલ પતાવટ એ એક કરાર છે, જે પક્ષકારોને બંધનકર્તા અને અમલપાત્ર હોય છે.

૧.૧૧ વિવાદનું સમાધાન કરવામાં નિષ્ફળતાની સ્થિતિમાં, મધ્યસ્થના અહેવાલમાં નિષ્ફળતાના કારણનો ઉલ્લેખ હોતો નથી. અહેવાલમાં માત્ર "સમાધાન થયું નથી" એવું લખવામાં આવશે.

૧.૧૨ મધ્યસ્થને કોઈ પણ કાર્યવાહીમાં જુબાની આપવા અથવા મધ્યસ્થી દરમિયાન શું થયું તે અદાલત સમક્ષ જાહેર કરવા માટે બોલાવી શકાતો નથી.

૧.૧૩ મધ્યસ્થી પ્રક્રિયાના પક્ષકારો તેમના કાનૂની અધિકારો અથવા જવાબદારીઓને અવગણીને પણ સૌહાર્દપૂર્ણ પતાવટ માટે સંમત થવા સ્વતંત્ર છે.

૧.૧૪ કોઈ ચોક્કસ કેસમાં મધ્યસ્થી, સંદર્ભિત વિવાદ સુધી જ મર્યાદિત ન રહેવી જોઇએ, પરંતુ અન્ય તમામ જોડાયેલા અથવા સંબંધિત વિવાદોના સમાધાન તરફ પણ આગળ વધવી જોઇએ.

મધ્યસ્થીના પ્રકારો

૧. **અદાલત-સંદર્ભિત મધ્યસ્થી-** તે અદાલતના અનિર્ણિત કેસોને લાગુ પડે છે અને એવા કેસો જેને અદાલત, દીવાની કાર્યરીતિ સંહિતા, ૧૯૦૮ની કલમ ૮૯ હેઠળ મધ્યસ્થી માટે મોકલે છે.

૨. **ખાનગી મધ્યસ્થી-** ખાનગી મધ્યસ્થીમાં, લાયકાત ધરાવતા મધ્યસ્થો, મધ્યસ્થી દ્વારા વિવાદોના ઉકેલ માટે અદાલત, જાહેર સભ્યો, વ્યાપારી ક્ષેત્રના સભ્યો અને સરકારી ક્ષેત્રને પણ ખાનગી અને સેવા-મુજબ-ફીના ધોરણે તેમની સેવાઓ પ્રદાન કરે છે. ખાનગી મધ્યસ્થીનો ઉપયોગ અદાલતના અનિર્ણિત કેસો અને દાવો દાખલ થયા પહેલાના વિવાદોમાં કરી શકાય છે.

મધ્યસ્થીના ફાયદાઓ

૧. પક્ષકારો પાસે આ મુજબ મધ્યસ્થી પ્રક્રિયા પર **નિયંત્રણો** હોય છે. ૧) *વ્યાપ* (પ્રક્રિયા દરમિયાન વિવાદના સંદર્ભ અથવા મુદ્દાઓની શરતોને મર્યાદિત અથવા વિસ્તૃત કરી શકાય છે) અને ૨) *પરિણામ* (પતાવટની શરતો અને પતાવટ કરવી કે નહીં તે નક્કી કરવાનો અધિકાર).

૧.૧ મધ્યસ્થી એ **સહભાગી** પ્રક્રિયા છે. પક્ષકારોને તેમનો કેસ તેમના પોતાના શબ્દોમાં રજૂ કરવાની અને વાટાઘાટોમાં પ્રત્યક્ષ રીતે ભાગ લેવાની તક મળે છે.

૧.૨ પ્રક્રિયા **સ્વૈચ્છિક** છે અને કોઈપણ પક્ષ કોઈપણ તબક્કે તેમાંથી બહાર નીકળી શકે છે, જો તેને લાગે કે તે તેને કોઇ મદદ મળી રહી નથી. મધ્યસ્થીનું સ્વ-નિર્ધારિત સ્વરૂપ પતાવટના અનુપાલનની ખાતરી આપે છે.

૧.૩ આ કાર્યપદ્ધતિ **ઝડપી, અસરકારક** અને **પરવડે તેવી** છે.

૧.૪ આ કાર્યપદ્ધતિ **સરળ** અને **અનુકૂળ** છે. દરેક કેસની જરૂરીયાત અનુરૂપ તેમાં ફેરફાર કરી શકાય છે. અનુકૂળ સમયપત્રક પક્ષકારોને તેમનું રોજ-બરોજનું કામ કરવાની મોકળાશ પણ આપે છે.

૧.૫ આ પ્રક્રિયા **અનૌપચારિક, સૌહાદપૂર્ણ** અને **અનુકૂળ** વાતાવરણમાં હાથ ધરવામાં આવે છે.

૧.૬ મધ્યસ્થી એક **નિષ્પક્ષ પ્રક્રિયા** છે. મધ્યસ્થ નિષ્પક્ષ, તટસ્થ અને સ્વતંત્ર હોય છે. મધ્યસ્થ એ સુનિશ્ચિત કરે છે કે પક્ષકારો વચ્ચે જો કોઈ અસમાન સંબંધો પહેલેથી અસ્તિત્વમાં રહેલા હોય તો તે વાટાઘાટોને અસર કરે નહીં.

૧.૭ આ પ્રક્રિયા **ગોપનીય** છે.

૧.૮ આ પ્રક્રિયા પક્ષકારો વચ્ચે વધુ સારા અને અસરકારક **સંચારની** સુવિધા પૂરી પાડે છે, જે રચનાત્મક અને અર્થપૂર્ણ વાટાઘાટો માટે અગત્યનું છે.

૧.૯ મધ્યસ્થી પક્ષકારો વચ્ચેના સંબંધો જાળવવા/સુધારવા/પુનઃસ્થાપિત કરવામાં મદદ કરે છે.

૧.૧૦ મધ્યસ્થી હંમેશા તકરાર નિવારણ પ્રક્રિયાના દરેક તબક્કે **પક્ષકારોના લાંબા ગાળાના અને નિહિત હિતોને** ધ્યાને રાખે છે, જેમ કે વિકલ્પોની તપાસ, વિકલ્પોની શોધ અને મૂલ્યાંકન તથા અંતે, ભૂતકાળ પર નહીં પરંતુ વર્તમાન અને ભવિષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરીને વિવાદનું નિવારણ. આમ, પક્ષકારોને તેમના તમામ મતભેદોને સંપૂર્ણ રીતે ઉકેલવાની તક મળે છે.

૧.૧૧ મધ્યસ્થીમાં વિવાદના **પરસ્પર લાભદાયી પતાવટથી** ઉકેલ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.

૧.૧૨ મધ્યસ્થી પતાવટ ઘણીવાર પક્ષકારો વચ્ચે **સંબંધિત/ સંલગ્ન કેસોના નિવારણ** તરફ દોરી જાય છે.

૧.૧૩ મધ્યસ્થી વિવાદના સમાધાનમાં **રચનાત્મકતાની** મંજૂરી આપે છે. પક્ષકારો તેમના કાનૂની અધિકારો અથવા જવાબદારીઓને પણ અવગણીને એવા રચનાત્મક અને બિનપરંપરાગત ઉપાયો સ્વીકારી શકે છે જે તેમના નિહિત અને લાંબા ગાળાના હિતોને સંતોષતા હોય.

૧.૧૪ જ્યારે પક્ષકારો પોતાની નિહિત જરૂરિયાતો અને હિતોને સંતોષતા પતાવટની શરતો પર સહી કરશે, ત્યારે તેનું અનુપાલન પણ થશે.

૧.૧૫ મધ્યસ્થી **નિર્ણયકતાને પ્રોત્સાહન** આપે છે. કોઈ અપીલ કે રિવિઝન અને વધુ દાવાનો કોઈ અવકાશ ન હોવાથી વિવાદોનું સંપૂર્ણ નિરાકરણ આવી જાય છે.

૧.૧૬ અદાલત-સંદર્ભિત મધ્યસ્થીમાં પતાવટ થવાના કિસ્સામાં નિયમો અનુસાર **કોર્ટ ફી પાછી આપવાને** મંજૂરી છે.

પ્રકરણ-૪

ન્યાયિક પ્રક્રિયા અને વિવિધ એ.ડી.આર. પ્રક્રિયાઓ વચ્ચે તુલના

	ન્યાયિક પ્રક્રિયા	લવાદી	મધ્યસ્થી
૧.	ન્યાયિક પ્રક્રિયા એ એક એવી ન્યાયનિર્ણય પ્રક્રિયા છે જ્યાં એક ત્રાહિત વ્યક્તિ (ન્યાયાધીશ/અન્ય સત્તાધિકારી) પરિણામ નક્કી કરે છે.	લવાદી એ એક અર્ધ-ન્યાયિક ન્યાયનિર્ણય પ્રક્રિયા છે, જેમાં અદાલત કે પક્ષકારો દ્વારા નિયુક્ત લવાદ(દો) પક્ષકારો વચ્ચેની તકરારનો નિર્ણય કરે છે.	મધ્યસ્થી એ વાટાઘાટની પ્રક્રિયા છે, નહીં કે ન્યાયનિર્ણય પ્રક્રિયા. મધ્યસ્થ, પ્રક્રિયાને સુગમ બનાવે છે. પક્ષકારો તેમના વિવાદના નિરાકરણમાં પ્રત્યક્ષ રીતે ભાગ લે છે અને પતાવટની શરતો નક્કી કરે છે.
૨.	કાર્યરીતિ અને નિર્ણય, સંબંધિત વૈધાનિક જોગવાઈઓ દ્વારા સંચાલિત, નિયંત્રિત અને નિયમિત થાય છે.	કાર્યરીતિ અને નિર્ણય, લવાદી અને સમાધાન અધિનિયમ, ૧૯૯૬ દ્વારા સંચાલિત, નિયંત્રિત અને નિયમિત થાય છે.	કાર્યરીતિ અને પતાવટ, વૈધાનિક જોગવાઈઓ દ્વારા નિયમિત, સંચાલિત કે નિયંત્રિત થતા નથી, જે સ્વતંત્રતા અને પરિવર્તનશીલતાને અવકાશ આપે છે.
૩.	નિર્ણય પક્ષકારોને બંધનકર્તા હોય છે.	લવાદીમાં ફેંસલો પક્ષકારો માટે બંધનકર્તા હોય છે.	જો પક્ષકારો પરસ્પર સંમત થાય તો જ બાધ્ય પતાવટ થાય છે.
૪.	વાદ-પ્રતિવાદ સ્વરૂપમાં હોય છે, કારણ કે તેમાં ભૂતકાળની ઘટનાઓ તથા હક અને જવાબદારીઓનું નિર્ધારણ કેન્દ્ર સ્થાને હોય છે.	વાદ-પ્રતિવાદ સ્વરૂપમાં હોય છે, કારણ કે તેમાં હક અને જવાબદારીઓનું નિર્ધારણ કેન્દ્ર સ્થાને હોય છે.	સહયોગાત્મક સ્વરૂપમાં હોય છે, કારણ કે વર્તમાન અને ભવિષ્ય કેન્દ્ર સ્થાને હોય છે તથા વિવાદોનું સમાધાન હક અને જવાબદારીઓને લક્ષમાં લીધા વિના પરસ્પર સમજૂતી દ્વારા લાવવામાં આવે છે.

૫.	પક્ષકારોની વ્યક્તિગત ઉપસ્થિતિ કે સક્રિય સામેલગીરી હંમેશા જરૂરી હોતી નથી.	પક્ષકારોની વ્યક્તિગત ઉપસ્થિતિ કે સક્રિય સામેલગીરી હંમેશા જરૂરી હોતી નથી.	પક્ષકારોની વ્યક્તિગત ઉપસ્થિતિ અને સક્રિય સામેલગીરી જરૂરી હોય છે.
૬.	ઔપચારિક કાર્યવાહી જાહેરમાં તથા ચુસ્ત પ્રક્રિયાગત તબક્કાઓમાં યોજાય છે.	ઔપચારિક કાર્યવાહી જાહેરમાં તથા ચુસ્ત પ્રક્રિયાગત તબક્કાઓમાં યોજાય છે.	અનુકૂળ પ્રક્રિયાગત તબક્કાઓમાં ખાનગીમાં બિન-ન્યાયિક અને અનૌપચારિક કાર્યવાહી યોજાય છે.
૭.	નિર્ણય અપીલપાત્ર છે.	ફેંસલો ચોક્કસ આધારો પર પડકારને અધીન હોય છે.	પતાવટના સ્વરૂપમાં હુકમનામું/હુકમ આખરી હોય છે અને અપીલપાત્ર હોતા નથી.
૮.	પક્ષકારોને એકબીજા સાથે સીધી વાતચીત કરવાની કોઈ તક હોતી નથી.	પક્ષકારોને એકબીજા સાથે સીધી વાતચીત કરવાની કોઈ તક હોતી નથી.	પક્ષકારોને મધ્યસ્થની હાજરીમાં પ્રત્યક્ષ વાતચીત કરવાની પૂરતી તક હોય છે.
૯.	તેમાં કોર્ટ ફીની ચુકવણી સામેલ હોય છે.	તેમાં કોર્ટ ફીની ચુકવણીનો સમાવેશ થતો નથી.	અદાલત સંલગ્ન મધ્યસ્થી દ્વારા પતાવટના કિસ્સામાં, અગાઉ ચૂકવવામાં આવેલી કોર્ટ ફી નિયમો અનુસાર પરત મળવાપાત્ર હોય છે.

	મધ્યસ્થી	સમાધાન	લોક અદાલત
૧.	મધ્યસ્થી એક બિન-ન્યાયનિર્ણય પ્રક્રિયા છે.	સમાધાન એક બિન-ન્યાયનિર્ણય પ્રક્રિયા છે.	લોક અદાલત જો કાનૂની સેવાઓ સત્તામંડળ અધિનિયમ, ૧૯૮૭ની કલમ ૧૯ હેઠળ સ્થાપિત કરવામાં આવે, તો તે બિન-ન્યાયનિર્ણય પ્રક્રિયા છે. લોક અદાલત જો કાનૂની સેવાઓ સત્તામંડળ અધિનિયમ, ૧૯૮૭ની કલમ ૨૨બી હેઠળ સ્થાપિત કરવામાં આવે, તો તે સમાધાનકારી અને ન્યાયનિર્ણય પ્રક્રિયા છે.
૨.	સ્વૈચ્છિક પ્રક્રિયા.	સ્વૈચ્છિક પ્રક્રિયા.	સ્વૈચ્છિક પ્રક્રિયા.
૩.	મધ્યસ્થ એ તટસ્થ ત્રાહિત વ્યક્તિ હોય છે.	સમાધાનકાર એ તટસ્થ ત્રાહિત વ્યક્તિ હોય છે.	અધ્યક્ષ એ તટસ્થ ત્રાહિત વ્યક્તિ હોય છે.
૪.	વકીલની સેવા ઉપલબ્ધ હોય છે.	વકીલની સેવા ઉપલબ્ધ હોય છે.	વકીલની સેવા ઉપલબ્ધ હોય છે.
૫.	મધ્યસ્થી એ પક્ષકાર-કેન્દ્રિત વાટાઘાટ હોય છે.	સમાધાન એ પક્ષકાર-કેન્દ્રિત વાટાઘાટ હોય છે.	લોક અદાલતમાં વાટાઘાટોનો અવકાશ મર્યાદિત હોય છે.
૬.	મધ્યસ્થનું કાર્ય મુખ્યત્વે સહાયક હોય છે.	સમાધાનકારનું કાર્ય મધ્યસ્થની સહાયક ભૂમિકા કરતાં વધુ સક્રિય હોય છે.	અધ્યક્ષનું કાર્ય સમજાવટભર્યું હોય છે.
૭.	મધ્યસ્થીમાં કેસ મોકલવા માટે પક્ષકારોની સંમતિ આવશ્યક નથી.	સમાધાનમાં કેસ મોકલવા માટે પક્ષકારોની સંમતિ આવશ્યક છે.	કેસને લોક અદાલતમાં મોકલવા માટે પક્ષકારોની સંમતિ આવશ્યક નથી.

૮.	રેફરલ કોર્ટ સમજૂતી સ્વરૂપમાં હુકમનામું/હુકમ પસાર કરવા માટે સી. પી. સી.નો ઓર્ડર XXIII રુલ ૩ લાગુ કરે છે.	સમાધાનમાં, સમજૂતી એ લવાદી અને સમાધાન અધિનિયમ, ૧૯૯૬ની કલમ ૭૪ હેઠળ અદાલતનું હુકમનામું હોવાથી અમલપાત્ર હોય છે.	લોક અદાલતનો ફેંસલો દીવાની અદાલતનું હુકમનામું માનવામાં આવે છે અને કાનૂની સેવાઓ સત્તામંડળ અધિનિયમ, ૧૯૮૭ની કલમ ૨૧ હેઠળ અમલપાત્ર છે.
૯.	અપીલપાત્ર નથી.	હુકમનામું/હુકમ અપીલપાત્ર નથી.	ફેંસલો અપીલપાત્ર નથી.
૧૦.	મધ્યસ્થીમાં વર્તમાન અને ભવિષ્ય કેન્દ્ર સ્થાને હોય છે.	સમાધાનમાં વર્તમાન અને ભવિષ્ય કેન્દ્ર સ્થાને હોય છે.	લોક અદાલતમાં ભૂતકાળ અને વર્તમાન કેન્દ્ર સ્થાને હોય છે.
૧૧.	મધ્યસ્થી એ વિવિધ તબક્કાઓ સાથેની માળખાગત પ્રક્રિયા છે.	સમાધાન એ વિવિધ તબક્કાઓ સાથેની માળખાગત પ્રક્રિયા છે.	આ પ્રક્રિયામાં માત્ર ચર્ચા અને સમજાવટનો સમાવેશ થાય છે.
૧૨.	મધ્યસ્થીમાં પક્ષકારો સક્રિય અને પ્રત્યક્ષ રીતે સામેલ હોય છે.	સમાધાનમાં પક્ષકારો સક્રિય અને પ્રત્યક્ષ રીતે સામેલ હોય છે.	લોક અદાલતમાં, પક્ષકારો સક્રિય અને પ્રત્યક્ષ રીતે વધુ સામેલ હોતા નથી.
૧૩.	ગોપનીયતા એ મધ્યસ્થીનું મૂળ છે.	ગોપનીયતા એ સમાધાનનું મૂળ છે.	લોક અદાલતમાં ગોપનીયતા ધ્યાને લેવામાં આવતી નથી.

ન્યાયનિર્ણય અને મધ્યસ્થી વચ્ચેના તફાવતોનું નિદર્શન કરતું પ્રસંગાલેખન

"પરિવાર તસવીર"

હકીકતઃ તેમના પિતાનું તાજેતરમાં જ અવસાન થયું હતું અને તે બંને પુત્રો માટે પારિવારિક સંપત્તિ છોડી ગયા હતા. તેમની માતા અગાઉ જ અવસાન પામેલ હતી, તેથી બંને પક્ષકારો એકમાત્ર હયાત વારસદારો છે. પારિવારિક મકાન અને તેમની અન્ય વ્યક્તિગત સંપત્તિ અંગે તેમના પિતાનું વસિયતનામું સ્પષ્ટ છે - બધું બે સરખા ભાગમાં વહેંચવામાં આવ્યું છે. જોકે, વસિયતમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે એક પ્રખ્યાત ભારતીય ચિત્રકાર દ્વારા બનાવવામાં આવેલ તેમના માતાપિતા અને દાદા-દાદીનું અસલ ચિત્ર - પરિવાર તસવીર, જે એક અનમોલ પારિવારિક મિલકત છે, તે પિતાના "પ્રિય સંતાન"ને મળશે. વસિયતમાં તેમના પ્રિય સંતાનનું નામ ઉલ્લેખિત નથી. પિતાનું પ્રિય સંતાન કોણ છે તે અંગે બંને ભાઈઓ સહમત થઈ શકતા નથી.

સ્વાધ્યાય : (૧) લવાદી (ન્યાયનિર્ણય) અને **(૨)** મધ્યસ્થી દ્વારા આ વિવાદનું સમાધાન લાવો.

સ્વાધ્યાય (૧)

લવાદી (ન્યાયનિર્ણય)

લવાદે પહેલા નક્કી કરવું પડશે કે વિવાદમાં **મુદ્દો** શું છેઃ "પ્રિય સંતાન"ની વ્યાખ્યામાં કયું સંતાન બંધ બેસે છે?

દરેક પક્ષકાર (સંતાન) લવાદને કારણો રજૂ કરે છે કે તેઓ શા માટે માને છે કે તેઓ પ્રિય સંતાન હતા.

લવાદ પુરાવાઓનું મૂલ્યાંકન કરે છે અને "પ્રિય સંતાન"ની વ્યાખ્યામાં કોણ બંધ બેસે છે તેનો નિર્ણય લે છે - તસવીર તે સંતાનને આપવામાં આવે છે.

કોઈ બાંધછોડને અવકાશ નથી. લવાદ માટે, (૧) "પ્રિય સંતાન"નો અર્થ અને (૨) તેઓ "પ્રિય સંતાન" કેમ હતા તે અંગે દરેક પક્ષકારના પુરાવાઓના મૂલ્યાંકન અને તુલનાના આધારે એ નિર્ણય લેવો જરૂરી છે કે કોણ સાચું છે અને કોણ ખોટું છે.

સ્વાધ્યાય (૨)

મધ્યસ્થી

અહીં, મધ્યસ્થ એ જ મુદ્દાની વાટાઘાટને સુગમ બનાવે છે. પક્ષકારો વિવાદના સમાધાન પરનું નિયંત્રણ મધ્યસ્થ અથવા અન્ય કોઈ તટસ્થ વ્યક્તિ પર છોડવાને બદલે પોતાની જાતે પ્રયાસ કરશે અને ઉકેલ લાવશે. પક્ષકારો રચનાત્મક સમાધાન માટે સ્વતંત્ર છે - તેમાં કોઈ સાચું અને ખોટું નથી હોતું, અને પરિણામે, માત્ર એક જ વિજયી બને તે જરૂરી નથી.

મધ્યસ્થે નિમ્નલિખિત બાબતો દર્શાવવાની રહે છે

- જરૂરિયાતને ઓળખવી
- વિકલ્પો રચવા
- પ્રક્રિયા પર નિયંત્રણ રાખવું
- સંબંધો પુનઃસ્થાપિત કરવા

પ્રકરણ-૫

મધ્યસ્થીની પ્રક્રિયા

મધ્યસ્થી એ એક ગતિશીલ પ્રક્રિયા છે, જેમાં મધ્યસ્થ, પક્ષકારોને તેમના વિવાદને ઉકેલવા માટે પતાવટની વાટાઘાટ કરવામાં મદદ કરે છે. જે માટે મધ્યસ્થ, મધ્યસ્થીના ચાર કાર્યલક્ષી તબક્કાઓનો ઉપયોગ કરે છે, જે આ મુજબ છે- (૧) પરિચય અને પ્રારંભિક નિવેદન (૨) સંયુક્ત સત્ર (૩) અલગ સત્ર અને (૪) સમાપન. આ કાર્યલક્ષી તબક્કાઓનો ઉપયોગ અનૌપચારિક અને અનુકૂળ રીતે કરવામાં આવે છે જેથી મધ્યસ્થી પ્રક્રિયા નીચે દર્શાવ્યા મુજબ ચોક્કસ અને અનુમાનિત ક્રમને અનુસરીને ઝડપી બને.



ઉપરોક્ત દરેક તબક્કાઓ મધ્યસ્થી પ્રક્રિયાની પ્રણાલીમાં એક આવશ્યક પૂર્વ-જરૂરિયાતને પ્રતિબિંબિત કરે છે, જે આગામી તબક્કા તરફ આગળ વધતા પહેલા પૂર્ણ થવી જરૂરી છે.

પ્રકરણ-૬

મધ્યસ્થીના તબક્કાઓ

મધ્યસ્થી પ્રક્રિયાના કાર્યલક્ષી તબક્કાઓ આ પ્રમાણે છેઃ

૧) પરિચય અને પ્રારંભિક નિવેદન

૨) સંયુક્ત સત્ર

૩) અલગ સત્ર

૪) સમાપન

તબક્કો ૧ઃ પરિચય અને પ્રારંભિક નિવેદન

હેતુઓ

- નિષ્પક્ષતા સ્થાપવી
- પ્રક્રિયા અંગે જાગૃતિ અને સમજણ લાવવી
- પક્ષકારો સાથે ઘનિષ્ઠતા કેળવવી
- પક્ષકારોનો ભરોસો અને વિશ્વાસ પ્રાપ્ત કરવો
- રચનાત્મક વાટાઘાટો માટે અનુકૂળ વાતાવરણ ઊભું કરવું
- વિવાદની સૌહાર્દપૂર્ણ પતાવટ માટે પક્ષકારોને પ્રેરિત કરવા
- પ્રક્રિયા પર નિયંત્રણ સ્થાપિત કરવું

મધ્યસ્થી ખંડમાં બેસવાની વ્યવસ્થા

મધ્યસ્થી પ્રક્રિયાની શરૂઆતમાં, મધ્યસ્થ એ સુનિશ્ચિત કરશે કે પક્ષકારો અને/અથવા તેમના વકીલ હાજર છે.

કોઈ ચોક્કસ અથવા નિર્ધારિત બેઠક વ્યવસ્થા નથી. જોકે, બેઠક વ્યવસ્થામાં નીચેની બાબતોનું ધ્યાન રહે તે મહત્ત્વપૂર્ણ છેઃ

- મધ્યસ્થ તમામ પક્ષકારો સાથે નજર મેળવી શકે અને પક્ષકારો વચ્ચે અસરકારક વાતચીતને સુગમ બનાવી શકે.
- દરેક પક્ષકાર અને તેમના વકીલ એક સાથે બેસે.
- હાજર તમામ વ્યક્તિઓ હળવાશ, સલામતી અને આરામ અનુભવે.

પરિચય

- શરૂઆતમાં, મધ્યસ્થ તેનું નામ, નિપુણતાના ક્ષેત્રો, જો કોઈ હોય તો, અને વ્યાવસાયિક અનુભવના વર્ષોની સંખ્યા જેવી માહિતી આપીને પોતાનો પરિચય આપે છે.
- બાદમાં તે મધ્યસ્થ તરીકેની તેમની નિમણૂક, મધ્યસ્થી માટે તેમને કેસની સોંપણી અને ભૂતકાળમાં સમાન કેસોમાં સફળતાપૂર્વક મધ્યસ્થી કરવાના તેમના અનુભવ વિશે માહિતી આપે છે.
- બાદમાં મધ્યસ્થ જાહેર કરે છે કે તેનો કોઈ પણ પક્ષકાર સાથે કોઈ સંબંધ નથી અને વિવાદમાં તેનું કોઈ હિત નથી.
- તે એવી આશા પણ વ્યક્ત કરે છે કે આ વિવાદ સૌહાર્દપૂર્ણ રીતે ઉકેલાઈ જશે. આનાથી પક્ષકારોમાં મધ્યસ્થની ક્ષમતા અને નિષ્પક્ષતા અંગે વિશ્વાસ પેદા થશે.
- ત્યારબાદ, મધ્યસ્થ દરેક પક્ષકારને પોતાનો પરિચય આપવા વિનંતી કરે છે. તે પક્ષકારો વિશે વધુ માહિતી મેળવી શકે છે અને તેમને સ્વસ્થતાનો અનુભવ કરાવવા માટે તેમની સાથે મુક્તપણે વાતચીત કરી શકે છે.
- ત્યારબાદ મધ્યસ્થ, વકીલને પોતાનો પરિચય આપવા વિનંતી કરશે.
- બાદમાં મધ્યસ્થ પુષ્ટિ કરશે કે જરૂરી પક્ષકારો વાટાઘાટો કરવા અને પતાવટના નિર્ણયો લેવાની સત્તા સાથે હાજર છે.
- મધ્યસ્થ, પક્ષકારો અને તેમના વકીલ સાથે કોઈ સમય મર્યાદા કે સમયપત્રકના મુદ્દાઓ પર ચર્ચા કરશે.
- જો કોઈ જુનિયર વકીલ હાજર હોય તો, જે સિનિયર વકીલ માટે તે કામ કરી રહ્યા છે તેમના વિશે મધ્યસ્થ માહિતી મેળવશે અને ખાતરી કરશે કે તે અસીલનું પ્રતિનિધિત્વ કરવા માટે અધિકૃત છે.

મધ્યસ્થનું પ્રારંભિક નિવેદન

પ્રારંભિક નિવેદન એ મધ્યસ્થી પ્રક્રિયાનો એક મહત્ત્વપૂર્ણ તબક્કો છે. મધ્યસ્થ, પક્ષકારો અને તેમના વકીલો સમજી શકે તેવી ભાષા અને પદ્ધતિમાં નિમ્નલિખિત બાબતો સમજાવે છેઃ

- મધ્યસ્થીની વિભાવના અને પ્રક્રિયા
- મધ્યસ્થીના તબક્કાઓ
- મધ્યસ્થની ભૂમિકા
- વકીલોની ભૂમિકા
- પક્ષકારોની ભૂમિકા
- મધ્યસ્થીના ફાયદા
- મધ્યસ્થીના પાયાના નિયમો

મધ્યસ્થ મધ્યસ્થીના નીચે દર્શાવેલ મહત્ત્વપૂર્ણ પાસાઓ પર પ્રકાશ પાડશેઃ

- સ્વૈચ્છિક
- સ્વ-નિર્ણયાત્મક
- બિન-ન્યાયનિર્ણયાત્મક
- ગોપનીય
- સદ્ભાવનાપૂર્ણ સહભાગિતા
- સમય બાધિત
- અનૌપચારિક અને અનુકૂળ
- પક્ષકારોની પ્રત્યક્ષ અને સક્રિય સહભાગિતા
- પક્ષકાર કેન્દ્રિત

- મધ્યસ્થની તટસ્થતા અને નિષ્પક્ષતા
- નિર્ણાયકતા
- સંબંધિત વિવાદોના સમાધાનની સંભાવના
- અલગ સત્રોની જરૂરિયાત અને સુસંગતતા

મધ્યસ્થ મધ્યસ્થીના નીચે દર્શાવેલ પાયાના નિયમો સમજાવશેઃ

- સામાન્ય રીતે, પક્ષકારો/વકીલ માત્ર મધ્યસ્થને જ સંબોધશે.
- જ્યારે એક વ્યક્તિ બોલી રહી હોય, ત્યારે અન્ય લોકો તેમાં વિક્ષેપ પાડવાનું ટાળશે.
- પ્રયોજવામાં આવતી ભાષા હંમેશા નમ્ર અને આદરપૂર્ણ રહેશે.
- પ્રક્રિયા પ્રત્યે તથા પરસ્પર આદર જાળવવામાં આવશે.
- મોબાઇલ ફોન બંધ રાખવામાં આવશે.
- તમામ પક્ષકારોને તેમના મંતવ્યો રજૂ કરવા માટે પૂરતી તક આપવામાં આવશે.

અંતે, મધ્યસ્થ એ વાતની પુષ્ટિ કરશે કે પક્ષકારો મધ્યસ્થીની પ્રક્રિયા અને પાયાના નિયમોને સમજી ગયા છે અને જો કોઈ શંકા હોય તો તેને સ્પષ્ટ કરવાની તક આપશે.

તબક્કો ૨: સંયુક્ત સત્ર

હેતુઓ

- માહિતી એકત્રિત કરવી
- પક્ષકારોને અન્ય પક્ષકારોના દૃષ્ટિકોણ સાંભળવાની તક પૂરી પાડવી
- દૃષ્ટિકોણ, સંબંધો અને લાગણીઓને સમજવી
- હકીકતો અને પ્રશ્નોને સમજવા
- અવરોધો અને સંભાવનાઓને સમજવા

- એ સુનિશ્ચિત કરવું કે દરેક સહભાગી તેઓને સાંભળવામાં આવ્યા છે તેવું અનુભવે

કાર્યરીતિ

- મધ્યસ્થે પક્ષકારોને કોઈ પણ વિક્ષેપ કે વાંધા વિના તેમનો કેસ જણાવવા, દૃષ્ટિકોણ સમજાવવા, હૈયાવરાળ ઠાલવવા અને લાગણીઓ વ્યક્ત કરવા માટે આમંત્રિત કરવા જોઈએ. સૌપ્રથમ, વાદી/અરજદારને તેના/તેણીના કેસ/દાવાને તેના/તેણીના શબ્દોમાં સમજાવવા અથવા જણાવવા દેવા જોઈએ. બીજું, વકીલ ત્યારબાદ કેસ રજૂ કરશે અને કેસમાં સામેલ કાનૂની મુદ્દાઓ જણાવશે. ત્રીજું, પ્રતિવાદી/સામાવાળા ત્યારબાદ તેના/તેણીના કેસ/દાવાને તેના/તેણીના પોતાના શબ્દોમાં સમજાવશે. ચોથું, પ્રતિવાદી/સામાવાળાના વકીલ કેસ રજૂ કરશે અને કેસમાં સામેલ કાનૂની મુદ્દાઓ જણાવશે.

- મધ્યસ્થે વાતચીતને પ્રોત્સાહન આપવું જોઈએ અને આગળ વધારવી જોઈએ અને પક્ષકારો દ્વારા થતા વિક્ષેપો અને ભાવાવેશને અસરકારક રીતે નિયંત્રિત કરવા જોઈએ.

- મધ્યસ્થને જ્યારે જણાય કે હાજર તમામ વ્યક્તિઓ કેસની હકીકતો અને દૃષ્ટિકોણ સ્પષ્ટ રીતે ઓળખી અને સમજી શક્યા નથી, ત્યારે તે વિશેષ માહિતી મેળવવા માટે પ્રશ્નો પૂછી શકે છે.

- ત્યારબાદ, મધ્યસ્થ એ દર્શાવવા કે તેમણે બંને પક્ષકારોના કેસને સક્રિય રીતે સાંભળીને સમજ્યો છે, તેઓ દરેક પક્ષકારને હકીકતો પોતાની રીતે સારાંશિત કરશે.

- પક્ષકારો અન્ય પક્ષકારો દ્વારા વ્યક્ત કરવામાં આવેલ મુદ્દાઓ/સ્થિતિઓનો ઉત્તર આપી શકે છે અને પરવાનગી સાથે અન્ય પક્ષકારોને સંક્ષિપ્ત પ્રશ્નો પૂછી શકે છે.

- મધ્યસ્થ પક્ષકારો વચ્ચે સંમતિ અને અસંમતિના ક્ષેત્રો અને ઉકેલવાના મુદ્દાઓને ઓળખશે.

- મધ્યસ્થે કાર્યવાહીને નિયંત્રણમાં રાખવી જોઈએ અને તે સુનિશ્ચિત કરવું જોઈએ કે પક્ષકારો આક્રમક વર્તન, વિક્ષેપો અથવા અન્ય કોઈ સમાન વર્તણૂક દ્વારા સત્ર પર 'કબજો' ન કરી લે.

- સંયુક્ત સત્ર દરમિયાન અથવા પૂર્ણ થયા બાદ, મધ્યસ્થ સામાન્ય રીતે વાદી/અરજદારથી શરૂ કરી, દરેક પક્ષકારને તેમના વકીલ સાથે અલગથી મળી શકે છે. અલગ સત્ર યોજવાનો સમય, મધ્યસ્થ દ્વારા ચાલુ સંયુક્ત સત્રની અસરકારકતા, પક્ષકારોનું મૌન, અનિયંત્રિતતા, પક્ષકારો દ્વારા પુનરાવર્તન અથવા કોઈપણ પક્ષકારની વિનંતીને ધ્યાનમાં રાખીને તેમની વિવેકબુદ્ધિથી નક્કી કરી શકાય છે. વધુ અલગ સત્રો યોજી શકાય છે. જો મધ્યસ્થને જરૂર જણાય તો તે પ્રક્રિયાના કોઈપણ તબક્કે સંયુક્ત સત્રમાં પાછા ફરી શકે છે.

તબક્કો 3: અલગ સત્ર

હેતુઓ

- વિવાદને વધુ ઊંડાણપૂર્વક સમજવો
- પક્ષકારોને તેમની હૈયાવરાળ ઠાલવવા માટે એક મંચ પ્રદાન કરવું
- અન્ય પક્ષકારોને ન જણાવવા માંગતા હોય તેવી ગોપનીય માહિતી જાહેર કરવા માટે પક્ષકારોને એક મંચ પ્રદાન કરવું.
- પક્ષકારોના નિહિત હિતોને સમજવા
- પક્ષકારોને કેસને વાસ્તવિક રીતે સમજવામાં મદદ કરવી
- પક્ષકારોને ઉકેલ શોધવાની મનઃસ્થિતિમાં લાવવા
- પક્ષકારોને વિકલ્પો ઊભા કરવા અને પરસ્પર સ્વીકાર્ય શરતો શોધવા માટે પ્રોત્સાહિત કરવા

કાર્યરીતિ

(૧) ગોપનીયતાની પુનઃપુષ્ટિ

અલગ સત્ર દરમિયાન દરેક પક્ષકાર અને તેમના વકીલ મધ્યસ્થ સાથે ખાનગીમાં વાત કરશે. મધ્યસ્થે પ્રક્રિયાના ગોપનીય સ્વરૂપની પુનઃપુષ્ટિ કરીને શરૂઆત કરવી જોઈએ.

(૨) વધુ માહિતી મેળવવી

અલગ સત્ર મધ્યસ્થને વધુ ચોક્કસ માહિતી એકત્રિત કરવાની અને સંયુક્ત સત્ર દરમિયાન પક્ષકારો દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ અંગે આગળ કાર્ય કરવાની તક પૂરી પાડે છે. પ્રક્રિયાના આ તબક્કામાં:-

- પક્ષકારો પીડા, દુઃખ, ગુસ્સા વગેરેની વ્યક્તિગત લાગણીઓ વ્યક્ત કરે છે,
- મધ્યસ્થ ભાવનાત્મક પરિબળોને પારખે છે અને તેમને સ્વીકારે છે;
- મધ્યસ્થ સંવેદનશીલ અને ક્ષોભજનક મુદ્દાઓને શોધે છે;

- મધ્યસ્થ, પક્ષકારો દ્વારા રજૂ કરવામાં આવેલ સ્થિતિ અને તેઓ જે હિતોનું રક્ષણ કરવા ઈચ્છે છે તે વચ્ચે અંતર સમજે છે;
- મધ્યસ્થ એ નિશ્ચિત કરે છે કે શા માટે આ સ્થિતિ રજૂ કરવામાં આવી રહી છે (જરૂરિયાત, બાબત, પક્ષકારો શું સિદ્ધ કરવાની આશા રાખે છે);
- મધ્યસ્થ, પક્ષકારો વચ્ચેના વિવાદના ક્ષેત્રને અને તેઓ અગાઉ જેના પર સંમત થયા છે તે બાબતોને ઓળખે છે;
- સામાન્ય હિતની ઓળખ કરવામાં આવે છે;
- મધ્યસ્થ, વિવાદના વિવિધ પાસાઓ (પ્રાથમિકતાઓ અને ધ્યેય) પર પરિસ્થિતિ મુજબ બદલાતી દરેક પક્ષકારની પ્રાથમિકતાઓ નક્કી કરે છે અને કોઈપણ સમાધાનકારી સમજૂતીની શક્યતા સુનિશ્ચિત કરે છે.
- મધ્યસ્થ, સમાધાન માટે મુદ્દાઓ તૈયાર કરે છે.

(૩) વાસ્તવિકતા-પરીક્ષણ

માહિતી એકત્રિત કર્યા બાદ અને પક્ષકારોને તેમની લાગણી વ્યક્ત કરવાની તક આપ્યા બાદ, મધ્યસ્થ નિર્ણય લે છે કે પક્ષકારોના તારણો અને દૃષ્ટિકોણને પડકારવા કે ચકાસવા અને તેમના વિચારોને અલગ અલગ દૃષ્ટિકોણથી સુગ્રાહી બનાવવા જરૂરી છે કે કેમ. બાદમાં મધ્યસ્થ, પ્રક્રિયાને આગળ વધારવા માટે વાસ્તવિકતા-પરીક્ષણ કરી શકે છે. વાસ્તવિકતા-પરીક્ષણમાં નિમ્નલિખિતમાંથી કોઈપણ અથવા તમામ પગલાં સમાવિષ્ટ હોઈ શકે છેઃ

(ક) દાવો, બચાવ અથવા પરિપ્રેક્ષ્યના ચોક્કસ ઘટકોની વિગતવાર તપાસ;

(ખ) દાવો, બચાવ કે પરિપ્રેક્ષ્ય અથવા તેના પુરાવાના મુદ્દાઓ માટે વાસ્તવિક અને કાનૂની આધારનું નિર્ધારણ;

(ગ) મુકદ્દમાના સંભવિત પરિણામના સંદર્ભમાં પક્ષકારોની સ્થિતિ, અપેક્ષાઓ અને મૂલ્યાંકનની વિચારણા;

(ઘ) મુકદ્દમા અને અવિરત સંઘર્ષના નાણાકીય અને બિન-નાણાકીય ખર્ચની તપાસ;

(ચ) સાક્ષીની હાજરી અને પક્ષકારોની વિશ્વાસપાત્રતાનું મૂલ્યાંકન;

(છ) સુનાવણીમાં જીત/હારની શક્યતાઓની તપાસ; અને

(જ) સમજૂતી સાધવામાં નિષ્ફળતાના પરિણામો.

વાસ્તવિકતા-પરીક્ષણની તકનીકો

વાસ્તવિકતા-પરીક્ષણ ઘણીવાર અલગ સત્રમાં નીચે મુજબ કરવામાં આવે છેઃ

૧. અસરકારક પ્રશ્નો પૂછવા,

૨. ગોપનીયતા ભંગ કર્યા વિના, પક્ષકારોના સંબંધિત કેસોના સબળ અને નિર્બળ પાસાઓની ચર્ચા કરવી, અને/અથવા

૩. સમજૂતી સાધવામાં નિષ્ફળતાના પરિણામોને ધ્યાનમાં લેવા (BATNA/WATNA/MLATNA વિશ્લેષણ).

(૧) અસરકારક પ્રશ્નો પૂછવા

મધ્યસ્થ, પક્ષકારોને એવા પ્રશ્નો પૂછી શકે છે જેના દ્વારા માહિતી એકત્રિત થઈ શકે, હકીકતો સ્પષ્ટ થઈ શકે અથવા કેસ અંગે પક્ષકારોની સમજણ અને આકલન તથા તેમની અપેક્ષાઓ સંબંધિત દૃષ્ટિકોણમાં પરિવર્તન લાવી શકાય.

અસરકારક પ્રશ્નોના ઉદાહરણોઃ

- **મુક્ત પ્રશ્નો** જેવા કે ‘કરાર પર હસ્તાક્ષર કરવા તરફ દોરી જતા સંજોગો વિશે મને વધુ જણાવો’. ‘તમે ધંધો ચાલુ કર્યો તે સમયે અન્ય પક્ષકાર સાથેના તમારા સંબંધને સમજવામાં મને મદદ કરો’. ‘કરારમાં તે શરત સમાવિષ્ટ કરવા પાછળ તમારા ઉદ્દેશો શું હતા?’

- **સીમિત પ્રશ્નો,** જે ચોક્કસ અને પ્રત્યક્ષ હોય છે તથા ચોક્કસ માહિતી બહાર લાવે છે. ઉદાહરણ તરીકે, ‘હું એવું સમજું છું કે અકસ્માત સમયે અન્ય વાહનચાલક ૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે જઈ રહ્યો હતો, શું તે ખરું છે?’ ‘કઈ તારીખે કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા?’ ‘આ ઈમારત બનાવનાર કોન્ટ્રાકટરો કોણ છે?’

- **હકીકતો બહાર લાવતા પ્રશ્નોઃ** ‘મને આ કેસની પૃષ્ઠભૂમિ વિશે જણાવો.’ ‘પછી શું થયું?’

- **સ્થિતિ બહાર લાવતા પ્રશ્નોઃ** ‘તમારા કાયદાકીય દાવાઓ શું છે?’ ‘શું નુકશાન થયેલ છે?’ ‘તેમનો બચાવ શું છે?’

- **હિત બહાર લાવતા પ્રશ્નો:** 'સદર સંજોગોમાં તમારી સમસ્યાઓ શું છે?' 'તમારા માટે ખરેખર શું મહત્વનું છે?' 'વ્યવસાય/વ્યક્તિગત/પારિવારિક દૃષ્ટિકોણથી, તમારા માટે સૌથી મહત્વપૂર્ણ શું છે?' 'તમે શા માટે છૂટાછેડા માંગો છો?' 'આ કેસ ખરેખરમાં શેના વિશે છે?' 'તમે શું પરિણામ પ્રાપ્ત કરવાની આશા રાખો છો?' 'આ કેસ ખરેખર શેનાથી પ્રેરિત થઈ રહ્યો છે?'

(૨) પક્ષકારોના સંબંધિત કેસોના સબળ અને નિર્બળ પાસાઓની ચર્ચા

મધ્યસ્થ, પક્ષકારો કે વકીલને તેમના તથા અન્ય પક્ષના કેસના સબળ અને નિર્બળ પાસાઓ વિશે તેમના મંતવ્યો પૂછી શકે છે. મધ્યસ્થ આવા પ્રશ્નો પૂછી શકે છે, 'તમને શું લાગે છે કે ન્યાયાધીશ તમારા આચરણને કેવી રીતે જોશે?' અથવા 'શું શક્ય છે કે ન્યાયાધીશ પરિસ્થિતિને અલગ રીતે જુએ?' અથવા 'હું તમારા કેસના સબળ પાસાને સમજું છું, તમને શું લાગે છે કે પુરાવાના સંદર્ભમાં નબળા મુદ્દાઓ શું છે?' અથવા 'આ કેસમાં અદાલતમાં અંતિમ નિર્ણય લેવામાં કેટલો સમય લાગશે?' અથવા 'અદાલતમાં કાનૂની ફી અને ખર્ચમાં કેટલા નાણા જોઈશે?'

(૩) સમજૂતી સાધવામાં કોઈપણ નિષ્ફળતાના પરિણામોને ધ્યાનમાં લેવા. (BATNA / WATNA / MLATNA વિશ્લેષણ)

BATNA:	Best Alternative to Negotiated Agreement (વાટાઘાટથી થયેલ સમજૂતીનો શ્રેષ્ઠ વિકલ્પ)
WATNA:	Worst Alternative to Negotiated Agreement (વાટાઘાટથી થયેલ સમજૂતીનો સૌથી ખરાબ વિકલ્પ)
MLATNA:	Most Likely Alternative to Negotiated Agreement (વાટાઘાટથી થયેલ સમજૂતીનો સૌથી સંભવિત વિકલ્પ)

વાટાઘાટની પ્રક્રિયામાં ઉપયોગમાં લેવાતી વાસ્તવિકતા-પરીક્ષણની એક તકનીક એ છે કે વાટાઘાટથી થતા સમાધાનના વિવિધ વિકલ્પો પર વિચાર કરવો. મધ્યસ્થીના સંદર્ભમાં, જો મધ્યસ્થીમાં વાટાઘાટો દ્વારા વિવાદનું સમાધાન ન થાય તો વિકલ્પ તરીકે 'શ્રેષ્ઠ', 'સૌથી ખરાબ' અને 'સૌથી વધુ સંભવિત' પરિણામ છે. વાસ્તવિકતા-પરીક્ષણના ભાગરૂપે, પક્ષકારો માટે મધ્યસ્થી સિવાયના વિકલ્પો (ખાસ કરીને મુકદ્દમા)ની તપાસ કરવી મદદરૂપ થઈ શકે છે, જેથી મધ્યસ્થીમાં ઉપલબ્ધ વિકલ્પો સાથે તેમની સરખામણી કરી શકાય. સમજૂતી સાધવામાં નિષ્ફળ રહેવાના પરિણામોની ચર્ચા કરવી પણ મધ્યસ્થ માટે મદદરૂપ છે, દા.ત. પક્ષકારોના સંબંધો પર અસર, પક્ષકારોના વ્યવસાય પર અસર વગેરે.

જ્યારે પક્ષકારો મોટે ભાગે મુકદ્દમામાં શ્રેષ્ઠ પરિણામો પર ધ્યાન કેન્દ્રિત કરવા ઇચ્છતા હોય છે, ત્યારે સૌથી ખરાબ અને સૌથી સંભવિત પરિણામો પર પણ વિચાર કરવો અને ચર્ચા કરવી મહત્વપૂર્ણ છે. મધ્યસ્થ, મુકદ્દમામાં સંભવિત પરિણામ વિશે વકીલ/પક્ષકારનો દૃષ્ટિકોણ માંગે છે. પક્ષકારો અને તેમના વકીલો સાથે સહયોગ કરીને, મુકદ્દમામાં વિવાદના શ્રેષ્ઠ, સૌથી ખરાબ અને સૌથી સંભવિત પરિણામ અંગે યોગ્ય સમજ પર આવવું મધ્યસ્થ માટે લાભદાયી છે, કારણ કે તે પક્ષકારોને વાસ્તવિકતાને જાણવામાં અને તે રીતે વાસ્તવિક અને વ્યવહારુ દરખાસ્તો મૂકવામાં મદદ કરશે.

જો પક્ષકારો સાપેક્ષ સરળતા સાથે હિત આધારિત સમાધાન સાધી રહ્યા હોય, તો BATNA/WATNA/MLATNA વિશ્લેષણનો આશરો લેવાની જરૂર રહેતી નથી. જોકે, જો પક્ષકારો વાટાઘાટ દરમિયાન રકઝક પર ઉતરી આવે અને મધ્યસ્થને ઉગ્ર સોદાબાજી કે હઠીલા વલણની આશંકા જણાય તો, BATNA/WATNA/MLATNA વિશ્લેષણ રજૂ કરી શકાય છે.

ઉપરોક્ત તકનીકોનો ઉપયોગ કરીને, મધ્યસ્થ પક્ષકારોને તેમના કેસની વાસ્તવિકતાને સમજવામાં, તેમની અક્કડ સ્થિતિને છોડવામાં, તેમના વાસ્તવિક હિત અને જરૂરિયાતોને જાણવામાં અને સમસ્યાનું સમાધાન કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ કરે છે. ત્યારબાદ પક્ષકારોને પતાવટ માટે ઘણા સર્જનાત્મક વિકલ્પો શોધવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

(૪) વિચાર-વિમર્શ

વિચાર-વિમર્શ એ સમજૂતી માટેના વિકલ્પોનું સર્જન કરવા માટે ઉપયોગમાં લેવાતી એક તકનીક છે.

વિચાર-વિમર્શ પ્રક્રિયાના ૨ તબક્કાઓ છેઃ

૧. વિકલ્પોનું સર્જન કરવું

૨. વિકલ્પોનું મૂલ્યાંકન કરવું

૧. **વિકલ્પોનું સર્જન કરવું:-** પક્ષકારોને સમજૂતી માટે મુક્તપણે સંભવિત વિકલ્પોનું સર્જન કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. એવા વિકલ્પોને પણ સમાવિષ્ટ કરવામાં આવે છે જે બિનકાર્યક્ષમ અને અવ્યવહારુ જણાતા હોય. મધ્યસ્થ કોઈ પણ સર્જન કરવામાં આવેલ વિકલ્પ પર અભિપ્રાય અનામત રાખે છે અને જેનાથી પક્ષકારોને દૃઢ માનસિકતામાંથી મુક્ત થવાનો અવકાશ મળે છે. તે પક્ષકારોમાં સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપે છે. મધ્યસ્થ દરેક વિકલ્પનું મૂલ્યાંકન કરવાથી દૂર

રહે છે અને તેના બદલે સમાધાન માટે શક્ય તેટલા વિચારો વિકસાવવાનો પ્રયાસ કરે છે. તમામ વિચારો લખી લેવામાં આવે છે જેથી બાદમાં તેને વ્યવસ્થિત રીતે તપાસી શકાય.

૨. **વિકલ્પોનું મૂલ્યાંકન કરવું:-** વિકલ્પોનું સર્જન કર્યા બાદ આગળનો તબક્કો સર્જિત થયેલ દરેક વિકલ્પોનું મૂલ્યાંકન કરવાનો છે. આ તબક્કે ઉદ્દેશ કોઈ પણ વિચારની ટીકા કરવાનો નથી, પરંતુ દરેક વિકલ્પ વિશે પક્ષકારોની સ્વીકાર્યતા સમજવાનો છે. પક્ષકારો સાથે દરેક વિકલ્પની તપાસ કરવાની આ પ્રક્રિયામાં, પક્ષકારોના નિહિત હિત વિશે વધુ માહિતી મેળવવામાં આવે છે. આ માહિતી વધુમાં બંને પક્ષકારો માટે પરસ્પર સ્વીકાર્ય શરતો નિશ્ચિત કરવામાં મદદ કરે છે.

વિચાર-વિમર્શ માટે રેખીય વિચારસરણી કરતાં પાર્શ્વીય વિચારસરણી વધુ જરૂરી છે.

પાર્શ્વીય વિચારસરણી: પાર્શ્વીય વિચારસરણી સર્જનાત્મક, નવીન અને અંતઃપ્રજ્ઞાયુક્ત હોય છે. તે બિન-રેખીય અને બિન-પરંપરાગત હોય છે. મધ્યસ્થ, સમજૂતી માટેના વિકલ્પોનું સર્જન કરવા માટે પાર્શ્વીય વિચારસરણીનો ઉપયોગ કરે છે.

રેખીય વિચારસરણી: રેખીય વિચારસરણી તાર્કિક, પરંપરાગત, તર્કસંગત અને તથ્ય આધારિત હોય છે. મધ્યસ્થ હકીકતનું વિશ્લેષણ કરવા, વાસ્તવિકતાનું પરીક્ષણ કરવા અને પક્ષકારોની સ્થિતિને સમજવા માટે રેખીય વિચારસરણીનો ઉપયોગ કરે છે.

(૫) પેટા-સત્રો

અલગ સત્ર સામાન્ય રીતે વિવાદના એક પક્ષના તમામ સભ્યો સાથે યોજવામાં આવે છે, જેમાં તેમના વકીલો અને પક્ષકાર સાથે આવતા અન્ય સભ્યો પણ સામેલ હોય છે. જોકે, મધ્યસ્થને માત્ર વકીલ(લો) અથવા પક્ષકાર અથવા પક્ષના કોઈપણ સભ્ય(યો) સાથે પેટા સત્રો યોજીને તેમને વ્યક્તિગત રીતે અથવા જૂથમાં મળવાની છૂટ છે.

- મધ્યસ્થ, પક્ષકારોની સંમતિ સાથે માત્ર બંને પક્ષકારોના વકીલો સાથે પણ પેટા સત્રો યોજી શકે છે. આવા પેટા સત્ર દરમિયાન, વકીલો પક્ષકારોની સ્થિતિ અને અપેક્ષાઓ અંગે વધુ મુક્ત અને પ્રતિસાદશીલ બની શકે છે.
- જો એક જ તરફના પક્ષકારો વચ્ચે હિત અંગે તફાવત હોય, તો વાટાઘાટોને સરળ બનાવવા માટે, સામાન્ય હિત ધરાવતા પક્ષકારો સાથે પેટા સત્ર(ત્રો) યોજવા મધ્યસ્થ માટે લાભદાયી નીવડી શકે છે. આ પ્રકારનું પેટા સત્ર હિત નિશ્ચિત કરવાની બાબતને સરળ બનાવી શકે છે અને ભિન્ન હિત ધરાવતા પક્ષકારોની, સમાધાનનો પ્રતિકાર કરવા માટે એક થઈ જવાની શક્યતાને પણ ટાળી શકે છે.

(૬) પ્રસ્તાવોનું આદાન-પ્રદાન

મધ્યસ્થ, પક્ષકારો દ્વારા સર્જિત વિકલ્પો/પ્રસ્તાવોને એક પક્ષથી બીજા પક્ષ પાસે રજૂ છે. પક્ષકારો પરસ્પર સ્વીકાર્ય સમાધાન માટે મધ્યસ્થ મારફતે વાટાઘાટો કરે છે. જોકે, વાટાઘાટો નિષ્ફળ જાય અને સમાધાન ન થઈ શકે તો કેસ રેફરલ કોર્ટમાં પાછો મોકલવામાં આવે છે.

તબક્કો ૪: સમાપન

(ક) જ્યારે સમાધાન થાય

- એકવાર પક્ષકારો સમાધાનની શરતો પર સંમત થયા બાદ, પક્ષકારો અને તેમના વકીલો ફરી ભેગા થાય છે અને મધ્યસ્થ સુનિશ્ચિત કરે છે કે નીચે મુજબના પગલાં લેવામાં આવે:

૧. મધ્યસ્થ મૌખિક રીતે સમાધાનની શરતોની પુષ્ટિ કરે છે;

૨. સમાધાનની આવી શરતો લેખિતમાં ઉતારવામાં આવે છે;

૩. સમજૂતી પર તમામ પક્ષકારો તથા પક્ષકારોનું પ્રતિનિધિત્વ કરતા જો કોઈ સલાહકાર હોય, તો તેમના દ્વારા હસ્તાક્ષર કરવામાં આવે છે;

૪. મધ્યસ્થ, હસ્તાક્ષરિત સમજૂતી પર પોતાની સહી પણ કરી શકે છે, જે પ્રમાણિત કરે છે કે સમજૂતી તેની હાજરીમાં કરવામાં આવી હતી;

૫. હસ્તાક્ષરિત સમજૂતીની એક નકલ પક્ષકારોને આપવામાં આવે છે;

૬. સમજૂતી અનુસાર યોગ્ય હુકમ પસાર કરવા માટે મૂળ હસ્તાક્ષરિત સમજૂતી રેફરલ કોર્ટને મોકલવામાં આવે છે;

૭. જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી, પક્ષકારો અદાલતમાં હાજર થવાની તારીખ પર એકમત થાય છે અને મધ્યસ્થ દ્વારા અદાલતને તે તારીખની જાણ કરવામાં આવે છે.

૮. મધ્યસ્થ, પક્ષકારોનો મધ્યસ્થીમાં તેમની સહભાગિતા બદલ આભાર માને છે અને પતાવટ કરવા બદલ તમામ પક્ષકારોને અભિનંદન પાઠવે છે.

- **લેખિત સમજૂતી:**

→ સંમત થયેલ તમામ મહત્વની શરતો સ્પષ્ટ રીતે નિર્દિષ્ટ હોવી જોઈએ;

→ સરળ, ચોક્કસ અને સુસ્પષ્ટ ભાષામાં તૈયાર કરેલ હોવી જોઈએ;

→ સંક્ષિપ્ત હોવી જોઈએ;

→ શક્ય હોય ત્યાં સુધી કર્તરિ વાક્યરચનાનો ઉપયોગ થયેલ હોવો જોઈએ. કોણ, શું, ક્યારે, ક્યાં અને કેવી રીતે કરશે તે સ્પષ્ટપણે જણાવતી હોવી જોઈએ. (કર્મણિ વાક્યરચનામાં, સમજૂતી અનુસાર પાલન કરવાની જવાબદારી કોની છે તે સ્પષ્ટ થતું હોતું નથી);

→ એવી ભાષા અને શૈલીનો ઉપયોગ કરવો જોઈએ જે સુનિશ્ચિત કરે કે કોઈ પણ પક્ષકાર એવું ન અનુભવે કે તેની/તેણીની 'હાર' થયેલ છે;

→ સુનિશ્ચિત કરતી હોવી જોઈએ કે સમજૂતીની શરતો કાયદા અનુસાર અમલ કરી શકાય તેવી હોય;

→ તેની શરતોના વાંચનમાં પૂર્ણ હોવી જોઈએ;

→ કાનૂની શબ્દપ્રયોગ ટાળવો જોઈએ, શક્ય હોય ત્યાં સુધી પક્ષકારો દ્વારા ઉપયોગમાં લેવાતા શબ્દો અને અભિવ્યક્તિઓનો ઉપયોગ કરવો જોઈએ;

→ દરેક પક્ષકાર શું કરવા માટે સંમત થાય છે તે શક્ય હોય ત્યાં સુધી હકારાત્મક ભાષામાં જણાવવું જોઈએ;

→ શક્ય હોય ત્યાં સુધી, વાજબી, ટૂંક સમયમાં, સહકારી, વારંવાર વગેરે જેવા અસ્પષ્ટ શબ્દો ટાળવા જોઈએ;

(ખ) જ્યારે કોઈ સમાધાન ન થાય

- જો પક્ષકારો વચ્ચે સમાધાન ન થઈ શક્યું હોય, તો કેસ રેફરલ કોર્ટમાં પરત કરવામાં આવશે, જેમાં માત્ર **"સમાધાન થયેલ નથી"**નો અહેવાલ આપવામાં આવશે. આ અહેવાલમાં સમાધાન ન થવાનું કોઈ કારણ જણાવાશે નહીં કે સમાધાન ન થવા માટે કોઈની પણ જવાબદારી નક્કી કરાશે નહીં. મધ્યસ્થી દરમિયાન આપવામાં આવેલ નિવેદનો ગુપ્ત રહેશે અને કોઈ પણ પક્ષકાર અથવા વકીલ અથવા મધ્યસ્થ દ્વારા અદાલતમાં કે અન્ય કોઈને જાહેર કરવા જોઈએ નહીં.

- મધ્યસ્થે સમાપન નિવેદનમાં પક્ષકારો અને તેમના વકીલોનો તેમની સહભાગિતા અને સમાધાન માટેના પ્રયાસો બદલ આભાર માનવો જોઈએ.

પ્રકરણ-૭

મધ્યસ્થની ભૂમિકા

મધ્યસ્થી એ એક એવી પ્રક્રિયા છે જેમાં નિષ્પક્ષ અને તટસ્થ ત્રાહિત વ્યક્તિ - મધ્યસ્થ, ઉકેલ શું હોવો જોઈએ તે સૂચવ્યા વિના વિવાદના સમાધાનને સુગમ બનાવે છે. તે એક અનૌપચારિક અને બિન-પ્રતિકૂળ સ્વરૂપની પ્રક્રિયા છે જેનો હેતુ વિવાદ હેઠળના પક્ષકારોને પરસ્પર સ્વીકાર્ય ઉકેલ સુધી પહોંચવામાં મદદ કરવાનો છે. મધ્યસ્થની ભૂમિકા વાતચીત સંબંધિત અવરોધો દૂર કરવાની, મુદ્દાઓ નક્કી કરવાની, વિકલ્પો શોધવામાં મદદ કરવાની અને વિવાદને ઉકેલવા માટે પરસ્પર સ્વીકાર્ય સમજૂતીને સુગમ બનાવવાની છે. જોકે, અંતિમ નિર્ણય માત્ર પક્ષકારો પર જ આધાર રાખે છે. મધ્યસ્થ, પક્ષકારને કોઈ ચોક્કસ નિર્ણય લેવા માટે દબાણ કે મજબૂર કરી શકતા નથી કે અન્ય કોઈ રીતે પક્ષકારના સ્વ-નિર્ણયના અધિકારમાં ખલેલ પહોંચાડી શકતા નથી કે દખલ કરી શકતા નથી.

(ક) મધ્યસ્થના કાર્યો

મધ્યસ્થના કાર્યો નીચે મુજબ છેઃ

(૧) મધ્યસ્થી પ્રક્રિયાને સુગમ બનાવવી; અને

(૨) સમાધાન માટે પક્ષકારોને કેસનું મૂલ્યાંકન કરવામાં સહાય કરવી

(૧) સહાયક ભૂમિકા

મધ્યસ્થ, મધ્યસ્થીની પ્રક્રિયાને નીચેની બાબતો થકી સુગમ બનાવે છે -

- મધ્યસ્થી પ્રક્રિયા માટે અનુકૂળ વાતાવરણ ઊભું કરવું.
- પ્રક્રિયા અને તેના પાયાના નિયમો સમજાવવા.
- વિવિધ સંચાર તકનીકોનો ઉપયોગ કરીને પક્ષકારો વચ્ચેના સંચારને સુગમ બનાવવો.
- પક્ષકારો વચ્ચેના સંચારમાં આવતા અવરોધોને ઓળખવા અને તેમને દૂર કરવા.
- વિવાદ વિશે માહિતી એકત્રિત કરવી.
- નિહિત હિતોને ઓળખવા.
- પ્રક્રિયા પર નિયંત્રણ જાળવવું અને કેન્દ્રિત ચર્ચાનું માર્ગદર્શન આપવું.

- પક્ષકારો વચ્ચેની વાતચીતનું સંચાલન કરવું.
- પક્ષકારોને વિકલ્પોનું સર્જન કરવામાં મદદ કરવી.
- પક્ષકારોને પરસ્પર સ્વીકાર્ય સમાધાન પર સંમત થવા માટે પ્રોત્સાહિત કરવા.
- કરારને લેખિતમાં ઉતારવામાં પક્ષકારોને મદદ કરવી.

(૨) મૂલ્યાંકનકારી ભૂમિકા

મધ્યસ્થ, નીચે મુજબ મૂલ્યાંકનકારી ભૂમિકા ભજવે છે -

- પક્ષકારોને વાસ્તવિકતા-પરીક્ષણ દ્વારા તેમના કેસનું મૂલ્યાંકન કરવામાં મદદ અને માર્ગદર્શન આપવું.
- સમાધાન માટેના વિકલ્પોનું મૂલ્યાંકન કરવામાં પક્ષકારોને મદદ કરવી.

(ખ) સમાધાનકાર અને ન્યાયકર્તાથી અલગ મધ્યસ્થ

(૧) મધ્યસ્થ અને સમાધાનકાર

મધ્યસ્થની સહાયક અને મૂલ્યાંકનકારી ભૂમિકાઓ અગાઉ સમજાવાઈ છે. મધ્યસ્થની મૂલ્યાંકનકારી ભૂમિકા, પક્ષકારોને વાસ્તવિકતા પરીક્ષણ દ્વારા તેમના કેસનું મૂલ્યાંકન કરવામાં મદદ કરવા અને માર્ગદર્શન આપવા તથા સમાધાન માટેના વિકલ્પોનું મૂલ્યાંકન કરવામાં પક્ષકારોને સહાય કરવાના કાર્ય સુધી મર્યાદિત છે. પરંતુ સમાધાનની પ્રક્રિયામાં, સમાધાનકાર પોતે પક્ષકારોના કેસોનું અને સમાધાનની શરતો સૂચવવાના હેતુસર સમાધાન માટેના વિકલ્પોનું મૂલ્યાંકન કરી શકે છે.

મધ્યસ્થની ભૂમિકા કેસના ગુણદોષ પર ચુકાદો આપવાની કે પક્ષકારોને સલાહ આપવાની કે ઉકેલ સૂચવવાની નથી.

(૨) મધ્યસ્થ અને ન્યાયકર્તા

મધ્યસ્થ એ ન્યાયકર્તા નથી. ન્યાયાધીશો, લવાદ અને ન્યાયપંચના પીઠાસીન અધિકારી જેવા ન્યાયકર્તાઓ દલીલો અને પુરાવાના આધારે નિર્ણય લે છે. ન્યાયકર્તા મૂળ અને પ્રક્રિયાગત કાયદાના ઔપચારિક અને ચુસ્ત નિયમોનું પાલન કરે છે. ન્યાયકર્તાનો નિર્ણય અપીલ અથવા

ફેરતપાસને અધીન પક્ષકારો માટે બંધનકર્તા છે. ન્યાયનિર્ણયમાં, નિર્ણય માત્ર ન્યાયાધીશ દ્વારા લેવામાં આવે છે અને પક્ષકારોની તેમાં કોઈ ભૂમિકા હોતી નથી.

મધ્યસ્થીમાં મધ્યસ્થ માત્ર એક સહાયક હોય છે અને તે કોઈ સૂચન કરતો નથી કે કોઈ નિર્ણય લેતો નથી. નિર્ણય પક્ષકારો દ્વારા જાતે જ લેવામાં આવે છે. મધ્યસ્થીમાં થયેલ સમાધાન સમજૂતી પક્ષકારો માટે બંધનકર્તા હોય છે. અદાલત દ્વારા સોંપવામાં આવેલ મધ્યસ્થીમાં આવી સમાધાન સમજૂતીના આધારે પસાર કરવામાં આવેલ હુકમનામા સામે કોઈ અપીલ કે ફેરતપાસ થઈ શકતા નથી. ખાનગી મધ્યસ્થીમાં, પક્ષકારો આવી પતાવટ સમજૂતીને સમાધાન સમજૂતી તરીકે ગણવા માટે સંમત થઈ શકે છે, જે બાદમાં મધ્યસ્થી અને સમાધાન અધિનિયમ, ૧૯૯૬ની જોગવાઈઓ દ્વારા સંચાલિત થશે.

(ગ) મધ્યસ્થની ખાસિયતો

મધ્યસ્થમાં કેટલાક મૂળભૂત ગુણો હોવા જરૂરી છે, જેમાં નિમ્નલિખિતનો સમાવેશ થાય છેઃ

૧. મધ્યસ્થીની પ્રક્રિયા અને તેની અસરકારકતામાં સંપૂર્ણ, વાસ્તવિક અને બિનશરતી વિશ્વાસ.

૨. કુશળતા અને જ્ઞાનમાં સતત વધારો કરીને મધ્યસ્થીની કળામાં નિપુણતા મેળવવા માટે પ્રયત્ન કરતા રહેવાની ક્ષમતા અને પ્રતિબદ્ધતા.

૩. મધ્યસ્થીના પક્ષકારોની જરૂરિયાતો, રુચિઓ, આકાંક્ષાઓ, ભાવનાઓ, લાગણીઓ, મનઃસ્થિતિ અને માનસિકતાને સમજવાની, આંકવાની અને ધ્યાને રાખવાની સંવેદનશીલતા, સતર્કતા અને ક્ષમતા.

૪. આચરણ અને વર્તનમાં પ્રામાણિકતા અને સત્યનિષ્ઠાના ઉચ્ચતમ ધોરણો.

૫. તટસ્થતા, નિષ્પક્ષતા અને બિન-આલોચનાત્મકતા.

૬. સચેત, સક્રિય રીતે અને ધીરજથી સાંભળનાર બનવાની ક્ષમતા.

૭. શાંત, મનોહર અને આનંદી સ્વભાવ.

૮. ધીરજ, દ્રઢતા અને ખંત.

૯. સારી સંચાર કુશળતા.

૧૦. ગ્રહણશીલતા અને ઉદારતા.

૧૧. પરાનુભૂતિ.

૧૨. સર્જનાત્મકતા.

(ઘ) મધ્યસ્થની લાયકાતો

ભારતની સર્વોચ્ચ અદાલતે **સેલમ એડવોકેટ્સ બાર એસોસિએશન વિ. યુનિયન ઓફ ઇન્ડિયા,** (૨૦૦૫) ૬ એસ.સી.સી. ૩૪૪માં ભારતના કાયદા પંચના તત્કાલીન અધ્યક્ષ માનનીય ન્યાયમૂર્તિ શ્રી એમ. જે. રાવની અધ્યક્ષતાવાળી સમિતિ દ્વારા તૈયાર કરવામાં આવેલા આદર્શ દીવાની કાર્યરીતિ મધ્યસ્થી નિયમોને મંજૂરી આપી હતી. આ નિયમો મોટાભાગની ઉચ્ચ ન્યાયાલયો દ્વારા, સંબંધિત રાજ્યની જરૂરિયાતો અનુસાર ફેરફારો સાથે પહેલેથી જ અપનાવવામાં આવેલ છે. આ આદર્શ નિયમો અનુસાર નિમ્નલિખિત વ્યક્તિઓ મધ્યસ્થોની પેનલમાં સ્થાન મેળવવા માટે લાયક અને પાત્ર છેઃ--

(ક) (૧) ભારતની સર્વોચ્ચ અદાલતના નિવૃત્ત ન્યાયાધીશો;

(૨) ઉચ્ચ ન્યાયાલયના નિવૃત્ત ન્યાયાધીશો;

(૩) નિવૃત્ત જિલ્લા અને સત્ર ન્યાયાધીશો અથવા સિટી સિવિલ કોર્ટ અથવા સમકક્ષ દરજ્જાની અદાલતોના નિવૃત્ત ન્યાયાધીશો;

(ખ) સર્વોચ્ચ અદાલત અથવા ઉચ્ચ ન્યાયાલય અથવા સમકક્ષ દરજ્જાની જિલ્લા અદાલતોના સ્તરે વકીલ તરીકે ઓછામાં ઓછા પંદર વર્ષનો અનુભવ ધરાવતા કાનૂની વ્યાવસાયિકો;

(ગ) ઓછામાં ઓછા પંદર વર્ષનો અનુભવ ધરાવતા નિષ્ણાતો કે અન્ય વ્યાવસાયિકો; અથવા નિવૃત્ત વરિષ્ઠ અમલદારો અથવા નિવૃત્ત વરિષ્ઠ સત્તાધિકારીઓ;

(ઘ) એવી સંસ્થાઓ જે સ્વયં જ મધ્યસ્થીમાં નિષ્ણાત હોય અને ઉચ્ચ ન્યાયલય દ્વારા માન્યતા પ્રાપ્ત હોય, એ શરતે કે તેના સભ્યોના નામોને શરૂઆતમાં અથવા જ્યારે પણ સભ્યપદમાં ફેરફાર થાય ત્યારે ઉચ્ચ ન્યાયલય દ્વારા મંજૂરી આપવામાં આવેલ હોય.

(ચ) મધ્યસ્થો માટે નૈતિકતા અને આચારસંહિતા

૧. હિત સંઘર્ષને ટાળવું

મધ્યસ્થે એવા કેસોમાં મધ્યસ્થી કરવાનું ટાળવું જોઈએ જ્યાં વિવાદના પરિણામમાં તેમનું પ્રત્યક્ષ વ્યક્તિગત, વ્યાવસાયિક અથવા નાણાકીય હિત હોય. જો મધ્યસ્થનું કોઈ પરોક્ષ હિત હોય (દા.ત.

તે કોઈ એવી વ્યક્તિ સાથે પેઢીમાં કામ કરે છે કે જેનું પરિણામમાં હિત હોય અથવા તે કોઈ એવી વ્યક્તિ સાથે સંબંધિત હોય કે જેનું આવું હિત હોય) તો તે પક્ષકારોને વહેલી તકે આવા પરોક્ષ હિત અંગે જણાવવા બંધાયેલ છે અને જ્યાં સુધી પક્ષકારો આવું પરોક્ષ હિત હોવા છતાં તેને મધ્યસ્થ તરીકે સ્વીકારવા માટે નિર્દિષ્ટ રીતે સંમત ન થાય ત્યાં સુધી તે આ કેસમાં મધ્યસ્થી કરશે નહીં.

જ્યાં મધ્યસ્થ વ્યક્તિ વકીલ હોય, ત્યાં તેણે જે વિવાદમાં મધ્યસ્થી કરેલ હોય તેના સંબંધમાં તે કોઈ પણ પક્ષકારની તરફે ઉપસ્થિત રહેશે નહીં.

મધ્યસ્થી કાર્યવાહીના સમાપન બાદ વાજબી સમયગાળાની સમાપ્તિ ન થાય ત્યાં સુધી મધ્યસ્થે વિવાદના કોઈપણ પક્ષકાર સાથે વ્યાવસાયિક સંબંધ સ્થાપિત કરવો કે સ્થાપિત કરવાનો પ્રયાસ કરવો જોઈએ નહીં.

૨. કાર્યક્ષમતા અને વ્યાવસાયિક ભૂમિકાની મર્યાદાઓ વિશે જાણકારી

મધ્યસ્થની ફરજ છે કે તેઓ તેમની કાર્યદક્ષતા અને ક્ષમતાની મર્યાદાઓને જાણે, જેથી તેઓ જે કાર્ય સંભાળવા માટે સજ્જ ન હોય તે હાથ પર લેવાનું ટાળી શકે અને પક્ષકારો સાથે તેમની પૃષ્ઠભૂમિ અને અનુભવ વિશે નિખાલસપણે વાતચીત કરી શકે.

મધ્યસ્થે મધ્યસ્થીના પક્ષકારોને અન્ય પ્રકારની વ્યાવસાયિક સેવા પૂરી પાડવાનું ટાળવું જોઈએ, પછી ભલે તેઓ તે સેવા પૂરી પાડવા માટે પરવાનો ધરાવતા હોય. તેઓ આવી સેવાઓ પૂરી પાડવા માટે સક્ષમ હોઈ શકે છે, તો પણ જ્યારે તે બે કાર્યો એકસાથે કરવા જાય છે ત્યારે તેઓ મધ્યસ્થ તરીકેની તેમની અસરકારકતા સાથે સમાધાન કરશે.

૩. તટસ્થત આચરણ

મધ્યસ્થની ફરજ છે કે તેઓ સમગ્ર મધ્યસ્થી દરમિયાન એટલે કે શરૂઆતથી અંત સુધી તટસ્થ રહે. તેમના શબ્દો, રીત, વલણ, બોડી લેંગ્વેજ અને પ્રક્રિયા સંચાલન નિષ્પક્ષ અને સમાન અભિગમને પ્રતિબિંબિત કરે તે જરૂરી છે.

૪. સ્વૈચ્છિકતા સુનિશ્ચિત કરવી

મધ્યસ્થે મધ્યસ્થીના સ્વૈચ્છિક સ્વરૂપને ખ્યાલમાં રાખવું જોઈએ અને કોઈપણ તબક્કે મધ્યસ્થીમાંથી ખસી જવાના પક્ષકારોના અધિકારને માન્ય કરવો જોઈએ.

૫. ગોપનીયતા જાળવવી

મધ્યસ્થી સ્વરૂપમાં ગોપનીય હોવાથી, મધ્યસ્થ, મધ્યસ્થ તરીકે તેમને સોંપવામાં આવેલ વિશ્વાસ અને ગોપનીયતાના સંબંધ પ્રત્યે વફાદાર રહેશે. મધ્યસ્થે, પક્ષકાર ગુપ્ત રાખવા માંગતા હોય તેવી કોઈ પણ બાબત જાહેર કરવી જોઈએ નહીં સિવાય કે;

ક. મધ્યસ્થને સંબંધિત પક્ષકાર દ્વારા નિર્દિષ્ટ રીતે આમ કરવાની પરવાનગી આપવામાં આવી હોય; અથવા

ખ. મધ્યસ્થ માટે કાયદા હેઠળ તેમ કરવું જરૂરી હોય.

૬. કોઈ નુકસાન ન કરવું

મધ્યસ્થે મધ્યસ્થી પ્રક્રિયા એવી રીતે ચલાવવાનું ટાળવું જોઈએ કે જે સહભાગીઓને નુકસાન પહોંચાડે અથવા જેનાથી વિવાદ વધુ વકરે. કેટલાક લોકો ભાવનાત્મક વિક્ષેપથી પીડાતા હોય છે જે મધ્યસ્થીને સંભવિત રીતે માનસિક હાનિ પહોંચાડનાર બનાવે છે. કેટલાક લોકો એવા તબક્કે મધ્યસ્થી માટે આવે છે જ્યારે તેઓ તેના માટે તૈયાર નથી હોતા. કેટલાક લોકો ભાગ લેવા માટે તૈયાર અને સક્ષમ હોય છે, પરંતુ મધ્યસ્થ, પ્રક્રિયાનું એવી રીતે સંચાલન કરે છે કે જે ઉકેલ લાવવાને બદલે પક્ષકારોમાં પરસ્પર દુશ્મનાવટને ઉશ્કેરે છે. આવી પરિસ્થિતિઓમાં, મધ્યસ્થે પ્રક્રિયામાં ફેરફાર કરવો જોઈએ (દા.ત. પક્ષકારોને અલગથી મળવું અથવા ફક્ત વકીલને મળવું) અને જ્યારે તે સ્પષ્ટ થાય કે ફેરફાર કરવા છતાં મધ્યસ્થી અયોગ્ય અથવા જોખમી છે ત્યારે જો જરૂરી હોય તો મધ્યસ્થીમાંથી ખસી જવું જોઈએ.

૭. આત્મનિર્ણયને પ્રોત્સાહન આપવું

મધ્યસ્થી પ્રક્રિયામાં, પક્ષકારો પર મધ્યસ્થ અથવા અન્યોના વિચારો લાદવાને બદલે તેમને વિવાદના સમાધાન અંગે તેમના પોતાના નિર્ણયો (વ્યક્તિગત અને સામૂહિક બંને) લેવા માટે સમર્થન અને પ્રોત્સાહન આપવું એ મધ્યસ્થી પ્રક્રિયા માટે પાયારૂપ છે. મધ્યસ્થે એ સુનિશ્ચિત કરવું જોઈએ કે કોઈ પણ પક્ષકાર કે વ્યક્તિ દ્વારા કોઈ પક્ષકારને પોતાનો નિર્ણય લેવાથી રોકવામાં ન આવે.

૮. સૂચિત સંમતિને સુગમ બનાવવી

વિવાદનું સમાધાન સૂચિત સંમતિ પર આધારિત હોવું જોઈએ. ભલે મધ્યસ્થ, પક્ષકારો માટે માહિતીનો સ્રોત ન હોઈ શકે, મધ્યસ્થે એ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરવો જોઈએ કે પક્ષકારો પાસે સમાધાનના તેમના વિકલ્પો અને સમાધાનના વિકલ્પોનું મૂલ્યાંકન કરવા માટે પૂરતી

માહિતી અને વિગત હોય. જો પક્ષકારો પાસે આવી માહિતી અને વિગતનો ન હોય, તો મધ્યસ્થ તેમને સૂચવી શકે છે કે તેઓ તેને કેવી રીતે મેળવી શકે છે.

૯. ત્રાહિત પક્ષો પ્રત્યે ફરજો નિભાવવી

જે રીતે મધ્યસ્થ દ્વારા પક્ષકારોને કોઈ નુકસાન ન થવું જોઈએ, તે જ રીતે તેણે એ પણ વિચારવું જોઈએ કે પ્રસ્તાવિત સમાધાન મધ્યસ્થીમાં ભાગ ન લેતા અન્ય લોકોને નુકસાન પહોંચાડી શકે છે કે કેમ. આ ત્યારે વધુ મહત્વપૂર્ણ હોય છે જ્યારે મધ્યસ્થીના સમાધાનથી અસરગ્રસ્ત થવાની સંભાવના ધરાવતા ત્રાહિત પક્ષો બાળકો અથવા અન્ય સહાયપાત્ર લોકો હોય, જેમ કે વૃદ્ધો અથવા અશક્ત લોકો. ત્રાહિત પક્ષો આ પ્રક્રિયામાં સીધા સામેલ ન હોવાથી, મધ્યસ્થની ફરજ છે કે તે પક્ષકારોને સમાધાનની અન્ય લોકો પરની સંભવિત અસર વિશે માહિતી માટે પૂછે અને પક્ષકારોને આવા ત્રાહિત પક્ષોના હિતને પણ ધ્યાને લેવા માટે પ્રોત્સાહિત કરે.

૧૦. પ્રામાણિકતા અને સત્યનિષ્ઠા પ્રત્યે પ્રતિબદ્ધતા

મધ્યસ્થ માટે, પ્રામાણિકતાનો અર્થ છે, અન્ય બાબતોની સાથે, નિમ્નલિખિત બાબતોની સંપૂર્ણ અને ખરી જાહેરાતઃ

ક. તેમની લાયકાતો અને અગાઉનો અનુભવ;

ખ. વિવાદના પરિણામમાં પ્રત્યક્ષ કે પરોક્ષ હિત, જો કોઈ હોય તો;

ગ. પક્ષકારો પાસેથી મધ્યસ્થી માટે લેવામાં આવનાર કોઈપણ ફી; અને

ઘ. મધ્યસ્થીનું અન્ય કોઈપણ પાસું જે પ્રક્રિયામાં ભાગ લેવાની પક્ષકારની ઇચ્છાને અસર કરી શકે.

પ્રામાણિકતાનો અર્થ એ પણ થાય છે કે પક્ષકારોને અલગથી મળતી વખતે સત્ય કહેવું, દા.ત. જો પક્ષકાર 'ક' ગુપ્ત રીતે તેની લઘુતમ અપેક્ષા જાહેર કરે અને પક્ષકાર 'ખ' મધ્યસ્થને પૂછે કે શું તે સામા પક્ષકારની લઘુતમ અપેક્ષા જાણે છે કે કેમ, ત્યારે 'ના' કહેવું અપ્રમાણિક ગણાશે. તેના બદલે, મધ્યસ્થ એમ કહી શકે કે તેણે પક્ષકાર 'ક' સાથે ગુપ્ત ધોરણે ઘણી બાબતોની ચર્ચા કરી છે અને તેથી, જે રીતે તે પક્ષકાર 'ક'ને પક્ષકાર 'ખ' દ્વારા કહેવામાં આવેલી કેટલીક બાબતો જણાવશે નહીં, તે જ રીતે તે પ્રશ્નનો જવાબ આપવા માટે સ્વતંત્ર છે. ખાનગી સત્રોની શ્રેણીમાં પક્ષકારો સાથે અલગ અને ગોપનીય રીતે મધ્યસ્થી કરતી વખતે, મધ્યસ્થ એક અનન્ય અને વિશેષાધિકૃત સ્થિતિમાં હોય છે. તેમણે પક્ષકારોએ તેમના પર મૂકેલા વિશ્વાસનો દુરુપયોગ ન કરવો જોઈએ, ભલે તેઓ એમ માનતા હોય કે સત્યને ફેરવી નાખવાથી સમાધાન સાધી શકાશે.

નિયમો હેઠળ જો કોઈ નિયત ફી/મહેનતાણું/માનદ્ વેતન હોય તો, તે સિવાય મધ્યસ્થ, પ્રક્રિયા પૂર્ણ થાય તે પહેલાં અથવા પછી મધ્યસ્થી માટે પક્ષકારો પાસેથી કોઈ રકમ અથવા ભેટ માંગશે કે પ્રાપ્ત કરશે નહીં.

જ્યાં મધ્યસ્થ, ન્યાયિક અધિકારી હોય ત્યાં તે તેની અદાલતમાં પડતર કેસમાં સામેલ અથવા તેની સાથે સંબંધિત કોઈપણ વિવાદમાં મધ્યસ્થી કરશે નહીં.

પ્રકરણ-૮

મધ્યસ્થની તાલીમ

એક પ્રણાલી, જો તેનું સંચાલન કરતી વ્યક્તિઓ પાસે જરૂરી કાર્યકારી કુશળતા ન હોય તો સંપૂર્ણ રીતે માળખાગત હોવા છતાં, ઇચ્છિત પરિણામ ન પણ આપી શકે. કોઈ ચોક્કસ કામ કરવા માટે પસંદ કરાયેલ વ્યક્તિ જો તેના માટે યોગ્ય રીતે પ્રશિક્ષિત ન હોય, તો ભૂલો કરી શકે છે. વ્યક્તિ કાર્ય કરવાનું શરૂ કરે તે પહેલાં તાલીમ અનિવાર્ય છે. તાલીમ, વ્યક્તિની કુશળતામાં અંતરાયોને જાણવામાં અને તેને અસરકારક રીતે કાર્ય કરવા સજ્જ બનાવવા માટે આવા અંતરાયોને દૂર કરવાનો પ્રયાસ કરે છે. તાલીમ, કાર્ય અનુસાર - કેન્દ્રિત, વિશિષ્ટ, પરિણામલક્ષી અને માળખાગત હોવી જોઈએ. તેના દ્વારા તાલીમાર્થીની કુશળતા, જ્ઞાન અને વલણમાં સુધારો થવો જોઈએ.

મધ્યસ્થી એ ભારતમાં વિકસતી વિભાવના છે. વિવાદોના સમાધાન માટે મધ્યસ્થીને સંપૂર્ણપણે વિકસિત સાધન બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. મધ્યસ્થીની મૂળભૂત બાબતો શીખવા માટે મધ્યસ્થ માટે તાલીમ જરૂરી છે. મધ્યસ્થ માટે તેની પૃષ્ઠભૂમિને ધ્યાનમાં લીધા વિના તાલીમ જરૂરી છે, પછી ભલે તે ન્યાયિક અધિકારી હોય કે વકીલ અથવા અન્ય કોઈ વર્ગની વ્યક્તિ હોય.

સમગ્ર ભારતમાં એકસમાન મધ્યસ્થી પ્રક્રિયા અને કાર્યક્રમનું પાલન કરવું જરૂરી છે. મધ્યસ્થો માટે તાલીમનો સમયગાળો, સ્વરૂપ અને અભ્યાસક્રમની બાબતમાં પણ એકરૂપતા જરૂરી છે.

તાલીમનો સમયગાળો

આંતરરાષ્ટ્રીય ધોરણો અને સ્વદેશી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, તાલીમનો સમયગાળો ઓછામાં ઓછો ૪૦ કલાકનો હોવો જોઈએ.

તાલીમનું સ્વરૂપ

તાલીમમાં નિમ્નલિખિતનો સમાવેશ થાય છેઃ-

(૧) સૈદ્ધાંતિક બાબતો

(૨) ભૂમિકા ભજવવા અને દર્શાવવા જેવા સ્વાધ્યાયો

(૩) પ્રશિક્ષક અથવા પ્રશિક્ષિત મધ્યસ્થના માર્ગદર્શન હેઠળ કેટલાક વાસ્તવિક વિવાદોની મધ્યસ્થીની વ્યવહારુ તાલીમ.

અભ્યાસક્રમ

તાલીમ માટેના અભ્યાસક્રમમાં નિમ્નલિખિતનો સમાવેશ થવો જોઈએઃ-

૧. મધ્યસ્થીની વિભાવના અને પ્રક્રિયા.

૨. ભારતમાં મધ્યસ્થીનો વિકાસ અને કાયદાકીય ઇતિહાસ.

૩. સંઘર્ષ વ્યવસ્થાપન અને ઉકેલ.

૪. મધ્યસ્થીની વિભાવના.

૫. મધ્યસ્થીના પ્રકારો.

૬. મધ્યસ્થીના ફાયદા.

૭. મધ્યસ્થી અને તકરાર નિવારણની અન્ય પદ્ધતિઓ વચ્ચેનો તફાવત.

૮. મધ્યસ્થીના તબક્કાઓ.

૯. વાટાઘાટો.

૧૦. સંચાર.

૧૧. અવરોધ વ્યવસ્થાપન.

૧૨. મધ્યસ્થની ભૂમિકા.

૧૩. મધ્યસ્થ માટે નૈતિકતા અને આચારસંહિતા.

૧૪. રેફરલ ન્યાયાધીશોની ભૂમિકા.

૧૫. પક્ષકારો અને તેમના વકીલોની ભૂમિકા.

૧૬. સમજૂતી કરારની અનુપાલનક્ષમતા.

૧૭. મધ્યસ્થીના નિયમો.

પ્રકરણ-૯

મધ્યસ્થીમાં સંચાર

૧.૧ સંચાર એ મધ્યસ્થીનું મૂળ છે. તેથી, મધ્યસ્થીની સફળતા માટે મધ્યસ્થીના તમામ સહભાગીઓ વચ્ચે અસરકારક સંવાદ જરૂરી છે.

૧.૨ સંચાર એ માત્ર બોલવું અને સાંભળવું નથી. સંચાર એ માહિતીના આદાન-પ્રદાનની પ્રક્રિયા છે.

૧.૩ સંચારનો હેતુ સંદેશ પહોંચાડવાનો છે.

૧.૪ સંચારનો હેતુ નીચેનામાંથી કોઈપણ અથવા તમામ હોઈ શકે છેઃ

- આપણી લાગણીઓ/ વિચારો/ ખ્યાલ/ મનોભાવ/ ઇચ્છાઓને અન્ય લોકો સમક્ષ વ્યક્ત કરવી.
- આપણે શું અને કેવું અનુભવીએ છીએ/ વિચારીએ છીએ તે અન્ય લોકોને સમજાવવું.
- લાભ કે ફાયદો મેળવવા.
- બિનસંતોષાયેલ જરૂરિયાત અથવા માંગણી વ્યક્ત કરવી.

૧.૫ સંચાર એટલે તમારી પોતાની રીતે અન્યને વાત પહોંચાડવી. ઉદાહરણ તરીકે, કોઈ વસ્તુની અસંમતિ, શબ્દો દ્વારા અથવા ઈશારા કે ચહેરાના હાવભાવ દ્વારા અથવા તે તમામ દ્વારા વ્યક્ત કરી શકાય છે.

૧.૬ સંચાર એ એક વ્યક્તિ દ્વારા બીજા વ્યક્તિને મોકલવામાં આવતી માહિતી પણ છે, જેનો હેતુ એ હોય છે કે તે માહિતી મેળવનાર દ્વારા તે જ રીતે સમજવામાં આવે જે રીતે મોકલનાર દ્વારા તે માહિતીને વિચારવામાં આવી હતી.

૧.૭ સંચારની શરૂઆત વિચાર અથવા લાગણી અથવા ખ્યાલ અથવા મનોભાવ દ્વારા થાય છે, જે શબ્દો/ હાવભાવ/ કૃત્યો/ અભિવ્યક્તિઓમાં રૂપાંતરિત થાય છે. ત્યારબાદ, તે સંદેશમાં રૂપાંતરિત થાય છે. આ સંદેશ, મેળવનારને મોકલવામાં આવે છે. મેળવનાર કારણો, વિચારો, લાગણીઓ/ ખ્યાલની મદદથી સંદેશને સમજે છે. તે મેળવનારમાં પ્રતિક્રિયા જગાડે છે, જે આ પ્રતિક્રિયાને શબ્દો/ હાવભાવ/ કૃત્યો/ અભિવ્યક્તિઓ દ્વારા મોકલનારને પહોંચાડે છે.

૧.૮ પરિણામે, સંચારમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે :-

પ્રેષક - સંદેશ મોકલનાર વ્યક્તિ.

મેળવનાર - જે વ્યક્તિ સંદેશ મેળવે છે.

માધ્યમ - જેના દ્વારા સંદેશનું આદાન-પ્રદાન થાય છે, જે શબ્દો અથવા હાવભાવ અથવા અભિવ્યક્તિઓ હોઈ શકે છે.

સંદેશ - વિચારો/ લાગણીઓ/ ખ્યાલ/ મનોભાવ/ જ્ઞાન/ માહિતી કે જેનો સંચાર કરવાનો છે.

એન્કોડિંગ - સંદેશ/ માહિતીને મેળવનાર ડીકોડ કરી શકે તેવા સ્વરૂપમાં રૂપાંતરિત કરીને મોકલવી.

ડીકોડિંગ - સંદેશ અથવા માહિતીને સમજવી.

પ્રતિસાદ - પ્રાપ્ત સંદેશનો જવાબ /ઉત્તર.

ઉપરોક્તમાંથી કોઈપણ ઘટકોમાં રહી જતી ઊણપથી સંચાર અધૂરો અથવા ખામીયુક્ત રહેશે.

૧.૯ સંચાર અજાણતા થઇ શકે છે, દા.ત. ભાવનાત્મક સ્થિતિમાં હાવભાવ, ઈશારા, શબ્દો વગેરે દ્વારા લાગણીઓ અનૈચ્છિક રીતે વ્યક્ત થઇ શકે છે. આવી અભિવ્યક્તિઓના નિરીક્ષણ માટે મધ્યસ્થે સતર્ક રહેવું જોઈએ.

૧.૧૦ સંચાર મૌખિક અથવા બિન-મૌખિક હોઈ શકે છે. સંચાર બોલાયેલા અથવા લેખિત શબ્દો, ઈશારા, બોડી લેંગ્વેજ, ચહેરાના હાવભાવ વગેરે દ્વારા થઇ શકે છે. અભ્યાસ દર્શાવે છે કે કોઈપણ સંચારમાં, ૫૫ ટકા અર્થ હાવભાવ દ્વારા, ૩૮ ટકા વલણ/વર્તન દ્વારા અને ૭ ટકા સંચારના શબ્દો દ્વારા વ્યક્ત થાય છે.

મૌખિક અને બિન-મૌખિક સંચાર

મૌખિક સંચાર એ બોલાયેલા શબ્દો દ્વારા માહિતી અથવા સંદેશનું આદાન-પ્રદાન છે.

બિન-મૌખિક સંચાર એટલે બોલાયેલા શબ્દોનો ઉપયોગ કર્યા વિના મોકલનારથી મેળવનાર સુધી માહિતી અથવા સંદેશનું પ્રસારણ. તેમાં લેખિત સંદેશાવ્યવહાર, હાવભાવ, લહેકો, વર્તન, વલણ અને બિન-મૌખિક અભિવ્યક્તિની અન્ય રીતો સામેલ છે. તે ઘણીવાર મૌખિક સંચાર કરતાં વધુ સહજ હોય છે અને સાહજિક રીતે જ વ્યક્ત થાય છે. તેથી, તે વધુ સચોટ માહિતી આપી શકે છે.

મધ્યસ્થ માટે મધ્યસ્થી દરમિયાન થતા બિન-મૌખિક સંચાર પર પૂરતું ધ્યાન આપવું મહત્વપૂર્ણ છે. આવા બિન-મૌખિક સંચાર મારફતે પક્ષકારો દ્વારા મોકલવામાં આવતા સંદેશાનું વિશ્લેષણ કરવું પણ મધ્યસ્થ માટે મહત્વપૂર્ણ છે.

૧.૧૧ અસરકારક સંચારની જરૂરિયાતોઃ

(૧) સરળ અને સ્પષ્ટ ભાષાનો ઉપયોગ કરવો.

(૨) મુશ્કેલ શબ્દો અને શબ્દસમૂહોનો ઉપયોગ ટાળવો.

(૩) બિનજરૂરી પુનરાવર્તન ટાળવું.

(૪) સ્પષ્ટ અને તર્કપૂર્ણ રહેવું.

(૫) વિચાર અને અભિવ્યક્તિની સ્પષ્ટતા રાખવી.

(૬) સહાનુભૂતિ, હૂંફ અને રુચિ સાથે પ્રતિક્રિયા આપવી.

(૭) આંખોમાં જોઈને વાત કરવી.

(8) ધીરજ રાખવી, સચેત અને વિનમ્ર રહેવું.

(9) બિનજરૂરી વિક્ષેપો ટાળવા.

(૧૦) સાંભળવાની સારી ક્ષમતા અને કુશળતા.

(૧૧) નકારાત્મક અસર કરી શકે તેવા નિવેદનો અને ટિપ્પણીઓ અથવા પ્રતિક્રિયાઓ આપવાનું ટાળવું.

૧.૧૨ બિનઅસરકારક સંચારના કારણોઃ

(૧) સમજફેર, એટલે કે જેમાં મોકલનારનો સંદેશ મેળવનાર દ્વારા યોગ્ય રીતે સમજી શકાતો નથી.

(૨) મેળવનાર દ્વારા સંદેશનું ખોટું અર્થઘટન અને તેમાં થતી વિકૃતિ.

(૩) ભાષા અને અભિવ્યક્તિમાં તફાવત.

(૪) સાંભળવાની નબળી ક્ષમતા અને કુશળતા.

(૫) ધીરજનો અભાવ.

(૬) ત્રાહિત પક્ષ/મધ્યસ્થ દ્વારા મૂલ્યવાન માહિતીને અટકાવવી અથવા વિકૃત બનાવવી, જેમાં મોકલનાર દ્વારા આવા ત્રાહિત પક્ષ/મધ્યસ્થ મારફત મેળવનારને સંદેશો મોકલવામાં આવે છે.

૧.૧૩ સંચાર માટેના અવરોધોઃ

ભૌતિક અવરોધોઃ

(૧) અનુકૂળ વાતાવરણનો અભાવ.

(૨) યોગ્ય બેઠક વ્યવસ્થાનો અભાવ.

(૩) ત્રાહિત પક્ષોની હાજરી.

(૪) પૂરતા સમયનો અભાવ.

ભાવનાત્મક અવરોધોઃ

(૧) પક્ષકારોનો સ્વભાવ અને તેમની ભાવનાત્મકતા.

(૨) હીનતા, શ્રેષ્ઠતા, અપરાધ અથવા ઘમંડની લાગણી.

(૩) ભય, શંકા, અહંકાર, અવિશ્વાસ અથવા પૂર્વગ્રહ.

(૪) છૂપો આશય.

(૫) વ્યક્તિત્વનો સંઘર્ષ.

૧.૧૪ પ્રતિકૂળ તંત્ર અને મધ્યસ્થીમાં સંચાર

	પ્રતિકૂળ તંત્ર	**મધ્યસ્થી**
ધ્યેય	જીતવું	પરસ્પર સ્વીકાર્ય ઉકેલો સુધી પહોંચવું
શૈલી	દલીલબાજી	સહયોગ
બોલવું	સાબિત કરવા અને મનાવવા માટે	સમજાવવા માટે
સાંભળવું	ભૂલો શોધવા અને વિરોધાભાસી દલીલો કરવા માટે	સમજવા માટે

મધ્યસ્થીમાં સંચાર કૌશલ્ય

મધ્યસ્થી સંચાર કૌશલ્યમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છેઃ:

(ક) ધ્યાનથી સાંભળવું.

(ખ) સહાનુભૂતિ સાથે સાંભળવું.

(ગ) હાવભાવ

(ઘ) સાચા પ્રશ્નો પૂછવા.

(ક) ધ્યાનથી સાંભળવુંઃ

પક્ષકારો આશા, આશંકા, તકલીફ, ગુસ્સો, મૂંઝવણ, ભય વગેરેની વિવિધ માત્રા સાથે મધ્યસ્થીમાં ભાગ લે છે. જો પક્ષકારો સમજે કે તેમની વાત સાંભળવામાં આવશે અને સમજવામાં આવશે, તો તે વિશ્વાસ નિર્માણમાં મદદ કરશે અને તેઓ વિવાદને ઉકેલવાની જવાબદારી વહેંચી શકે છે.

ધ્યાનથી સાંભળવામાં શ્રોતા વક્તાના શબ્દો, હાવભાવ અને સંવાદના સંદર્ભ પર ધ્યાન આપે છે.

ધ્યાનથી સાંભળનાર શ્રોતા, શું કહેવામાં આવે છે અને શું નથી કહેવાતું, તે બંને સાંભળે છે.

કોઈ પણ ભૂલ, ખોટું નિવેદન અથવા વક્તાના સંચારની અન્ય મર્યાદાઓ હોવા છતાં, ધ્યાનથી સાંભળનાર શ્રોતા વક્તાના ઇચ્છિત સંદેશને સમજવાનો પ્રયાસ કરે છે.

ધ્યાનથી સાંભળનાર શ્રોતા તેની સ્ફૂરણાઓ અને નિર્ણયોને નિયંત્રિત કરે છે જે વક્તાના સંદેશને સમજવામાં દખલ કરી શકે છે.

ધ્યાનથી સાંભળવા માટે વક્તાને બિનજરૂરી રીતે વિક્ષેપિત કર્યા વિના સાંભળવા જરૂરી છે. પક્ષકારોને તેમનો સંદેશો પહોંચાડવા માટે ખલેલ-રહિત સમય આપવો જોઈએ. શ્રવણ અને સાંભળવા વચ્ચે તફાવત છે. શ્રવણ વખતે, શું કહેવામાં આવ્યું છે તેની જાણ થાય છે. જ્યારે સાંભળતી વખતે, જે કહેવામાં આવ્યું છે તેનો અર્થ પણ સમજી શકાય છે. સાંભળવું એ એક સક્રિય પ્રક્રિયા છે.

મધ્યસ્થી દ્વારા સક્રિય રીતે સાંભળવાની સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતી તકનીકો નીચે મુજબ છેઃ

૧. સારાંશઃ આ એક એવી સંચાર તકનીક છે જ્યાં મધ્યસ્થી વક્તા દ્વારા રજુ કરવામાં આવેલા મુખ્ય મુદ્દાઓને રૂપરેખાંકિત કરે છે. સારાંશ સચોટ, સંપૂર્ણ અને તટસ્થ રીતે શબ્દબદ્ધ હોવો જોઈએ. તેમાં વક્તા દ્વારા કરવામાં આવેલા આવશ્યક મુદ્દાઓનો સમાવેશ થવો આવશ્યક છે. પક્ષકારોમાં સમજવામાં આવ્યાની લાગણી જન્મે છે અને તેમના દ્વારા થતું પુનરાવર્તન ઘટે છે.

૨. પુનરુચ્ચારઃ પુનરુચ્ચાર એ એક એવી સંચાર તકનીક છે જેનો ઉપયોગ મધ્યસ્થી દ્વારા એ ખાતરી કરવા માટે કરવામાં આવે છે કે તેમણે વક્તા દ્વારા વ્યક્ત કરવામાં આવેલ મનોભાવ અને લાગણીઓને સાંભળી અને સમજી છે. પુનરુચ્ચાર એ વક્તાના અનુભવની દૃષ્ટિએ મનોભાવ અને લાગણીઓનું પુનરાવર્તન છે, દા.ત. "તો, તમે હતાશા અનુભવો છો." પુનરુચ્ચાર સામાન્ય રીતે સહાનુભૂતિ દર્શાવે છે.

૩. પુનઃરચનાઃ પુનઃરચના એ એક એવી સંચાર તકનીક છે જેનો ઉપયોગ મધ્યસ્થ દ્વારા પક્ષકારોને *સ્થિતિ* પરથી *હિતો* તરફ અને ત્યારબાદ સમસ્યાના નિરાકરણ અને સંભવિત ઉકેલો તરફ આગળ વધવામાં મદદ કરવા માટે થાય છે. તેમાં વક્તાના ઉશ્કેરાટભર્યા અને અપમાનજનક શબ્દોને દૂર કરવાનો સમાવેશ થાય છે. તેનાથી પાંચ આવશ્યક બાબતો પૂર્ણ થાય છેઃ

૧. નિવેદનને નકારાત્મકમાંથી હકારાત્મક બનાવે છે.

૨. ભૂતકાળના નિવેદનને ભવિષ્યમાં રૂપાંતરિત કરે છે.

૩. નિવેદનને સ્થિતિથી હિતમાં રૂપાંતરિત કરે છે.

૪. લક્ષિત વ્યક્તિથી ધ્યાન વક્તા તરફ લઇ જાય છે.

૫. લાગણીઓની તીવ્રતા ઘટાડે છે.

ઉદાહરણઃ

પક્ષકારઃ ‘‘મારા સાહેબ ક્રૂર અને ઉદાસીન છે. તેમની સાથે વાત કરવી અશક્ય છે. દિવસમાં ઓછામાં ઓછી એક વાર મારી તેમની સાથે મુલાકાત થવી જોઈએ. તેઓ મારા માટે સમય નથી કાઢતા અને હંમેશા મારી અવગણના કરે છે.’’

મધ્યસ્થી પુનઃરચનાઃ ‘‘તમે તમારા બોસ સાથે નિયમિત સંપર્ક અને વાતચીત કરવા માંગો છો અને તમે ઇચ્છો છો કે તે વિચારશીલ હોય, શું તે સાચું છે? આ પુનઃરચનાએ કર્મચારીની

ફરિયાદને નકારાત્મકથી સકારાત્મક, ભૂતકાળથી ભવિષ્ય, સ્થિતિને હિતમાં રૂપાંતરિત કરી છે અને કર્મચારીની જરૂરિયાતો/હિતો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

નોંધઃ

સ્થિતિઃ સ્થિતિ એ એક ધારણા ("મારા સાહેબ ક્રૂર અને ઉદાસીન છે") અથવા દાવો અથવા માંગ અથવા ઇચ્છિત પરિણામ ("દિવસમાં ઓછામાં ઓછી એક વાર મારી તેમની સાથે મુલાકાત થવી જોઈએ") છે.

હિતઃ હિત એ છે જે વ્યક્તિની માંગણીઓ અથવા દાવાઓમાં નિહિત હોય છે અને તેમને આગળ ધપાવે છે. તે વ્યક્તિની વાસ્તવિક જરૂરિયાત, નિસબત, પ્રાથમિકતા, લક્ષ્ય વગેરે છે. તે મૂર્ત (દા.ત. મિલકત, નાણાં, શેર વગેરે.) અને/ અથવા અમૂર્ત (દા.ત. સંચાર, વિચારણા, સ્વીકૃતિ, આદર, વફાદારી વગેરે) હોઈ શકે છે.

૪. **સ્વીકૃતિઃ** સ્વીકૃતિમાં મધ્યસ્થ સંમત કે અસંમત થયા વિના મૌખિક રીતે સ્વીકારે છે કે વક્તાએ શું કહ્યું છે. ઉદાહરણ તરીકે ''હું તમારો મુદ્દો સમજી શકું છું'' અથવા ''હું સમજી શકું છું કે તમે શું કહી રહ્યા છો.'' આ રીતે મધ્યસ્થ, વક્તાને ખાતરી આપે છે કે તેમને સાંભળવામાં અને સમજવામાં આવ્યા છે.

૫. **મુલતવીઃ** એક વિશિષ્ટ સંચાર તકનીક જ્યાં મધ્યસ્થ કોઈ વિષયની ચર્ચા મુલતવી રાખે છે. મુલતવી રાખતી વખતે મધ્યસ્થે જે વિષયને મોકૂફ રાખ્યો છે, તે તેણે લખવો જોઈએ અને યોગ્ય સમયે વિષયની ચર્ચા ફરીથી શરૂ કરવી જોઈએ.

૬. **પ્રોત્સાહનઃ** જ્યારે પક્ષકારોને આશ્વાસન, સમર્થન અથવા વાતચીતમાં મદદની જરૂર હોય ત્યારે મધ્યસ્થ, પક્ષકારોને પ્રોત્સાહિત કરી શકે છે. ઉદાહરણ તરીકેઃ ''તમે જે કહ્યું તે વસ્તુઓને સ્પષ્ટ કરે છે'' અથવા ''આ ઉપયોગી માહિતી છે''.

૭. **જોડતા શબ્દોનો પ્રયોગઃ** પક્ષકારને વાતચીત ચાલુ રાખવામાં મદદ કરવા માટે મધ્યસ્થ દ્વારા ઉપયોગમાં લેવાતી એક તકનીક. ઉદાહરણ તરીકેઃ ''અને-------'', ''અને પછી------'', ''અને'' શબ્દ સંચારને પ્રોત્સાહન આપે છે, જ્યારે ''પરંતુ'' શબ્દ સંચારને નિરુત્સાહિત કરી શકે છે.

૮. **પુનરાવર્તનઃ** આમાં મધ્યસ્થ, વક્તા દ્વારા ઉપયોગમાં લેવાતા મુખ્ય અથવા સમાન શબ્દો અથવા શબ્દસમૂહોનો ઉપયોગ કરીને વક્તાના નિવેદનને પુનરાવર્તિત કરે છે, જેથી તે ખાતરી કરી શકે કે તેણે વક્તાને સચોટ રીતે સાંભળ્યાં છે અને સમજ્યાં છે. ઉદાહરણ તરીકેઃ ''મારા પતિ મારા પર

જરૂરી ધ્યાન આપતા નથી.'' મધ્યસ્થ પુનરાવર્તન કરે છે કે ''તમારા પતિ તમારા પર જરૂરી ધ્યાન આપતા નથી.''

૯. **અન્ય સ્પષ્ટ શબ્દોનો પ્રયોગઃ** આ એક એવી સંચાર તકનીક છે, જેમાં મધ્યસ્થ પોતાના શબ્દોમાં વક્તાના નિવેદનો સમાન અર્થમાં જણાવે છે.

૧૦. **મૌનઃ** એક ખૂબ જ મહત્વપૂર્ણ સંચાર તકનીક. મધ્યસ્થે પક્ષકારોના મૌન બાબતે સ્વસ્થ રહેવું જોઈએ, જેનાથી પક્ષકારો પોતાના વિચારો પર મંથન કરી સમજી શકે.

૧૧. **માફી માંગવીઃ** તે અન્ય પક્ષકારને થયેલ દુઃખ અને દર્દની સ્વીકૃતિ છે અને જરૂરી નથી કે તે અપરાધની સ્વીકૃતિ હોય. જ્યારે કોઈ પક્ષ માફી માંગે ત્યારે મધ્યસ્થે કાળજીપૂર્વક અને પર્યાપ્ત રીતે પક્ષકારોને તૈયાર કરવા જોઈએ.

ઉદાહરણઃ ''હું દિલગીર છું કે મારા શબ્દો/કૃત્યથી તમને દુઃખ અને પીડા થઈ. તમને દુઃખ પહોંચાડવાનો મારો ઈરાદો ન હતો.''

૧૨. **કાર્યસૂચિ નક્કી કરવીઃ** પક્ષકારો વચ્ચે વધુ સારા સંચારને સરળ બનાવવા માટે મધ્યસ્થ અસરકારક રીતે વિષયો, મુદ્દાઓ, સ્થિતિ, દાવાઓ, બચાવ, સમાધાનની શરતો વગેરેની શ્રેણી કે ક્રમ તૈયાર કરે છે. તે પક્ષો સાથે પરામર્શ કરીને અથવા એકપક્ષીય રીતે કરી શકાય છે.

ઉદાહરણ તરીકે, જ્યારે તણાવ વધારે હોય ત્યારે પહેલા કામ કરવા માટે સરળ મુદ્દો પસંદ કરવો વધુ યોગ્ય છે. મધ્યસ્થ નક્કી કરી શકે છે કે પહેલા શું ધ્યાનમાં લેવું જોઈએ જેથી પછીથી નિર્ણય લેવા માટે પાયાની કામગીરી પૂરી પાડી શકાય.

સક્રિય રીતે સાંભળવાના અવરોધોઃ

(૧) **વિક્ષેપોઃ-** તેઓ બાહ્ય અથવા આંતરિક હોઈ શકે છે. ઘોંઘાટ, અસ્વસ્થતા, વિક્ષેપો વગેરે બાહ્ય વિક્ષેપોના સ્રોત છે. થાક, કંટાળો, વ્યસ્તતા, ચિંતા, અધીરાઈ વગેરે આંતરિક વિક્ષેપોના સ્રોત છે.

(૨) **અપૂરતો સમયઃ-** ધ્યાનપૂર્વક અને ધીરજથી સાંભળવા માટે પૂરતો સમય હોવો જોઈએ.

(૩) **પૂર્વગ્રહઃ-** મધ્યસ્થે પક્ષકારો અને તેમના વલણ, હેતુ અથવા ઇરાદા બાબતે પૂર્વગ્રહ ન રાખવો જોઈએ.

(૪) **દોષારોપણઃ-** જે બન્યું છે તેના માટે મધ્યસ્થે કોઈ પણ પક્ષને જવાબદાર ઠેરવવા જોઈએ નહીં.

(૫) **બેધ્યાનપણું:-** મધ્યસ્થ અધૂરી વાત સાંભળનાર અથવા બેદરકાર ન હોવો જોઈએ.

(૬) **ભૂમિકા અંગે મૂંઝવણઃ-** મધ્યસ્થે સલાહકાર અથવા ન્યાયનિર્ણાયકની ભૂમિકા ધારણ કરવી જોઈએ નહીં. તેણે માત્ર વિવાદના સમાધાનનો પ્રયાસ કરવો જોઈએ.

(૭) **પોતાના મંતવ્યો લાદવા કે તેમની પર દલીલ કરવી:-** મધ્યસ્થે પક્ષો સાથે દલીલ ન કરવી જોઈએ અથવા તેમના પર પોતાના મંતવ્યો લાદવાનો પ્રયાસ ન કરવો જોઈએ.

(૮) ટીકા કરવી

(૯) સલાહ આપવી

(૧૦) નૈતિકતા દાખવવી

(૧૧) વિશ્લેષણ કરવું

(ખ) પરાનુભૂતિ સાથે સાંભળવું

મધ્યસ્થીની પ્રક્રિયામાં, પરાનુભૂતિનો અર્થ એ છે કે પક્ષકારોની લાગણીઓ અને જરૂરિયાતોને સમજવા અને કદર કરવાની અને તેમની સાથે સંમતિ કે અસંમતિ વ્યક્ત કર્યા વિના તેમને આવી સમજણ અને કદર બાબતે માહિતગાર કરવાની મધ્યસ્થની ક્ષમતા.

મધ્યસ્થ દ્વારા દર્શાવવામાં આવેલી પરાનુભૂતિ વક્તાઓને ઓછા ભાવનાત્મક અને વધુ વ્યવહારુ અને વાજબી બનવામાં મદદ કરે છે. મધ્યસ્થે એ સમજવું જોઈએ કે પરાનુભૂતિ સહાનુભૂતિથી અલગ છે. પરાનુભૂતિમાં ધ્યાન વક્તા પર કેન્દ્રિત હોય છે જ્યારે સહાનુભૂતિમાં ધ્યાન શ્રોતા પર કેન્દ્રિત હોય છે.

ઉદાહરણ:

પત્નીઃ "કાર્યસ્થળે મારો દિવસ ખૂબ મુશ્કેલ હતો"

પતિઃ "હું ખૂબ દિલગીર છું કે કાર્યસ્થળે તમારો દિવસ ખૂબ મુશ્કેલ હતો"

(ધ્યાન શ્રોતા/પતિ પર છે) -સહાનુભૂતિ

પતિઃ "કાર્યસ્થળે તારો દિવસ ખૂબ મુશ્કેલ હતો, મારો દિવસ તેનાથી વધુ ખરાબ હતો"

(ધ્યાન શ્રોતા/પતિ પર છે) -સહાનુભૂતિ

પતિઃ "તને લાગે છે કે આજે કાર્યસ્થળે તારો દિવસ ખૂબ મુશ્કેલ હતો.

શું તું તેના વિશે વાત કરવા માંગે છે? "

(ધ્યાન વક્તા/પત્ની પર છે) -પરાનુભૂતિ

પુનરુચ્ચાર એ એક સારી સંચાર તકનીક છે જેનો ઉપયોગ પરાનુભૂતિ વ્યક્ત કરવા માટે થાય છે.

(ગ) હાવભાવઃ

શ્રોતાના યોગ્ય હાવભાવ વક્તાને સૂચવે છે કે શ્રોતા સચેત છે. તે વક્તાને જણાવે છે કે શ્રોતાને સાંભળવામાં રસ છે અને શ્રોતા વક્તાને મહત્ત્વ આપે છે.

મધ્યસ્થોના કિસ્સામાં નીચેની બાબતો યોગ્ય હાવભાવ દર્શાવી શકે છેઃ

(૧) મુદ્રાની સમપ્રમાણતા - તે મધ્યસ્થનો આત્મવિશ્વાસ અને રસ દર્શાવે છે.

(૨) સ્વસ્થ દેખાવ - તે પક્ષકારોનો આત્મવિશ્વાસ વધારે છે.

(૩) હસતો ચહેરો - તે પક્ષકારોને હળવાશનો અનુભવ કરાવે છે.

(૪) વક્તા તરફ હળવેથી ઝુકવું - તે ધ્યાનપૂર્વક સાંભળવાની નિશાની છે.

(૫) વક્તાની આંખોમાં જોવું - તે સતત ધ્યાન સુનિશ્ચિત કરે છે.

(ઘ) યોગ્ય પ્રશ્નો પૂછવા

મધ્યસ્થીમાં મધ્યસ્થ દ્વારા માહિતી એકત્રિત કરવા અથવા હકીકતો, સ્થિતિ અને હિતોને સ્પષ્ટ કરવા અથવા પક્ષોની સમજને બદલવા માટે પ્રશ્નો પૂછવામાં આવે છે. પ્રશ્નો સુસંગત અને યોગ્ય હોવા જોઈએ. જોકે, પૂછપરછ એ એક સાધન છે જેનો ઉપયોગ વિવેકબુદ્ધિ અને સંવેદનશીલતા સાથે કરવો જોઈએ. પૂછપરછનો સમય અને સંદર્ભ મહત્વપૂર્ણ છે. વિવિધ પ્રકારના પ્રશ્નો જુદા જુદા સમયે અને જુદા જુદા સંદર્ભમાં યોગ્ય રહેશે. યોગ્ય પૂછપરછ એ પણ દર્શાવશે કે મધ્યસ્થ સાંભળી રહ્યા છે અને પક્ષકારોને વાત કરવા માટે પ્રોત્સાહિત કરી રહ્યા છે. જોકે, પૂછપરછની શૈલી ઊલટતપાસ મુજબની હોવી જોઈએ નહીં. પ્રશ્નો પૂર્વગ્રહ, પક્ષપાત, નિર્ણાયકતા અથવા ટીકા

દર્શાવતા ન હોવા જોઈએ. યોગ્ય પ્રશ્નો પક્ષકારો અને મધ્યસ્થોને મુદ્દાઓ શું છે તે સમજવામાં મદદ કરે છે.

પ્રશ્નોના પ્રકારોઃ

(ક) મુક્ત પ્રશ્નોઃ આ એવા પ્રશ્નો છે જે પક્ષકારને વધુ માહિતી પ્રદાન કરવા અથવા પોતાની સ્થિતિ સ્પષ્ટ કરવા, ચર્ચાની દિશા પર નિયંત્રણ અને પોતાનો દૃષ્ટિકોણ જાળવી રાખવા માટે વધુ તક આપશે. આવા પ્રશ્નોનો વ્યાપ સર્વગ્રાહી અને સામાન્ય છે.

ઉદાહરણોઃ "શું તમે મને આ વિષય અંગે વધુ કહી શકો છો?"
"પછી શું થયું?"
"તમારો દાવો શું છે?"
"તમે ખરેખર શું હાંસલ કરવા માંગો છો?"

(ખ) સીમિત પ્રશ્નોઃ આ પ્રશ્નો વ્યાપમાં મર્યાદિત, ચોક્કસ, સીધા અને કેન્દ્રિત છે.

આવા પ્રશ્નો તથ્ય-આધારિત હોય છે અને માહિતી મેળવવાનું વલણ ધરાવે છે. આ પ્રશ્નોના જવાબ ''હા'' કે ''ના'' અથવા ખૂબ ટૂંકા હોઈ શકે છે અને ચોક્કસ મુદ્દા પરની ચર્ચાનો અંત લાવી શકે છે.

ઉદાહરણોઃ ''તે માણસે કયા રંગનો શર્ટ પહેર્યો હતો?''
''કઈ તારીખે કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા?''
''તમારા તબીબી બિલની કુલ રકમ કેટલી છે?''
''જ્યારે ઘટના બની ત્યારે શું તમે બજારમાં હાજર હતા?''

(ગ) પ્રકલ્પિત પ્રશ્નોઃ પ્રકલ્પિત પ્રશ્નો એવા પ્રશ્નો છે જે પક્ષકારોને નવા વિચારો અને વિકલ્પો શોધવા પ્રેરે છે.

ઉદાહરણોઃ "જો વાદગ્રસ્ત મિલકત સરકાર દ્વારા સંપાદિત કરવામાં આવે તો શું?"
"જો તમારા પતિ માતાપિતાનું ઘર છોડીને અલગ રહેવાની રજૂઆત કરે તો શું?''

સૂચક પ્રશ્નો અને જટિલ પ્રશ્નો જેવા અન્ય પ્રકારના પ્રશ્નો સામાન્ય રીતે મધ્યસ્થીમાં પૂછવામાં આવતા નથી, કારણ કે આવા પ્રશ્નો મધ્યસ્થી પ્રક્રિયામાં મદદ કરતા નથી.

પ્રકરણ-૧૦

મધ્યસ્થીમાં વાટાઘાટો અને સોદાબાજી

વાટાઘાટો અને સોદાબાજી શબ્દોનો ઉપયોગ ઘણીવાર એકબીજાના સમાનાર્થી તરીકે થાય છે, પરંતુ મધ્યસ્થીના પરિપ્રેક્ષ્યમાં તે બંનેમાં તફાવત છે. વાટાઘાટમાં સોદાબાજીનો સમાવેશ થાય છે અને સોદાબાજી એ વાટાઘાટનો એક ભાગ છે. વાટાઘાટ એ સંચારની પ્રક્રિયા છે જેમાં પક્ષો વિવાદનો પરસ્પર સ્વીકાર્ય ઉકેલ શોધવાનો પ્રયાસ કરે છે. વાટાઘાટોમાં વિવિધ પ્રકારની સોદાબાજી સામેલ હોઈ શકે છે.

વાટાઘાટ શું છે?

વાટાઘાટ એ માનવ-જીવનમાં નિર્ણય લેવાની પ્રક્રિયાનું એક મહત્વપૂર્ણ સ્વરૂપ છે. વાટાઘાટો એ સમજાવટના હેતુ માટેનો સંચાર છે. સહાયક વાટાઘાટોની પ્રક્રિયા એ મધ્યસ્થીનો સાર છે. મધ્યસ્થીમાં, વાટાઘાટો એ વિવાદ હેઠળના પક્ષો વચ્ચે સમજૂતી સુધી પહોંચવાના હેતુથી થતી સંચારની પ્રક્રિયા છે. મધ્યસ્થીમાં વાટાઘાટનો હેતુ પક્ષકારોને એવા કરાર પર પહોંચવામાં મદદ કરવાનો છે જે બંને પક્ષકરો માટે શક્ય તેટલું સંતોષકારક હોય. મધ્યસ્થ પક્ષકરોને તેમની વાટાઘાટોમાં તેમને પ્રતિકૂળ અભિગમમાંથી સમસ્યાનું નિરાકરણ અને હિત આધારિત અભિગમ તરફ લઇ જઇને મદદ કરે છે. જ્યાં સુધી પરસ્પર સ્વીકાર્ય સમાધાન ન મળે ત્યાં સુધી મધ્યસ્થ એક પક્ષથી બીજા પક્ષ સુધી દરખાસ્તોનું વહન કરે છે. આને ‘‘શટલ ડિપ્લોમસી’’ કહેવામાં આવે છે. કોઈપણ વાટાઘાટો કે જે બંને પક્ષકારોના ગુણ અને હિત પર આધારિત હોય તે **સૈદ્ધાંતિક વાટાઘાટ** છે અને તે પક્ષકારો વચ્ચેના સંબંધોને જાળવી રાખવા અને સુધારવા માટે વાજબી સમજૂતીમાં પરિણમી શકે છે. મધ્યસ્થ વાસ્તવિકતા-પરીક્ષણ, વિચાર-વિમર્શ, પ્રસ્તાવોની આપ-લે, મડાગાંઠ તોડવી વગેરેનો આશરો લઈને વાટાઘાટને સુગમ બનાવે છે.

શા માટે કોઈ વાટાઘાટો કરે છે?

ક. પોતાના દૃષ્ટિકોણ, દાવાઓ અને હિતોને રજૂ કરવા.

ખ. શોષણ /સતામણી અટકાવવા માટે.

ગ. બીજા પક્ષનો સહયોગ મેળવવા.

ઘ. મુકદ્દમા ટાળવા માટે.

ચ. પરસ્પર સ્વીકાર્ય સમજૂતી પર પહોંચવા માટે.

વાટાઘાટની શૈલીઓ

૧) અવગણના શૈલી — **અનિશ્ચિત અને અસહયોગી:** સહભાગી વ્યક્તિ સમસ્યાનો સામનો કરતો નથી અથવા સમસ્યાઓનું સમાધાન કરતો નથી.

૨) સમાવિષ્ટ શૈલી — **અનિશ્ચિત અને સહયોગી:** તે પોતાના હિતોનો આગ્રહ રાખતો નથી અને અન્યના હિતોને સમાવી લે છે. તેમાં ત્યાગનું કોઈ તત્ત્વ હોઈ શકે છે.

૩) બાંધછોડ શૈલી — **દ્રઢતા અને સહકારનું મધ્યમ સ્તર:** તે સ્વીકારે છે કે સમાધાન કરવા માટે બંને પક્ષકારો કંઈક જતું કરવું પડશે. તે પોતાની માંગણીઓ ઘટાડવા તૈયાર છે. સ્પષ્ટ સમાનતા પર ભાર મૂકવામાં આવશે.

૪) સ્પર્ધાત્મક શૈલી — **દ્રઢ અને અસહયોગી:** સહભાગી માત્ર પોતાના હિતોને જ મહત્ત્વ આપે છે અને અન્યના હિતોની ચિંતા કરતો નથી. તે આક્રમક છે અને પોતાની માંગણીઓ પર ભાર મૂકે છે.

૫) સહયોગી શૈલી — **દ્રઢ, સહયોગી અને રચનાત્મક:** તે માત્ર પોતાના હિતોને જ નહીં પરંતુ અન્યના હિતોને પણ મહત્ત્વ આપે છે. તે વાટાઘાટોમાં સક્રિયપણે ભાગ લે છે અને મુદ્દાઓની ઊંડા સ્તરની સમજણ અને શક્ય હોય ત્યાં સુધી બધાના હિતોને સંતોષતા પરસ્પર સ્વીકાર્ય ઉકેલ તરફ કામ કરે છે.

સોદાબાજી શું છે?

સોદાબાજી એ વાટાઘાટ પ્રક્રિયાનો એક ભાગ છે. તે સંઘર્ષોને પહોંચી વળવાની એક તકનીક છે. જ્યારે પક્ષકારો પતાવટની શરતો પર ચર્ચા કરવા તૈયાર હોય, ત્યારે તેની શરૂઆત થાય છે.

વાટાઘાટમાં ઉપયોગમાં લેવાતી સોદાબાજીના પ્રકારો

સોદાબાજીના વિવિધ પ્રકારો છે. વાટાઘાટોમાં નીચે ઉલ્લેખિત એક અથવા વધુ પ્રકારની સોદાબાજીનો સમાવેશ થઈ શકે છેઃ

(૧) વિતરણલક્ષી સોદાબાજી

(૨) હિત આધારિત સોદાબાજી

(૩) સંકલિત સોદાબાજી

(૧) **વિતરણલક્ષી સોદાબાજીઃ** આ સોદાબાજીની એક રૂઢિગત અને પરંપરાગત પદ્ધતિ છે જેમાં પક્ષકારો નિશ્ચિત સંસાધન (જેમ કે મિલકત, નાણાં, અસ્કયામતો, કંપની હોલ્ડિંગ્સ, વૈવાહિક સંપત્તિ, પ્રોબેટ એસ્ટેટ, વગેરે)નું વિભાજન અથવા ફાળવણી કરે છે. વિતરણલક્ષી સોદાબાજીમાં પક્ષકારો તેમના પોતાના અથવા બીજાના હિતોને સમજી શકતા નથી અને તેથી, ઘણીવાર સમાધાન માટેના સર્જનાત્મક ઉકેલો શોધવામાં આવતા નથી. તે જીત-હારના પરિણામ અથવા એવા સમાધાન તરફ લઇ જઇ શકે છે જેમાં કોઈ પણ પક્ષકાર પરિણામથી ખાસ સંતુષ્ટ ન હોય. વિતરણલક્ષી સોદાબાજીને ઘણીવાર "સરવાળે શૂન્ય" તરીકે ઓળખવામાં આવે છે, જેમાં એક પક્ષકારને થતો કોઈ પણ લાભ બીજા પક્ષકારને થતાં સમકક્ષ નુકસાનમાં પરિણમે છે. વિતરણલક્ષી સોદાબાજીના બે સ્વરૂપો છેઃ

સ્થિતિગત સોદાબાજીઃ સ્થિતિગત સોદાબાજી પક્ષકારોની સ્થિતિ (એટલે કે, પ્રસ્તાવ અને સામા-પ્રસ્તાવ) પરના તેમના પ્રાથમિક ધ્યાનને કેન્દ્રિત કરીને વર્ણવવામાં આવે છે. સોદાબાજીના આ સ્વરૂપમાં, પક્ષકારો તેમના અંતર્ગત હિતોની ચર્ચા કર્યા વિના અથવા સોદાબાજી અને શરતો માટેની વધારાની શક્યતાઓ શોધ્યા વિના, ફક્ત સ્થિતિની આપ-લે કરે છે. તે વાટાઘાટોનું સૌથી મૂળભૂત સ્વરૂપ છે અને ઘણીવાર લોકો દ્વારા અપનાવવમાં આવતી પ્રથમ પદ્ધતિ છે. દરેક પક્ષ સ્થિતિ નક્કી કરે છે અને તેના માટે દલીલ કરે છે અને સમાધાન સુધી પહોંચવા માટે છૂટછાટ આપી શકે છે. આ એક સ્પર્ધાત્મક વાટાઘાટ વ્યૂહરચના છે. ઘણા કિસ્સાઓમાં, પક્ષકારો ક્યારેય સંમત થશે નહીં અને જો તેઓ સમાધાન કરવા માટે સંમત થાય, તો તેમાંથી કોઈ પણ પક્ષકાર સમાધાનની શરતોથી સંતુષ્ટ નહીં થાય.

ઉદાહરણ તરીકેઃ વરુણ અને વિવેક એક રૂમમાં ઝઘડી રહ્યા છે. વરુણ બારી ખોલવા માંગે છે અને વિવેક તેને બંધ કરવા માંગે છે. તેઓ દલીલ કરવાનું ચાલુ રાખે છે કે બારી કેટલી ખુલ્લી રાખવી- એક તિરાડ જેટલી, અડધી કે પોણા ભાગની.

અધિકાર આધારિત સોદાબાજીઃ સોદાબાજીનું આ સ્વરૂપ વાટાઘાટોના આધાર તરીકે પક્ષકારોના અધિકારો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. કોણ સાચું અને કોણ ખોટું છે તેના પર ભાર મૂકવામાં આવે છે. ઉદાહરણ તરીકે, "તમારા અસીલે બેદરકારી દાખવેલી. તેથી, મારા અસીલ તેની/ તેણીની પાસેથી વળતર મેળવવા હકદાર છે." "તમારા અસીલે કરારનો ભંગ કર્યો છે. તેથી, મારા અસીલ કરારભંગના વળતર માટે હકદાર છે."

અધિકાર આધારિત સોદાબાજી ઘણી વાટાઘાટોમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે કારણ કે તે પક્ષકારોની જવાબદારીઓનું વિશ્લેષણ કરે છે અને નિશ્ચિત કરે છે. તેનો ઉપયોગ ઘણીવાર સ્થિતિગત સોદાબાજી સાથે કરવામાં આવે છે (દા.ત., ‘‘તમારી અસીલે બેદરકારી દાખવેલી, તેથી

મારા અસીલ તેણી પાસેથી વળતરમાં X રકમ મેળવવા હકદાર છે.'') જ્યારે પક્ષકારો તેમના સંબંધિત અધિકારો અને જવાબદારીઓના અર્થઘટનમાં અલગ મંતવ્યો ધરાવે ત્યારે અધિકાર આધારિત સોદાબાજી મડાગાંઠ તરફ લઇ જઇ શકે છે.

વિતરણલક્ષી સોદાબાજીના નકારાત્મક પરિણામો આ પ્રમાણે છેઃ

(ક) કઠોર વલણ અપનાવવાથી સંબંધ ઘણીવાર તૂટી જાય છે.

(ખ) સર્જનાત્મક ઉકેલો વિચારવામાં આવતા નથી અને બંને પક્ષકારોના હિતો સંપૂર્ણ રીતે સંતોષાતા નથી.

(ગ) તેમાં સમય વધુ લાગે છે.

(ઘ) બંને પક્ષકારો આત્યંતિક સ્થિતિ લે છે જે ઘણીવાર મડાગાંઠમાં પરિણમે છે.

(૨) હિત આધારિત સોદાબાજીઃ બંને પક્ષકારોની હકીકતો, કાયદા અને હિતોને આધારે પરસ્પર લાભદાયક સમજૂતી વિચારવામાં આવે છે. હિતમાં જરૂરિયાત, ઇચ્છા, ધ્યેય અને પ્રાથમિકતાનો સમાવેશ થાય છે. આ એક સહયોગી વાટાઘાટ વ્યૂહરચના છે જે તમામ પક્ષકારો માટે પરસ્પર લાભદાયી નીવડી શકે છે કે જેમાં " બંને પક્ષકારોની જીત થાય." તેમાં પક્ષકારોના હિતોને જોડવાની, સંયુક્ત મૂલ્ય ઊભું કરવાની કે મૂલ્ય વધારવાની ક્ષમતા છે. હિત આધારિત સોદાબાજીમાં વધુ ફાયદો થાય છે. તે સંબંધોને જાળવી રાખે છે અથવા વધારે છે. તેમાં સૈદ્ધાંતિક વાટાઘાટના તમામ ઘટકો છે અને એવા કિસ્સાઓમાં તેની સલાહ આપવામાં આવે છે કે જેમાં પક્ષોકારો તેમના વર્તમાન સંબંધો અને/અથવા હિતો જાળવી રાખવા માંગે છે.

ઉદાહરણ તરીકેઃ એક નારંગીને લઈને બે બહેનો વચ્ચે ઝઘડો થવાની વાર્તા. તેઓ નારંગીને અડધી કાપીને વહેંચવાનું નક્કી કરે છે, જો કે બંને ખુશ નથી કારણ કે તે તેમના હિતને પૂરતા પ્રમાણમાં સંતોષશે નહીં. તેમની માતા આવીને પૂછે છે કે દરેકનું સાચું હિત શું છે. એક કહે છે કે તેને એક નારંગીનો રસ જોઈએ છે અને બીજી કહે છે કે તેને એક નારંગીની છાલ જોઈએ છે. તે જ નારંગી બંને પક્ષોના હિતને સંતોષી શકે છે. બંને બહેનો ખુશ થાય છે.

હિત આધારિત સોદાબાજીના ત્રણ પગલાં

હિત આધારિત સોદાબાજીના ત્રણ આવશ્યક પગલાં છે.

(ક) પક્ષકારોના હિતની ઓળખ કરવી.

(ખ) પક્ષકારોના હિતને પ્રાથમિકતા આપવી.

(ગ) પક્ષકારોને સમજૂતી/પતાવટની શરતો બાબતે મદદ કરવી જે તેમના સૌથી મહત્વપૂર્ણ હિતને સંતોષે છે.

(૩) સંકલિત સોદાબાજી: સંકલિત સોદાબાજી એ હિત આધારિત સોદાબાજીનું વિસ્તરણ છે. સંકલિત સોદાબાજીમાં પક્ષકારો, બંને પક્ષકારોના હિતને એકીકૃત કરીને અને વધારાના વિકલ્પો અને સમાધાનની સંભવિત શરતો શોધીને "હિતનું વિસ્તરણ કરે છે." પક્ષકારો સમાધાન માટેની શરતોમાં ઉમેરો કરીને અથવા તેમાં ફેરફાર કરીને "હિતને વધુ સમૃદ્ધ બનાવવાની" રીતો શોધવા માટે સર્જનાત્મક રીતે વિચારે છે.

વરુણ અને વિવેકના ઓરડામાં ઝઘડા બાબતે અગાઉના ઉદાહરણમાં વધુ આગળ. અશોક ઓરડામાં આવે છે અને ઝઘડાની પૂછપરછ કરે છે. વિવેક કહે છે કે તેના ચહેરા પર ફૂંકાતી ઠંડી હવા તેને અસ્વસ્થ કરી રહી છે. વરુણ કહે છે કે હવાના હેરફેરના અભાવથી ઓરડો ભારે લાગે છે અને તેને અસ્વસ્થ કરે છે. અશોક બાજુના ઓરડાની બારી ખોલે છે અને ઓરડાને જોડતો દરવાજો ખુલ્લો રાખે છે. બંને પક્ષકારો ખુશ છે. ઠંડી હવા વરુણના ચહેરા પર સીધી નથી આવી રહી અને રૂમમાં હવાની પૂરતી હેરફેર હોવાથી વિવેક સ્વસ્થ છે.

બંને પક્ષકારોના હિતો અને જરૂરિયાતોની ઓળખ કરવામાં આવી હોવાથી, બંને પક્ષકારોના હિતોને એકીકૃત કરવા અને પરસ્પર સ્વીકાર્ય ઉકેલ શોધવાનું સરળ બને છે.

સંકલિત સોદાબાજીનું બીજું ઉદાહરણ. કારના સેલ્સમેનને નવી કારની કિંમતના મુદ્દે ગ્રાહક સાથે મડાગાંઠ સર્જાઇ શકે છે. સોદો ગુમાવવાને બદલે, કારનો સેલ્સમેન કારની કિંમત જાળવી રાખીને સોદાના ભાગરૂપે ફેન્સી લેધર

સીટ મૂકવાની રજૂઆત કરશે. જો જરૂરી હોય તો સેલ્સમેન ગ્રાહકને તેની જૂની કાર સારી કિંમતે વેચવામાં મદદ કરવા માટે પણ સંમત થઈ શકે છે.

ફેન્સી લેધર સીટ્સ અને જૂની કારના વેચાણમાં મદદ કરવાનો પ્રસ્તાવ સંકલિત બાબતો છે કારણ કે તે અતિરિક્ત વિશેષતાઓ કે વિનિમય ગ્રાહક માટે રસપ્રદ હોઈ શકે છે કે કેમ તે સંશોધનમાંથી પરિણમે છે. તેવી જ રીતે, મધ્યસ્થ પક્ષકારોને અતિરિક્ત વિશેષતાઓ અને વિનિમયની શક્યતા અને ઇચ્છનીયતાની સક્રિયપણે સંશોધિત કરીને મડાગાંઠને ટાળવામાં અથવા દૂર કરવામાં મદદ કરી શકે છે.

નોંધઃ

સ્થિતિઃ સ્થિતિ એક ધારણા ('મારા સાહેબ ક્રૂર અને ઉદાસીન છે') અથવા ઇચ્છિત પરિણામ ('મારા સાહેબે વાત કરવા માટે દિવસમાં એકવાર મને મળવું જોઈએ') છે. દાવો અથવા માંગ પોતે જ એક સ્થિતિ છે.

હિતઃ હિત એ વ્યક્તિની સાચી જરૂરિયાત, નિસબત, પ્રાથમિકતા, ધ્યેય વગેરે છે. તે અમૂર્ત પણ હોઈ શકે છે (સરળતાથી સમજી ન શકાય તેવું) દા.ત. આદર, વફાદારી, વિશ્વસનીયતા, સમય વગેરે. હિત એ છે જે વ્યક્તિની માંગણીઓ અથવા દાવાઓને આગળ ધપાવે છે.

વાટાઘાટોના અવરોધો

૧) વ્યૂહાત્મક અવરોધો.

૨) પ્રિન્સીપાલ (પ્રધાનકર્તા) અને એજન્ટ (અભિકર્તા) અવરોધો

૩) જ્ઞાનાત્મક અવરોધો (ધારણા અવરોધો).

૧) વ્યૂહાત્મક અવરોધોઃ

વ્યૂહાત્મક અવરોધ પક્ષકાર દ્વારા તેના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે અપનાવવામાં આવેલી વ્યૂહરચનાને કારણે ઉદ્ભવે છે. ઉદાહરણ તરીકે, પતિને છૂટાછેડા માટે સંમત કરવાના હેતુથી પત્ની

તેના પતિ અને તેના પરિવારના સભ્યો સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૪૯૮-એ હેઠળ ગુનાનો આરોપ લગાવીને ખોટી ફરિયાદ દાખલ કરે છે.

એક મધ્યસ્થ પક્ષકારોને તેમના નિહિત હિતો વિશેની માહિતી જાહેર કરવા અને પક્ષકારોની વ્યૂહરચનાને સમજવા માટે પ્રોત્સાહિત કરીને વ્યૂહાત્મક અવરોધોને દૂર કરવામાં મદદ કરે છે.

૨) પ્રિન્સીપાલ (પ્રધાનકર્તા) અને એજન્ટ (અભિકર્તા) અવરોધોઃ

પ્રિન્સીપાલ વતી વાટાઘાટ કરનાર એજન્ટની વર્તણૂક પ્રિન્સીપાલના હિતોને સંતોષવામાં નિષ્ફળ નીવડી શકે છે. પ્રિન્સીપાલ અને તેના એજન્ટ વચ્ચે હિતનો સંઘર્ષ હોઇ શકે છે. એજન્ટ પાસે વાટાઘાટો માટે જરૂરી સંપૂર્ણ માહિતી અથવા પ્રિન્સીપાલ વતી પ્રતિબદ્ધતાઓ કરવા માટે જરૂરી સત્તા ન હોય તેવું બની શકે. આવી તમામ આકસ્મિક પરિસ્થિતિઓમાં મધ્યસ્થ વાસ્તવિક નિર્ણય લેનાર (પ્રિન્સીપાલ)ને વાટાઘાટો પર લાવીને પક્ષકારોને "પ્રિન્સીપાલ અને એજન્ટ અવરોધ"ને દૂર કરવામાં મદદ કરે છે.

૩) જ્ઞાનાત્મક અવરોધો (ધારણા અવરોધો).

વાટાઘાટો કરતી વખતે પક્ષકારો તેમની પાસેની માહિતીના આધારે નિર્ણયો લે છે. પરંતુ કેટલીકવાર તેઓની માહિતી પર કામ કરવાની રીતની મર્યાદા હોઈ શકે છે. માનવ સ્વભાવ, મનોવૈજ્ઞાનિક પરિબળો અને/અથવા આપણી ઇન્દ્રિયોની મર્યાદાઓને કારણે આવી શકે તેવી સમજણની મર્યાદાઓ હોઈ શકે છે. આ ધારણાત્મક મર્યાદાઓને જ્ઞાનાત્મક અવરોધો કહેવામાં આવે છે અને તે વાટાઘાટોમાં અવરોધ ઊભો કરી શકે છે. જ્ઞાનાત્મક અવરોધોને ઓળખવા અને તેને દૂર કરવા માટે સંચાર તકનીકોનો ઉપયોગ કરવો એ મધ્યસ્થી માટે મહત્વપૂર્ણ છે.

જ્ઞાનાત્મક અવરોધોનું ઉદાહરણ

જોખમથી દૂર રહેવુંઃ લોકો લાભને લગતા જોખમનો વિરોધ કરે છે અને અનિશ્ચિત મોટા લાભ કરતાં ચોક્કસ લાભ મેળવવાનું પસંદ કરે છે. તેઓ નુકસાનના સંદર્ભમાં જોખમ સહન કરવા તૈયાર છે. તેઓ ચોક્કસ નુકસાનને ટાળશે અને વધુ નુકસાનનું જોખમ ઉઠાવશે. ઉદાહરણ તરીકે, કેટલાક પક્ષકારો ભવિષ્યમાં સુનાવણીના અનિશ્ચિત પરિણામ માટે મધ્યસ્થીમાં સમાધાન દ્વારા થતાં ચોક્કસ નુકસાનને મુલતવી રાખશે. એક સારો મધ્યસ્થ આ વાસ્તવિકતાઓને ઉકેલવામાં પક્ષકારો મદદ કરશે.

એકીકરણ પૂર્વગ્રહઃ કોઈપણ પ્રતિકૂળ માહિતીને અવગણવાની વાટાઘાટકારોની વૃત્તિ. ઉદાહરણ તરીકે, અદાલતનો નિર્ણય કે જે કેસને પૂર્વગ્રહિત કરી શકે છે. આનો સામનો કરવા માટે, મહત્વપૂર્ણ માહિતીનું પુનરાવર્તન કરવું, દસ્તાવેજી અને અન્ય મૂર્ત પુરાવા પ્રદાન કરવા અને માહિતીને લેખનમાં પરિવર્તિત કરવી.

અજાણતા અવગણનાઃ વાટાઘાટકારો કેટલીકવાર સમગ્ર બાબત પર ધ્યાન કેન્દ્રિત કરવામાં નિષ્ફળ જાય છે અને તેના બદલે માત્ર ચોક્કસ વિગતો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આનો સામનો કરવા માટે, મધ્યસ્થ વારંવાર ચોક્કસ વિગતોથી સમગ્રલક્ષી બાબત પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે.

પ્રતિક્રિયાશીલ અવમૂલ્યનઃ સંઘર્ષમાં હોય તેવા લોકોમાં બીજી બાજુથી મળતાં પ્રસ્તાવનું મૂલ્ય ઘટાડવાનું વલણ હોય છે. આનો સામનો કરવા માટે, મધ્યસ્થ પ્રસ્તાવના સ્ત્રોત પરથી પ્રસ્તાવની શરતો પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે. ઉદાહરણ તરીકે, "વાદી ૫ લાખ આપવાનો પ્રસ્તાવ મૂકે છે" એમ કહેવાને બદલે મધ્યસ્થી કહી શકે છે કે "શું તમે ૫ લાખ જેટલી રકમથી સંતુષ્ટ થશો".

સ્વામીત્વ પ્રભાવઃ મિલકત અથવા કોઈ વસ્તુમાં હિત ધરાવતા લોકો માટે તેનું વધુ મૂલ્ય આંકવાનું વલણ. (તેમનું ઘર, તેમની જમીન, તેમના કેસનું વકીલ દ્વારા મૂલ્યાંકન વગેરે). આનો સામનો કરવા માટે, મધ્યસ્થી વાસ્તવિક મૂલ્ય વિશે પૂછપરછ કરી શકે છે, સબ-રજિસ્ટ્રારના મૂલ્યાંકન જેવા નિરપેક્ષ માપદંડનો ઉપયોગ કરી શકે છે, રજૂઆતને ટેકો આપતા અદાલતના તાજેતરના ચુકાદા માટે પૂછી શકે છે વગેરે.

મનોવૈજ્ઞાનિક અવરોધોઃ

લોકો અન્ય પક્ષકારો હેતુઓ અને ઇરાદાઓ વિશે અયોગ્ય ધારણાઓ કરે છે.

મૂળ કિંમત (એન્કર પ્રાઈઝ), ઇચ્છિત કિંમત (એસ્પીરેશન પ્રાઈઝ) અને આરક્ષિત કિંમત (રિઝર્વેશન પ્રાઈઝ)

અર્થપૂર્ણ અને સફળ વાટાઘાટો માટે મધ્યસ્થને મૂળ કિંમત, ઇચ્છિત કિંમત અને આરક્ષિત કિંમત વિશે જાણ હોવી જોઈએ.

મૂળ કિંમત એ પાયાનો આંકડો અથવા શરતોનો સમૂહ અથવા પ્રારંભિક પ્રસ્તાવ છે જેનું પક્ષકારો દ્વારા આપવામાં આવેલી માહિતી પરથી મધ્યસ્થ દ્વારા મૂલ્યાંકન કરવાનું હોય છે. આ બાબત વાટાઘાટોમાં માપદંડ તરીકે કામ કરશે. જો મૂળ કિંમત યોગ્ય રીતે વ્યાખ્યાયિત કરવામાં આવે છે, તો પક્ષકારો તેને વાસ્તવિક અને માન્ય બેન્ચમાર્ક તરીકે ગણવાનું વલણ ધરાવે છે, જેમાં અનુગામી ફેરફાર કરવામાં આવે છે. તે સંપૂર્ણ માહિતી પર આધારિત હોવી જોઈએ અને જો તેમ

ન હોય તો તે ગેરમાર્ગે દોરી જઇ શકે છે. ભૂલભરેલી અથવા ગેરમાર્ગે દોરતી મૂળ કિંમતો મડાગાંઠની શક્યતા વધારી શકે છે અને વાટાઘાટોમાં અનિચ્છનીય પરિણામો લાવી શકે છે.

ઇચ્છિત કિંમત એ કિંમત છે જે પક્ષકારો વાટાઘાટો થકી મેળવવાની ઇચ્છા રાખે છે.

આરક્ષણ કિંમત એ ન્યૂનતમ કિંમત છે જે પક્ષકાર પ્રાપ્ત કરવા માટે તૈયાર હોય.

સૈદ્ધાંતિક વાટાઘાટોના ઘટકો

(ક) પક્ષકારોને સમસ્યાથી અલગ કરવા

મધ્યસ્થે પક્ષકારોને સમસ્યાથી અલગ કરવામાં મદદ કરવી જોઈએ.

ઉદાહરણ તરીકે, જો અપર્ણા છેલ્લા ૨ અઠવાડિયાથી કામ પર સતત મોડી આવે છે, તો એવી ધારણા વિકસી શકે છે કે "સમસ્યા અપર્ણા છે". આ રીતે જોવામાં આવે તો સમસ્યામાંથી છુટકારો મેળવવાનો એકમાત્ર રસ્તો એ છે કે અપર્ણાથી છુટકારો મેળવવો (બરતરફી, તબદીલી વગેરે). લોકોને સમસ્યા સાથે જોડવાનું આ એક ઉદાહરણ છે અને તે સમજાવે છે કે તે સમસ્યાનું સમાધાન કરવા માટે ઉપલબ્ધ વિકલ્પોની શ્રેણીને કેવી રીતે મર્યાદિત કરે છે. લોકોને સમસ્યાથી અલગ કરવા માટેની ચાવી એ છે કે વ્યક્તિથી સ્વતંત્ર, સમસ્યા પર જ ધ્યાન કેન્દ્રિત કરવું. ઉપરોક્ત ઉદાહરણમાં, નોકરીદાતા સમસ્યાને સમયપાલનનો અભાવ ગણાવી શકે છે. નોકરીદાતા અપર્ણાને ઘણા વર્ષોથી સમયસર આવવાના તેના રેકોર્ડ અને તાજેતરના બે અઠવાડિયાના મોડા આવવાના કારણો વિશે પૂછી શકે છે, ખાસ કરીને એવી પરિસ્થિતિઓ કે જેના પરિણામે અપર્ણા મોડી આવે છે. તે કહી શકે છે કે તેની સાથે હાલમાં મોટર વાહન અકસ્માત બનેલ હતો અને તેના વાહનનું સમારકામ ટૂંક સમયમાં પૂર્ણ થશે. તે કહી શકે છે કે રસ્તાના સમારકામને કારણે તેણે કામ પર આવવા માટેનો માર્ગ બદલવો પડ્યો હતો, અથવા તે કહી શકે છે કે તેણે કામ પર આવવા માટે સહિયારી કારનો ઉપયોગ કરવો પડે છે અને ડ્રાઇવરને હંગામી સમસ્યા છે જેના કારણે વિલંબ થયો હતો. સમસ્યા પર જ ધ્યાન કેન્દ્રિત કરીને, નોકરીદાતાએ સમસ્યાના મૂળને સમજવા માટેનો પ્રયત્ન કર્યો છે, જે તેને નિરાકરણ માટે વિવિધ વિકલ્પો તરફ દોરી શકે છે.

(ખ) મુદ્દાઓ પર કઠોર અને લોકો પ્રત્યે નરમ બનવું

મુદ્દાઓ પર સખત બનવામાં, મધ્યસ્થ નુકસાની પર દસ્તાવેજીકરણની વિનંતી કરશે, સંખ્યાઓની ચોકસાઈની ચકાસણી કરશે અને બંને પક્ષકારો દ્વારા પૂરા પાડવામાં આવેલા પુરાવાની ખરાઈ કરશે. તે જ સમયે, મધ્યસ્થ પક્ષકારોને એકબીજા સાથે નમ્ર અને સૌહાર્દપૂર્ણ રહેવા માટે પ્રોત્સાહિત કરશે અને મધ્યસ્થી દરમિયાન સમાન ગુણો દર્શાવશે.

(ગ) હિતો પર ધ્યાન કેન્દ્રિત કરવું

વાટાઘાટોમાં, સ્થિતિને બદલે હિતો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. તેથી મધ્યસ્થી વ્યક્તિએ પક્ષકારોને તેમની સ્થિતિ પરથી તેમના હિતો તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ કરવી જોઈએ.

(ઘ) વિવિધ વિકલ્પો તૈયાર કરવા

મધ્યસ્થે વિવિધ વિકલ્પો તૈયાર કરવા અને પક્ષકારોને સૌથી વધુ સ્વીકાર્ય વિકલ્પની પસંદગી સુનિશ્ચિત કરવી જરૂરી છે.

(છ) ઉદ્દેશ્ય માપદંડ પર આધાર રાખવો

જ્યારે પક્ષકારોની ધારણાઓ અલગ હોય છે, ત્યારે યોગ્ય કિસ્સાઓમાં નિષ્ણાતનો અભિપ્રાય, વૈજ્ઞાનિક માહિતી, મૂલ્યાંકન અહેવાલ, આકારણીકારનો અહેવાલ વગેરે જેવા વસ્તુનિષ્ઠ માપદંડ પર પક્ષકારો દ્વારા વિકલ્પોની તપાસ કરવા અને પતાવટ કરવા માટે આધાર રાખી શકાય છે.

નિહિત હિતો ઓળખવાનો અભ્યાસ

મોહન ઇન્ડસ્ટ્રીઝ વિ. ઓલ ઇન્ડિયા એક્સપ્રેસ

મોહન ઇન્ડસ્ટ્રીઝ તરફે હકીકતો

મોહન ઇન્ડસ્ટ્રીઝ નામની એક નાની પ્લાસ્ટિક પુરવઠા પેઢીનો માલિક મધ્યસ્થીમાં પક્ષકાર છે. તે ઓલ ઇન્ડિયા એક્સપ્રેસ ("ઓલ ઇન્ડિયા") નામના મોટા ઉત્પાદક સાથેના કરારના વિવાદમાં પ્રતિવાદી છે. આ વિવાદ તેમની કંપનીના ઓલ ઇન્ડિયાને પુરા પાડવામાં આવતા પુરવઠાના પર કેન્દ્રિત છે, જેમાં છેલ્લા ૩ મહિનાથી ૭-૧૦ દિવસ મોડું થયું છે. પરિણામે ઓલ ઇન્ડિયા દ્વારા તેના ગ્રાહકોને પુરા પાડવામાં આવતા પુરવઠામાં વિલંબ થયો છે અને તેના ગ્રાહકોએ ફરિયાદ કરવાનું શરૂ કર્યું છે. ૩ મહિના પહેલા સુધી મોહન ઇન્ડસ્ટ્રીઝ દ્વારા ઓલ ઇન્ડિયાને સમયસર પુરવઠો પહોંચાડવામાં આવતો હતો.

ઓલ ઇન્ડિયાના વકીલે માંગ કરી હતી કે મોહન ઇન્ડસ્ટ્રીઝ તેનો પુરવઠો સમયસર પહોંચાડે અને ૩ મહિનાના વિલંબને કારણે થયેલા નુકસાનની ચૂકવણી કરે. જો કોર્ટમાં કેસ ચાલુ રહેશે, તો ઓલ ઇન્ડિયા કદાચ કરારના ઉલ્લંઘન માટે દાવો જીતશે.

મોહન ઇન્ડસ્ટ્રીઝ ૧૦ વર્ષ થી પુરવઠાના કરાર બાબતે ઓલ ઇન્ડિયા સાથે નફાકારક વ્યાવસાયિક સંબંધો ધરાવે છે. મોહન ઇન્ડસ્ટ્રીઝ માટે ભવિષ્યમાં ઓલ ઇન્ડિયા સાથે કામ કરવું ફાયદાકારક રહેશે.

છેલ્લા ૩ મહિનાથી પુરવઠો પહોંચાડવામાં વિલંબ થવાનું કારણ એ છે કે મોહન ઇન્ડસ્ટ્રીઝ વધુ સારી સેવા માટે તેના કમ્પ્યુટર્સને અપગ્રેડ કરવાની તજવીજમાં છે. આ એક હંગામી સમસ્યા છે જે કદાચ વધુ ૩ મહિનામાં દૂર થઈ જશે. તેમના સંચાલન ખર્ચનો મોટો ભાગ આ કમ્પ્યુટર અપગ્રેડમાં વપરાઇ રહ્યો છે અને તેઓ સામાન્ય રીતે ઓછા નફા સાથે કામ કરે છે. તેથી તેઓ મુકદ્દમા પર મોટી રકમ ખર્ચવા માંગતા નથી.

મોહન ઇન્ડસ્ટ્રીઝ અન્ય મોટા ઉત્પાદક સાથે પુરવઠા કરાર પર બોલી લગાવવાની પ્રક્રિયામાં પણ છે. તેઓ તેમની બોલી રજૂ કરવામાં એક સારા સંદર્ભ તરીકે ઓલ ઈન્ડીયાનો ઉપયોગ કરવા માંગે છે.

મોહન ઇન્ડસ્ટ્રીઝના પ્રમુખ ૮૪ વર્ષના છે અને તેમની તબિયત સારી નથી. તેમણે આ વર્ષે કંપનીને તેના મોટા પુત્રને સોંપવાની યોજના બનાવી છે, પરંતુ હવે તે શંકાસ્પદ છે કારણ કે આ કાનૂની વિવાદ સામે આવ્યો છે. તેઓ નથી ઇચ્છતા કે વ્યવસાયમાં તેમની કારકિર્દીનો અંતિમ તબક્કો મુકદ્દમામાં સપડાય.

ઓલ ઇન્ડિયા એક્સપ્રેસ તરફે હકીકતો

મધ્યસ્થી માટે આવેલ પક્ષકાર ઓલ ઇન્ડિયા એક્સપ્રેસ (ઓલ ઇન્ડિયા) છે. ઓલ ઇન્ડિયાના વકીલે તેમને સલાહ આપી છે કે તેમને કરારના ઉલ્લંઘન બદલ મોહન ઇન્ડસ્ટ્રીઝ પર દાવો કરવાનો અધિકાર છે અને તે કદાચ કોર્ટમાં પણ માન્ય રહેશે.

ઓલ ઇન્ડિયાએ જણાવ્યું છે કે છેલ્લા ૧૦ વર્ષથી મોહન ઇન્ડસ્ટ્રીઝ સાથે તેના સારા અને નફાકારક સંબંધો છે. મોહન ઇન્ડસ્ટ્રીઝ દ્વારા બનાવવામાં આવતા પ્લાસ્ટિક ઉત્પાદનો જેવી ગુણવત્તાવાળા ઉત્પાદનો બનાવતાં અન્ય કોઈ સપ્લાયર્સ ઉપલબ્ધ નથી. મોહન ઇન્ડસ્ટ્રીઝ દ્વારા લેવામાં આવતી કિંમત વાજબી છે.

ઓલ ઇન્ડિયા તેના ઉત્પાદનોને આંતરરાષ્ટ્રીય સ્તરે રજૂ કરવાની તજવીજમાં છે. તે ઓલ ઇન્ડિયા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે કે આગામી કેટલાક વર્ષો સુધી પ્લાસ્ટિકના પુરવઠામાં કોઈ વિક્ષેપ ન આવે.

ઓલ ઇન્ડિયાનું સંચાલન એક યુવાન (૩૭ વર્ષીય) દ્વારા કરવામાં આવે છે, જેને તાજેતરમાં તેની તબિયતમાં ગંભીર ફટકો (ડાયાબિટીસ) પડ્યો હતો. તે પોતાનો સમય અને શક્તિ આંતરરાષ્ટ્રીય વિસ્તરણ અને શારીરિક રીતે વધુ શ્રેષ્ઠ બનવા પર કેન્દ્રિત કરવા માંગે છે.

ઓલ ઇન્ડિયા માટે આંતરરાષ્ટ્રીય સ્તરે વિસ્તરણ કરવાનો આ યોગ્ય સમય છે કારણ કે તેની મુખ્ય હરીફ અન્ય એક ભારતીય કંપની હજુ વિસ્તરણ માટે તૈયાર નથી (જોકે તે ટૂંક સમયમાં તૈયાર થઈ જશે).

ઓલ ઇન્ડિયાએ સમજાવ્યું છે કે તે તેના ગ્રાહકોને મહત્વ આપે છે અને તેને ચિંતા છે કે જો પ્લાસ્ટિક પુરવઠામાં વિલંબ ચાલુ રહેશે તો તે તેના ગ્રાહકોને ગુમાવશે.

પ્રકરણ-૧૧
મડાગાંઠ

મધ્યસ્થી દરમિયાન કેટલીકવાર પક્ષકારો મડાગાંઠમાં આવી જાય છે. મધ્યસ્થીમાં, મડાગાંઠનો અર્થ થાય છે રુકાવટ, સ્થગિતતા, ગતિરોધ, નડતર, અડચણ, અવરોધ કે અંતરાય. મડાગાંઠ વિવિધ કારણોસર સર્જાઇ શકે છે. તે પક્ષકારો વચ્ચેના ખુલ્લેઆમ સંઘર્ષને કારણે હોઈ શકે છે. તે વ્યવહારુ ઉકેલોના પ્રતિકાર, સર્જનાત્મકતાનો અભાવ, સર્જનાત્મકતાનો અંત વગેરેને કારણે પણ હોઈ શકે છે. મડાગાંઠનો ઉપયોગ સામા પક્ષ પર દબાણ લાવવા માટે એક યુક્તિ તરીકે થઈ શકે છે. મડાગાંઠ માટે માન્ય અથવા કાયદેસર કારણો પણ હોઈ શકે છે.

મડાગાંઠ પ્રકારો

કારણોના આધારે મડાગાંઠના ત્રણ પ્રકાર હોય છે

(૧) ભાવનાત્મક મડાગાંઠ

(૨) નોંધપાત્ર મડાગાંઠ

(૩) પ્રક્રિયાગત મડાગાંઠ

ભાવનાત્મક મડાગાંઠ નીચે મુજબના પરિબળોને કારણે સર્જાઇ શકે છેઃ

→ વ્યક્તિગત દુશ્મનાવટ

→ અવિશ્વાસ

→ મિથ્યાભિમાન

→ ઘમંડ

→ અહંકાર

→ આબરૂ ગુમાવવાનો ડર

→ બદલો

- નોંધપાત્ર મડાગાંઠ નીચે મુજબના પરિબળોને કારણે સર્જાઇ શકે છેઃ

→ હકીકતો અને/અથવા કાયદાના જ્ઞાનનો અભાવ

→ સમાધાન કરવાની ઇચ્છા હોવા છતાં મર્યાદિત સંસાધનો

→ પક્ષકારોની અક્ષમતા (કાયદાકીય અક્ષમતા સહિત)

→ ત્રાહિત પક્ષો દ્વારા હસ્તક્ષેપ જે પક્ષકારોને વિવાદનું સમાધાન ન કરવા અથવા બાહ્ય કારણોસર સમાધાનમાં અવરોધ લાવવા માટે ઉશ્કેરે છે.

→ સ્થિતિ પર મક્કમ રહેવું, વાસ્તવિકતાઓને અવગણવી

→ પક્ષકારોનું મક્કમ વલણ

- પ્રક્રિયાગત મડાગાંઠ નીચે મુજબના પરિબળોને કારણે સર્જાઇ શકે છેઃ

→ વાટાઘાટો કરવા અથવા સમાધાન કરવા માટે સત્તાનો અભાવ

→ પક્ષકારો વચ્ચે સત્તાનું અસંતુલન

→ મધ્યસ્થનો અવિશ્વાસ

તબક્કાઓ જેમાં મડાગાંઠ સર્જાઇ શકે

મધ્યસ્થી પ્રક્રિયાના કોઈપણ તબક્કે મડાગાંઠ ઊભી થઈ શકે છે, જેમ કે પરિચય અને પ્રારંભિક નિવેદન, સંયુક્ત સત્ર, અલગ સત્ર અને સમાપન.

મડાગાંઠને ઉકેલવા માટેની તકનીકો

મધ્યસ્થ તેની સર્જનાત્મકતાનો ઉપયોગ કરશે અને યોગ્ય તકનીકોનો આશરો લઈને મડાગાંઠને ઉકેલવાનો પ્રયાસ કરશે જેમાં નીચેની તકનીકોનો સમાવેશ થઈ શકે છેઃ

(ક) વાસ્તવિકતા પરીક્ષણ

(ખ) વિચારમંથન

(ગ) પ્રસ્તાવના સ્રોત પરથી પ્રસ્તાવની શરતો પર ધ્યાન કેન્દ્રિત કરવું.

(ઘ) પ્રતિકૂળ પરિસ્થિતિને હળવી કરવા, વધુ માહિતી એકત્રિત કરવા, પક્ષકારોને વિચારવા માટે વધુ સમય આપવા, સમાધાન માટે પક્ષકારોને પ્રેરિત કરવા અને આવા અન્ય હેતુઓ માટે વિરામ લેવો અથવા મધ્યસ્થી મુલતવી રાખવી.

(ચ) પક્ષકારોને તેમના જડ અથવા મક્કમ વલણ સામે સાવચેત કરવા અને ચેતવણી આપવી કે મધ્યસ્થી સમાપ્ત કરવાનો એકમાત્ર વિકલ્પ મધ્યસ્થ પાસે બાકી છે.

(છ) જીવનસાથી, સંબંધીઓ, મિત્રો, શુભેચ્છકો, નિષ્ણાતો વગેરે જેવા અન્ય લોકોની તેમની હાજરી, ભાગીદારી અથવા અન્ય કોઇ રીતે સહાય લેવી.

(જ) સારી રમૂજનો કાળજીપૂર્વક ઉપયોગ.

(ઝ) પક્ષોએ પહેલેથી જ કરેલા પ્રયાસોને સ્વીકારવું અને બિરદાવવું.

(ટ) પક્ષકારો પાસેથી મડાગાંઠ પાછળના વાસ્તવિક કારણની ખાતરી કરવી અને મડાગાંઠને ઉકેલવા માટે તેમના સૂચનો માંગવા.

(ઠ) ભૂમિકાની અદલાબદલી, પક્ષકારને અન્ય પક્ષની સ્થિતિમાં મૂકવા અને અન્ય પક્ષકારની ધારણા અને લાગણીઓને સમજવાનો પ્રયાસ કરવા માટે કહેવું.

(ડ) પક્ષકારોને તેમની લાગણીઓ અને ભાવનાઓ વ્યક્ત કરવાની મંજૂરી આપવી.

(ઢ) રીતમાં ફેરફાર કરવો એટલે કે સંયુક્ત સત્રમાંથી અલગ સત્રમાં જવું અથવા તેનાથી ઊલટું કરવું.

(ણ) પક્ષકારોના નિહિત હિતો પર ધ્યાન કેન્દ્રિત કરવું.

(ત) ફરીથી શરૂઆત કરવી.

(થ) વિકલ્પોની સમીક્ષા કરવી.

(દ) પાછળથી ચર્ચા કરવા માટે વિષય બદલવો.

(ધ) મૌન રહેવું.

(ન) આશા રાખવી.

(પ) બેઠક વ્યવસ્થા બદલવી.

(ફ) પક્ષકારોને નવા વિચારો અને વિકલ્પો શોધવામાં મદદ કરવા માટે પ્રકલ્પિત પરિસ્થિતિઓ અથવા પ્રશ્નોનો ઉપયોગ કરવો.

પ્રકરણ-૧૨

રેફરલ ન્યાયાધીશોની ભૂમિકા

જે ન્યાયાધીશો કોઈપણ એ.ડી.આર. (વૈકલ્પિક તકરાર નિવારણ) પદ્ધતિઓ દ્વારા પતાવટ માટે કેસોને મોકલે છે તેઓ રેફરલ ન્યાયાધીશો તરીકે ઓળખાય છે. અદાલત દ્વારા સંદર્ભિત મધ્યસ્થીમાં રેફરલ જજની ભૂમિકા ખૂબ મહત્વની છે. તમામ કેસો મધ્યસ્થી માટે યોગ્ય હોતા નથી. મધ્યસ્થી માટે યોગ્ય હોય તેવા જ કેસ મધ્યસ્થી માટે મોકલવા જોઈએ. મધ્યસ્થીની સફળતા રેફરલ ન્યાયાધીશો દ્વારા માત્ર યોગ્ય કેસોની ઉચિત પસંદગી અને મોકલવા પર આધારિત હશે.

એ.ડી.આર. માટે મોકલવા અને વૈધાનિક જરૂરિયાત

દીવાની કાર્યરીતિ સંહિતા, ૧૯૦૮ ની કલમ ૮૯ અને ઓર્ડર X રુલ ૧A મુજબ અદાલત પક્ષકારોને વૈકલ્પિક તકરાર નિવારણની પાંચ રીતોમાંથી કોઈપણ વિકલ્પ પસંદ કરવા અને કેસને લવાદી, સમાધાન, ન્યાયિક પતાવટ, લોક અદાલત અથવા મધ્યસ્થી માટે મોકલવાનો નિર્દેશ આપશે. આ રીતે મોકલતી વખતે અદાલત પક્ષકારો દ્વારા ઉપયોગમાં લેવાતા વિકલ્પ, જો કોઇ હોય તો, અને જે તે એ.ડી.આર. પદ્ધતિ માટે કેસની યોગ્યતાને ધ્યાનમાં લેશે. ન્યાયિક ચુકાદાઓ મુજબ રેફરલ ન્યાયાધીશે પતાવટની શરતો ઘડવાની અથવા આ શરતો પક્ષકારોને તેમના અવલોકનો માટે ઉપલબ્ધ કરાવવાની જરૂર નથી. રેફરલ ન્યાયાધીશે કેસની હકીકતો અને પક્ષો વચ્ચેના વિવાદના સ્વરૂપથી વાકેફ થવું જરૂરી છે અને એ.ડી.આર. માટે મોકલવા બાબતે કેસની યોગ્યતા માટે ઉદ્દેશ્યપૂર્ણ મૂલ્યાંકન કરવું જરૂરી છે.

મોકલવાનો તબક્કો

દીવાની દાવાઓમાં એ.ડી.આર. પ્રક્રિયાઓમાં મોકલવાને ધ્યાનમાં લેવા માટે યોગ્ય તબક્કો, દલીલો પૂર્ણ થયા બાદ અને મુદ્દાઓ ઘડતા પહેલાનો છે. જો કોઈ કારણોસર, અદાલતે મુદ્દાઓ ઘડતા પહેલા કેસને એ.ડી.આર. પ્રક્રિયામાં મોકલ્યો ન હોય, તો પછીના તબક્કે પણ અદાલતને મોકલવાનો વિચાર કરવાથી કોઈ અટકાવી શકે નાહિ. જોકે, સંબંધોમાં ખટરાગ પેદા કરતા અને પક્ષકારોના સંબંધો પર વધુ તાણ પેદા કરતાં આરોપો અને પ્રતિઆરોપોની સંભાવનાને ધ્યાનમાં રાખીને પારિવારિક વિવાદો અને વૈવાહિક દાવાઓમાં મધ્યસ્થી માટે આદર્શ તબક્કો સામાવાળાને નોટિસ આપ્યા પછી તરત જ અને સામાવાળા દ્વારા વાંધા/લેખિત નિવેદનો દાખલ કરતા પહેલા છે. વિવાદને એ.ડી.આર. પ્રક્રિયાઓ માટે મોકલવાનો હુકમ ફક્ત પક્ષો અને/અથવા તેમના અધિકૃત પ્રતિનિધિઓની હાજરીમાં જ પસાર કરી શકાય છે.

સંમતિ

દીવાની કાર્યરીતિ સંહિતાની કલમ ૮૯ હેઠળ, પક્ષકારો વચ્ચે અગાઉથી કોઈ લવાદી કરાર ન થયેલ હોય તેવા દાવાને લવાદ માટે મોકલવા દાવાના તમામ પક્ષકારોની સંમતિ જરૂરી છે. તેવી જ રીતે દીવાની કાર્યરીતિ સંહિતાની કલમ ૮૯ હેઠળ અદાલત સમાધાન માટે કેસ ફક્ત તમામ પક્ષકારોની સંમતિથી મોકલી શકે છે. જોકે, દીવાની કાર્યરીતિ સંહિતાની કલમ ૮૯ અને ન્યાયિક ચુકાદાઓના આધારે મધ્યસ્થી, લોક અદાલત અથવા ન્યાયિક પતાવટ માટે કેસ મોકલવા પક્ષકારોની સંમતિ ફરજિયાત નથી. મોકલવા માટે સંમતિનો અભાવ મધ્યસ્થી પ્રક્રિયાની સ્વૈચ્છિક પ્રકૃતિને અસર કરતો નથી કારણ કે પક્ષો હજુ પણ મધ્યસ્થી દરમિયાન પતાવટ માટે સંમત કે અસંમત થવાની સ્વતંત્રતા ધરાવે છે.

સુનાવણીમાં વિલંબ ટાળવો

કેસની સુનાવણીમાં વિલંબ કરીને મધ્યસ્થી માટેની જોગવાઈના કોઈપણ દુરૂપયોગને રોકવા માટે, રેફરલ ન્યાયાધીશ, મધ્યસ્થી માટે કેસ મોકલતી વખતે, ચોક્કસ તારીખે આગળની કાર્યવાહી માટે કેસને મુલતવી રાખીને નિયમો હેઠળ આપવામાં આવેલી મધ્યસ્થી પ્રક્રિયા પૂર્ણ કરવા માટે સમય આપશે અથવા જરૂરી જણાય તેવો વાજબી સમય આપશે.

મોકલવા માટે કેસોની પસંદગી

ભારતની સર્વોચ્ચ અદાલતે **એફકોન્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ અને અન્ય વિ. ચેરિયન વર્કી કન્સ્ટ્રક્શન કંપની પ્રાઇવેટ લિમિટેડ અને અન્ય**, (૨૦૧૦) ૮ સુપ્રીમ કોર્ટના કેસ ૨૪, માં ઠેરવ્યા મુજબ, કેસના સ્વરૂપને ધ્યાનમાં રાખીને, નીચેની શ્રેણીના કેસો સામાન્ય રીતે એ.ડી.આર. પ્રક્રિયા માટે અયોગ્ય માનવામાં આવે છે.

(૧) દીવાની કાર્યરીતિ સંહિતાના ઓર્ડર I રુલ ૮ હેઠળ પ્રતિનિધિ દાવાઓ જેમાં જાહેર હિત અથવા અદાલતમાં પક્ષકાર ન હોય તેવી સંખ્યાબંધ વ્યક્તિઓના હિતનો સમાવેશ થતો હોય.

(૨) જાહેર હોદ્દાઓની ચૂંટણીને લગતા વિવાદો.

(૩) તપાસ પછી અદાલત દ્વારા સત્તા આપવા સાથે સંકળાયેલા કેસો, ઉદાહરણ તરીકે, પ્રોબેટ અથવા વહીવટ પત્ર આપવા માટેના દાવાઓ.

(૪) છેતરપિંડી, દસ્તાવેજોની બનાવટ, ઉપજાવી કાઢવું, ઢોંગ કરવો વગેરેના ગંભીર અને ચોક્કસ આક્ષેપો સાથે સંકળાયેલા કેસો.

(૫) અદાલતોના રક્ષણની જરૂર હોય તેવા કેસો, ઉદાહરણ તરીકે, સગીર, દેવી-દેવતાઓ અને માનસિક રીતે વિકલાંગ સામેના દાવાઓ અને સરકાર સામે હકના જ્ઞાપન માટેના દાવાઓ.

(૬) ફોજદારી ગુનાઓ માટે કાર્યવાહીનો સમાવેશ કરતા કેસો.

અન્ય તમામ દાવાઓ અને દીવાની પ્રકૃતિના કેસો, ખાસ કરીને નીચે દર્શાવેલ શ્રેણીના કેસો (દીવાની અદાલતો અથવા અન્ય વિશેષ પંચ / મંચ ખાતે પડતર હોય તેવા) સામાન્ય રીતે એ.ડી.આર. પ્રક્રિયાઓ માટે યોગ્ય છેઃ

૧) વેપાર, વાણિજ્ય અને કરારને લગતા તમામ કેસો, જેમાં

- કરારમાંથી ઉદ્ભવતા વિવાદો (તમામ નાણાકીય દાવાઓ સહિત);

- નિર્દિષ્ટ પાલન (સ્પેસિફિક પરફોર્મન્સ)ને લગતા વિવાદો;

- સપ્લાયર્સ અને ગ્રાહકો વચ્ચેના વિવાદો;

- બેંકરો અને ગ્રાહકો વચ્ચેના વિવાદો;

- બિલ્ડર અને ગ્રાહકો વચ્ચેના વિવાદો;

- મકાનમાલિકો અને ભાડૂતો/ પરવાનો આપનાર અને પરવાનાધારક વચ્ચેના વિવાદો;

- વીમા-ધારક (ઇન્શ્યોર્ડ) અને વીમા-પ્રદાતા (ઇન્શ્યોરર) વચ્ચેના વિવાદો

૨) તણાવપૂર્ણ અથવા ખટરાગપૂર્ણ સંબંધોને કારણે ઉદ્ભવતા તમામ કેસો, જેમ કે

- વૈવાહિક બાબતો, ભરણપોષણ, બાળકના કબજા સંબંધિત વિવાદો;

- પરિવારના સભ્યો/સહ-ભાગીદારો/સહ-માલિકો વચ્ચે વિભાજન/વહેંચણીને લગતા વિવાદો; અને

- ભાગીદારો વચ્ચે ભાગીદારીને લગતા વિવાદો.

૩) વિવાદો હોવા છતાં અગાઉથી અસ્તિત્વમાં રહેલા સંબંધોને ટકાવી રાખવાની જરૂર હોય તેવા તમામ કેસો, જેમાં

- પાડોશીઓ વચ્ચેના વિવાદો (અવરજવરના અધિકારો, અતિક્રમણ, ઉપદ્રવ વગેરેને લગતા);

- નોકરીદાતાઓ અને કર્મચારીઓ વચ્ચેના વિવાદો;

- સોસાયટીઓ/સંગઠનો/એપાર્ટમેન્ટ માલિકોના સંગઠનોના સભ્યો વચ્ચે વિવાદો;

૪) અપકૃત્યને લગતી જવાબદારી બાબતના તમામ કેસો, જેમાં

- મોટર અકસ્માતો/ અન્ય અકસ્માતોમાં વળતર માટેના દાવાઓ; અને

૫) તમામ ગ્રાહક તકરારો, જેમાં

- વિવાદો જ્યાં વેપારી/સપ્લાયર/ઉત્પાદક/સેવા પ્રદાતા તેનો વ્યવસાય/વ્યાવસાયિક પ્રતિષ્ઠા અને વિશ્વસનીયતા અથવા ઉત્પાદનની લોકપ્રિયતા જાળવવા ઉત્સુક હોય.

કેસોના "યોગ્ય" અને "અયોગ્ય" વર્ગીકરણની ઉપરોક્ત ગણતરી સંપૂર્ણ અથવા મર્યાદિત નથી. તે દૃષ્ટાંતરૂપ છે જે વિવાદ/કેસને એ.ડી.આર. પ્રક્રિયામાં મોકલવા માટે તેના અધિકારક્ષેત્ર/વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરતી અદાલતો/પંચો દ્વારા ઉચિત અપવાદો અથવા વધારાને અધીન હોઈ શકે છે.

ઉપર ઉલ્લેખિત વર્ગીકરણ હોવા છતાં, રેફરલ ન્યાયાધીશે તેના તથ્યો અને સંજોગોના સંદર્ભમાં દરેક કેસની યોગ્યતાને સ્વતંત્ર રીતે ધ્યાને લેવી જોઈએ.

પક્ષકારોને મધ્યસ્થી માટે પ્રેરિત કરવા અને તૈયાર કરવા

રેફરલ નયાયાધીશ પક્ષકારોને મધ્યસ્થી દ્વારા તેમના વિવાદોને ઉકેલવા માટે પ્રેરિત કરવામાં સૌથી નિર્ણાયક ભૂમિકા ભજવે છે. જો પક્ષકારો મધ્યસ્થી માટે સંમત થવા માંગતા ન હોય તો પણ, રેફરલ નયાયાધીશ તેમને મધ્યસ્થી માટે સમજાવવા અને પ્રેરિત કરવા માટે આવા અણગમાનું કારણ શોધવાનો પ્રયાસ કરી શકે છે. રેફરલ ન્યાયાધીશે મધ્યસ્થીની વિભાવના અને પ્રક્રિયા અને તેના ફાયદાઓ અને મધ્યસ્થીના સમાધાનથી પક્ષકારોના નિહિત હિતો કેવી રીતે સંતોષાય છે તે સમજાવવું જોઈએ. જ્યારે કેસ મધ્યસ્થી માટે યોગ્ય ન હોય ત્યારે પણ રેફરલ નયાયાધીશ વિચારણા કરી શકે છે કે શું વિવાદમાં સામેલ કોઈપણ મુદ્દાને મધ્યસ્થી માટે મોકલી શકાય છે કે કેમ.

રેફરલ હુકમ

મધ્યસ્થી પ્રક્રિયા રેફરલ હુકમ દ્વારા શરૂ કરવામાં આવે છે. રેફરલ ન્યાયાધીશે મધ્યસ્થી પ્રક્રિયામાં રેફરલ હુકમનું મહત્વ સમજવું જોઈએ અને હુકમ પસાર કરવામાં અનૌપચારિક અભિગમ અપનાવવો જોઈએ નહીં. રેફરલ હુકમ એ અદાલત દ્વારા ઉલ્લેખિત મધ્યસ્થીનો પાયો છે. આદર્શ રેફરલ હુકમમાં અન્ય બાબતોની સાથે રેફરલ નયાયાધીશનું નામ, કેસ નંબર, પક્ષકારોનું નામ, કેસ દાખલ કરવાની તારીખ અને વર્ષ, સુનાવણીનો તબક્કો, વિવાદનું સ્વરૂપ, જે વૈધાનિક જોગવાઈ હેઠળ મોકલવામાં આવે છે, રેફરલ અદાલત સમક્ષ સુનાવણીની આગામી તારીખ, પક્ષકારોએ મધ્યસ્થી માટે સંમતિ આપી છે કે

કેમ, સંસ્થા/મધ્યસ્થનું નામ કે જેમને કેસ મધ્યસ્થી માટે મોકલવામાં આવ્યો છે, પક્ષકારો માટે સંસ્થા/મધ્યસ્થ સમક્ષ જાણ કરવાની તારીખ અને સમય, મધ્યસ્થી પૂર્ણ કરવાની સમય મર્યાદા, ફી/મહેનતાણાની રકમ, જો ચૂકવવાપાત્ર હોય તો, અને પક્ષકારો અને તેમના વકીલોનું સરનામું અને ટેલિફોન નંબરનો સમાવેશ થવો જોઈએ.

મધ્યસ્થી સમાપન બાદની ભૂમિકા

મધ્યસ્થી સમાપન પછી પણ રેફરલ નયાયાધીશ નિર્ણાયક ભૂમિકા ભજવે છે. વિવાદને મધ્યસ્થી માટે મોકલવામાં આવ્યો હોવા છતાં અદાલત આ બાબતે તેનું નિયંત્રણ અને અધિકારક્ષેત્ર જાળવી રાખે છે અને આનુષંગિક હુકમો પસાર કરવા માટે મધ્યસ્થીનું પરિણામ અદાલત સમક્ષ મૂકવાનું રહેશે. મધ્યસ્થના અહેવાલ પર વિચાર કરતા પહેલા રેફરલ નયાયાધીશ પક્ષકારો અથવા તેમના અધિકૃત પ્રતિનિધિની અદાલતમાં હાજરીની ખાતરી કરશે.

જો પક્ષકારો વચ્ચે કોઈ પતાવટ ન થાય તો અદાલતી કાર્યવાહી કાયદા અનુસાર ચાલુ રહેશે. મધ્યસ્થી પ્રક્રિયાની ગુપ્તતાનો ભંગ ન થાય તેની ખાતરી કરવા માટે, રેફરલ ન્યાયાધીશે સમાધાન સાધવામાં પક્ષકારોની નિષ્ફળતાના કારણો પૂછવા જોઈએ નહીં. રેફરલ ન્યાયાધીશે પક્ષકારો અથવા તેમના વકીલને અદાલતમાં આવા કારણો જાહેર કરવાની મંજૂરી આપવી જોઈએ નહીં. જોકે, પક્ષકારો વચ્ચે સમાધાનની શક્યતા બાબતે રેફરલ નયાયાધીશ વિચારણા કરી શકે છે. મધ્યસ્થી પ્રક્રિયાની ગોપનીયતા જાળવી રાખવા માટે, મધ્યસ્થી પ્રક્રિયા દરમિયાન અથવા પછી મધ્યસ્થી અંગે રેફરલ ન્યાયાધીશ અને મધ્યસ્થ વચ્ચે કોઈ વાતચીત થવી જોઈએ નહીં.

જો વિવાદ મધ્યસ્થીમાં ઉકેલાઈ ગયો હોય, તો રેફરલ ન્યાયાધીશે તપાસ કરવી જોઈએ કે પક્ષકારો વચ્ચેની સંમતિ કાયદેસર અને અમલપાત્ર છે કે કેમ. જો સંમતિ ગેરકાયદેસર અથવા અમલપાત્ર ન હોવાનું જણાય તો તેને પક્ષકારોના ધ્યાનમાં લાવવામાં આવશે અને રેફરલ ન્યાયાધીશે આવી સંમતિ પર કાર્યવાહી કરવાનું ટાળવું જોઈએ. જો સંમતિ કાયદેસર અને લાગુ કરવા યોગ્ય હોવાનું જણાય, તો રેફરલ ન્યાયાધીશે સંમતિની શરતો અને નિયમો અનુસાર કામ કરવું જોઈએ અને આનુષંગિક હુકમો પસાર કરવા જોઈએ. પક્ષકારો વચ્ચેની પતાવટના અમલીકરણમાં કોઈપણ તકનીકી અથવા પ્રક્રિયાગત મુશ્કેલીને દૂર કરવા માટે, પક્ષકારોની સંમતિ સાથે પતાવટની શરતોમાં ફેરફાર અથવા સુધારો કરવા માટે રેફરલ ન્યાયાધીશને સત્તા રહેશે.

પ્રકરણ-૧૩

મધ્યસ્થીમાં વકીલોની ભૂમિકા

એ.ડી.આર.ની પદ્ધતિ તરીકે મધ્યસ્થી એ એવી પ્રક્રિયા છે જેમાં પક્ષકારોને નિષ્પક્ષ સહાયક એટલે કે મધ્યસ્થની સહાયથી વાતચીત કરવા, વાટાઘાટો કરવા અને તેમના વિવાદોનું સમાધાન કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. મધ્યસ્થીમાં વકીલની ભૂમિકા કાર્યાત્મક દૃષ્ટિએ મુકદ્દમામાં તેની ભૂમિકાથી અલગ હોવા છતાં, મધ્યસ્થી પ્રક્રિયા દરમિયાન વકીલ દ્વારા પક્ષકારને આપવામાં આવતી સેવા એક વ્યાવસાયિક સેવા છે. મધ્યસ્થીની પ્રક્રિયામાં વકીલોની સક્રિય ભૂમિકા હોવાથી, તેમણે મધ્યસ્થીની વિભાવના અને પ્રક્રિયા તથા પક્ષકારોને મધ્યસ્થીમાં મદદ કરતી વખતે તેમના દ્વારા ભજવવામાં આવતી સકારાત્મક ભૂમિકાને જાણવી જોઈએ. વકીલની ભૂમિકા અદાલતમાં કેસ આવે તે પહેલાં જ શરૂ થઈ જાય છે અને તે મધ્યસ્થી પ્રક્રિયા દરમિયાન તથા તે બાદ પણ, વિવાદનું સમાધાન થાય કે ન થાય, ચાલુ રહે છે. વકીલોને મધ્યસ્થીની વિભાવના અને પ્રક્રિયા, મધ્યસ્થીના લાભ અને ફાયદા તથા મધ્યસ્થીની પ્રક્રિયામાં વકીલોની ભૂમિકા અંગે વાકેફ કરવા માટે જાગૃતિ કાર્યક્રમો જરૂરી છે.

મધ્યસ્થીમાં વકીલોની ભૂમિકાને ત્રણ તબક્કામાં વહેંચી શકાય છેઃ

(૧) મધ્યસ્થી પહેલા;

(૨) મધ્યસ્થી દરમિયાન; અને

(૩) મધ્યસ્થી બાદ.

(૧) મધ્યસ્થી પહેલા

જ્યારે વિવાદનો સામનો કરવાનો થાય છે અને દાદ માટે ન્યાયિક મંચમાં જવાની સંભાવના હોય છે, ત્યારે પક્ષકાર સૌ પ્રથમ વકીલનો સંપર્ક કરે છે. વકીલે સૌ પ્રથમ એ ધ્યાનમાં લેવું જરૂરી છે કે શું કોઈ પણ એ.ડી.આર. પદ્ધતિઓનો આશરો લેવાનો અવકાશ છે કે કેમ. જ્યારે મધ્યસ્થી, એ.ડી.આર.ની યોગ્ય પદ્ધતિ જણાય, ત્યારે પક્ષકારને મધ્યસ્થીના ખ્યાલ, પ્રક્રિયા અને ફાયદાઓ વિશે સમજ આપવી એ મધ્યસ્થીની તૈયારીમાં એક મહત્વપૂર્ણ તબક્કો બની જાય છે. વકીલ તેના અસીલને સહાયક તરીકે મધ્યસ્થની ભૂમિકાને સમજવામાં મદદ કરવા માટે શ્રેષ્ઠ સ્થાને છે. તે અસીલને એ સમજવામાં મદદ કરે છે કે મધ્યસ્થીનો હેતુ માત્ર વિવાદનું સમાધાન કરવાનો અને મુકદ્દમાનો નિકાલ કરવાનો નથી, પરંતુ પક્ષકારોની જરૂરિયાતોને ધ્યાનમાં લેવાનો અને તેમના નિહિત હિતોને સંતોષવા માટે સર્જનાત્મક ઉકેલો શોધવાનો પણ છે. વકીલ પક્ષકારોના પ્રતિકૂળ વલણને સહયોગી વલણમાં બદલવામાં મદદ કરી શકે છે. પક્ષકારને જાણ કરવી આવશ્યક છે કે

સંબંધના ભંગાણને લગતા વિવાદમાં, પછી ભલે તે વ્યક્તિગત, કરારગત કે વ્યાવસાયિક હોય, મધ્યસ્થી સંબંધને મજબૂત/પુનઃસ્થાપિત કરવામાં મદદ કરે છે. પક્ષકારને કાનૂની સ્થિતિ સમજવામાં અને તેના કેસના સબળ અને નિર્બળ પાસા તથા મુકદ્દમાના સંભવિત પરિણામનું મૂલ્યાંકન કરવામાં મદદ કરતી વખતે, વકીલ તેને તેની વાસ્તવિક જરૂરિયાતો અને નિહિત હિતને પ્રત્યક્ષ કરાવે છે, જે મધ્યસ્થી દ્વારા વધુ સારી રીતે સંતોષી શકાય છે.

(૨) મધ્યસ્થી દરમિયાન

મધ્યસ્થી દરમિયાન પણ વકીલોની ભૂમિકા ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. મધ્યસ્થીમાં વકીલોની સહભાગિતા મોટે ભાગે સકારાત્મક હોય છે, પરંતુ કેટલીકવાર તે અસહકારી અને નિરાશાજનક બની શકે છે. વકીલનું વલણ અને વર્તન તેના અસીલના વલણ અને વર્તનને પ્રભાવિત કરે છે. તેથી, પક્ષકારો વચ્ચે અર્થપૂર્ણ સંવાદ અને મધ્યસ્થીની સફળતા સુનિશ્ચિત કરવા માટે, વકીલોએ સકારાત્મક વલણ રાખવું જોઈએ અને મધ્યસ્થીની પ્રક્રિયામાં ભરોસો, મધ્યસ્થમાં વિશ્વાસ અને મધ્યસ્થ તેમજ અન્ય પક્ષકાર અને તેમના વકીલ માટે આદર દર્શાવવો જોઈએ. વકીલે પોતે મધ્યસ્થ દ્વારા સમજાવવામાં આવેલ મધ્યસ્થીના પાયાના નિયમોનું પાલન કરવું જોઈએ અને પક્ષકારને પણ તેનું પાલન કરવાની સલાહ આપવી જોઈએ. વકીલે હકીકતો, કાયદા અને પૂર્વનિર્ણયો સાથે તૈયાર રહેવું જોઈએ. સાથે સાથે, તેણે પક્ષકારને મધ્યસ્થ સમક્ષ પોતાનો કેસ રજૂ કરવા માટે તૈયાર અને પ્રોત્સાહિત કરવા જોઈએ. પક્ષકાર હંમેશા સંપૂર્ણ અને ખરી હકીકતો જણાવવા કે સંબંધિત દસ્તાવેજોનો સંદર્ભ લેવા માટે સક્ષમ ન હોઈ શકે તે ધ્યાનમાં રાખીને, વકીલે તે ઉપલબ્ધ કરવા સતર્ક અને જાગૃત રહેવું જોઈએ. BATNA / WATNA / MLATNA વિશ્લેષણનો ઉપયોગ કરીને વાસ્તવિકતા-પરીક્ષણની મદદથી, વકીલે પક્ષકારોના કેસ અને મધ્યસ્થીની પ્રગતિનું સતત મૂલ્યાંકન કરવું જોઈએ અને પક્ષકારને સ્થિતિ, અભિગમ, માંગણીઓ અને બાંધછોડની હદમાં ફેરફાર કરવાની સલાહ આપવા માટે તૈયાર રહેવું જોઈએ. જ્યારે વકીલ(લો) સાથે પેટા-સત્ર યોજવું જરૂરી જણાય, ત્યારે મધ્યસ્થ, વકીલ(લો) સાથે આવા સત્રનું આયોજન કરી શકે છે અને વકીલ(લો)એ પ્રક્રિયાને આગળ વધારવા અને સમાધાન પર પહોંચવા માટે મધ્યસ્થને સહકાર આપવો જોઈએ. વકીલ(લો) સાથે આવા પેટા-સત્રો પક્ષકાર અથવા વકીલની વિનંતી પર પણ મધ્યસ્થ દ્વારા હાથ ધરવામાં આવી શકે છે. વકીલ પક્ષકારો વચ્ચે સમાધાનને અંતિમ સ્વરૂપ આપવા અને તેનો મુસદ્દો તૈયાર કરવામાં ભાગ લે છે. તેણે સુનિશ્ચિત કરવું જોઈએ કે નોંધવામાં આવેલ સમજૂતી સંપૂર્ણ, સ્પષ્ટ અને અમલપાત્ર છે. તેણે તેના અસીલને પણ સમજાવવું જોઈએ અને તેમને સમજૂતીની દરેક શરત અંગે સમજ કરવી જોઈએ.

(૩) મધ્યસ્થી બાદ

મધ્યસ્થીના સમાપન બાદ પણ વકીલ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જો કોઈ સમાધાન ન થયું હોય, તો તેણે પક્ષકારને મુકદ્દમો કરવા અથવા અન્ય એ.ડી.આર. પદ્ધતિની પસંદગી કરવા સહાય અને માર્ગદર્શન આપવા જરૂરી છે.

જો પક્ષકારો વચ્ચે મધ્યસ્થી સમક્ષ સમાધાન થઈ ગયું હોય, તો વકીલની જવાબદારી છે કે તે તેના અસીલને તેમના નિર્ણયની યોગ્યતા વિશે આશ્વસ્ત કરે અને વિચાર પરિવર્તન ન કરવા સલાહ આપે. સમાધાનની ભાવનાને ટકાવી રાખવા અને કાયમ કરવા માટે, વકીલે સમાધાનના અનુસંધાને પસાર કરવામાં આવેલ હુકમ/હુકમનામાના અમલમાં અદાલતને સહકાર આપવો જોઈએ.

પ્રકરણ-૧૪

મધ્યસ્થીમાં પક્ષકારોની ભૂમિકા

મધ્યસ્થી એ એક એવી પ્રક્રિયા છે જેમાં પક્ષકારોની, તેમના વિવાદની સૌહાર્દપૂર્ણ પતાવટમાં પ્રત્યક્ષ, સક્રિય અને નિર્ણાયક ભૂમિકા હોય છે.

પક્ષકારોને તેમના વકીલ અને તટસ્થ મધ્યસ્થની સહાય મળે છે, તેમ છતાં અંતિમ નિર્ણય પક્ષકારોનો હોય છે. જ્યાં સુધી પક્ષકારોની વાત છે, મધ્યસ્થીની સમગ્ર પ્રક્રિયા સ્વૈચ્છિક છે. જોકે, મધ્યસ્થી માટે કેસ મોકલવા પક્ષકારોની સંમતિ ફરજિયાત નથી અને પક્ષકારોએ મધ્યસ્થતીમાં ભાગ લેવો જરૂરી છે, મધ્યસ્થી સ્વૈચ્છિક છે કારણ કે પક્ષકારો એ નક્કી કરવાનો તેમનો અધિકાર જાળવી રાખે છે કે વિવાદની સૌહાર્દપૂર્ણ રીતે પતાવટ થવી જોઈએ કે નહીં અને પતાવટની શરતો શું હોવી જોઈએ. ન તો મધ્યસ્થી કે ન તો વકીલો પક્ષકારો માટે નિર્ણય લઈ શકે છે અને તેઓએ પક્ષકારોના સ્વ-નિર્ધારણના અધિકારને સ્વીકારવો અને માનવો જોઈએ.

મધ્યસ્થીની પ્રક્રિયા દરમિયાન પક્ષકારોએ તેમના અધિકાર અથવા કાયદાકીય તકનીકીઓને બદલે તેમના હિતો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

પક્ષકારો મધ્યસ્થી બાબતે વકીલોની સેવાઓ મેળવવા માટે સ્વતંત્ર છે.

મધ્યસ્થી એ સમાધાન માટે વાતચીત કરવા, બીજાને સમજાવવા અને પોતે સમજવા વિશે છે. તેથી, દરેક પક્ષકારે અન્ય પક્ષકારને તેના મંતવ્યની જાણ કરવી જરૂરી છે અને બદલામાં આવા મંતવ્યો મેળવવા માટે તૈયાર રહેવું જોઈએ. બોલવું અને સાંભળવું બંને સમાન રીતે મહત્વપૂર્ણ છે. દલીલ કરવા અને હરાવવા માટેનો પ્રયાસ ન હોવો જોઈએ, પરંતુ જાણવાનો અને જણાવવાનો પ્રયાસ હોવો જોઈએ. પક્ષકારોએ તેમની સ્થિતિ બદલવી પડી શકે છે અને તેને તેમના શ્રેષ્ઠ હિત સાથે સંરેખિત કરવી પડી શકે છે.

મધ્યસ્થી પ્રક્રિયામાં, મધ્યસ્થમાં વિશ્વાસ રાખવો આવશ્યક છે. તેથી, મધ્યસ્થ એવી વ્યક્તિ હોવી જોઈએ કે જે પક્ષકારોનો વિશ્વાસ જાળવી રાખે.

મધ્યસ્થીમાં પક્ષકારો વચ્ચે યોગ્ય રીતે થયેલી સમજૂતી પક્ષકારો માટે બંધનકર્તા છે અને પક્ષકારો સમાધાનની શરતોમાં પસાર કરાયેલા હુકમ/હુકમનામા અમલીકરણમાં સહકાર આપવા માટે બંધાયેલા છે.

MEDIATION AND CONCILIATION PROJECT COMMITTEE

SUPREME COURT OF INDIA